# અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654




પેજ-08
સોનાક્ષી સિંહાએ 'દબંગ'ની કાસ્ટિંગનો કિસ્સો શેર કર્યો


પેજ-09
ટેસ્ટ સિરીઝ વચ્ચે ગંભીર છોડશે ટીમ ઇન્ડિયાનો સાથ




**હવામાન**

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અમદાવાદ | 29.00 | 18.00 |
| વડોદરા | 30.00 | 17.00 |
| સુરત | 31.00 | 20.00 |


પેજ 5




એસ્સાર ગ્રૂપના પ્રણેતા અને મોભી શશિકાંત રૂઈયાનું...


27 NOVEMBER-2024 WEDNESDAY


બાંગ્લાદેશ ઇસ્કોનના ચિન્મય પ્રભુને છોડાવવા માટે પ્રદર્શન




પેજ 10


**શેરબજાર**

| | | | |
|---|---|---|---|
| સેન્સેક્સ | 80004.06 | ▼ | 105.79 |
| નિફ્ટી | 24194.50 | ▼ | 27.40 |
| સોનું | 75,041.00 | ▼ | 270.00 |
| ચાંદી | 87,774.00 | ▲ | 75.00 |


વર્ષ-14 । અંક-010 । વિક્રમ સંવત-2081 । કારતક વદ-12 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક


### સુપ્રીમ કોર્ટના કાર્યક્રમમાં બોલ્યા વડાપ્રધાન મોદી : બંધારણે ઈમરજન્સી જોઈ અને તેનો સામનો કર્યો આ તેની તાકાત છે


# જમ્મુ કાશ્મીરમાં પહેલીવાર મનાવાયો બંધારણ દિવસ

(એજન્સી) નવી દિલ્હી । તા. 26

75માં બંધારણ દિવસ પર વડાપ્રધાન મોદી મંગળવારે (26 નવેમ્બર) સુપ્રીમ કોર્ટના એક કાર્યક્રમમાં પહોંચ્યા હતા. આ દરમિયાન કાર્યક્રમને સંબોધિત કરતા તેમણે કહ્યું હતું કે, 'ભારતીયોને તાત્કાલિક ન્યાય મળે, તેના માટે નવી ન્યાય સંહિતા લાગૂ કરવામાં આવી છે. દંડ આધારિત વ્યવસ્થા હવે ન્યાય આધારિત વ્યવસ્થામાં બદલાઈ ચૂકી છે. જમ્મુ કાશ્મીરમાં પહેલીવાર બંધારણ દિવસ મનાવવામાં આવ્યો.' વડાપ્રધાન મોદીએ કહ્યું કે, 'આપણું બંધારણ દેશની તમામ અપેક્ષાઓ અને જરૂરિયાતો પૂરી પાડે છે. બંધારણની તાકાતના કારણે આજે બાબા સાહેબનું બંધારણ જમ્મુ કાશ્મીરમાં સંપૂર્ણ રીતે લાગૂ થઈ ચૂક્યું છે. પહેલીવાર જમ્મુ કાશ્મીરમાં બંધારણ દિવસ મનાવવામાં આવ્યો. આજે ભારત પરિવર્તનના એક મોટા તબક્કામાંથી પસાર થઈ રહ્યું છે અને ભારતનું બંધારણ આપણને રસ્તો બતાવી રહ્યું છે. આ આપણા માટે એક માર્ગદર્શક બની ગયું છે.'

### બંધારણના નિર્માતાઓના વખાણ કરીને બોલ્યા વડાપ્રધાન મોદી

સુપ્રીમ કોર્ટના કાર્યક્રમમાં વડાપ્રધાન મોદીએ કહ્યું કે, 'આપણા બંધારણ નિર્માતા એ જાણતા હતા કે ભારતની આકાંક્ષાઓ, ભારતના સપના સમયની સાથે નવી ઊંચાઈઓ પર પહોંચશે. તેઓ જાણતા હતા કે આઝાદ ભારત તરફ ભારતના નાગરિકોની જરૂરિયાતો બદલાશે, પડકારો બદલાશે. એટલા માટે તેમણે આપણા બંધારણને માત્ર કાયદાનું એક પુસ્તક બનાવીને નથી રાખ્યું, પરંતુ તેને એક જીવંત અને નિરંતર વહેતી ધારા બનાવી.'



### બંધારણ દિવસ પર એક મંચ પર જોવા મળ્યા મોદી-રાહુલ, હવે સંસ્કૃત અને મૈથિલીમાં પણ બંધારણ

દેશના બંધારણના 75 વર્ષ પૂરા થવા પર જૂની સંસદના સેન્ટ્રલ હોલમાં એક ખાસ કાર્યક્રમ યોજાયો હતો. તેમાં રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ, ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ, લોકસભા સ્પીકર ઓમ બિરલા પણ હાજર હતા. આ કાર્યક્રમની થીમ આપણું બંધારણ, આપણું સ્વાભિમાન હતું. આ ઈવેન્ટમાં પહેલીવાર પીએમ નરેન્દ્ર મોદી અને લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધી એક જ મંચ પર સાથે બેઠેલા જોવા મળ્યા હતા. આ સિવાય કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે, બીજેપી અધ્યક્ષ જેપી નડ્ડા, સંસદીય કાર્ય મંત્રી કિરેન રિજિજુ, રાજ્યસભાના ડેપ્યુટી સ્પીકર હરિવંશ પણ હાજર હતા.

### PMના સંબોધનની ખાસ વાતો...

» ડૉ. રાજેન્દ્ર પ્રસાદે બંધારણ સભામાં તેમના ભાષણમાં કહ્યું હતું કે ભારતને 50 પ્રામાણિક લોકોના સમૂહની જરૂર છે, જેઓ દેશના હિતને પોતાનાથી ઉપર રાખે. નેશન ફર્સ્ટની આ ભાવના ભારતીય બંધારણને આવનારા ઘણા વર્ષો સુધી જીવંત રાખશે.

» મેં બંધારણ દ્વારા મને જે ગરિમા પૂછવામાં આવી છે તેનું પાલન કરવાનો પ્રયાસ કર્યો છે. મેં તેના પર અતિક્રમણ કરવાનો પ્રયાસ કર્યો નથી.

» એક સમય એવો હતો જ્યારે વરિષ્ઠ નાગરિકોને તેઓ જીવિત હોવાનું સાબિત કરવા બેંકોમાં જવું પડતું હતું. આજે વરિષ્ઠ નાગરિકો ડિજિટલ જીવન પ્રમાણપત્રની સુવિધાનો લાભ લઈ રહ્યા છે.

» બંધારણની મૂળ નકલમાં ભગવાન રામ અને માતા સીતાની તસવીરો છે. ચિત્રો ભારતીય સંસ્કૃતિના પ્રતિક છે જેથી તે આપણને માનવીય મૂલ્યોની યાદ અપાવી શકે. આ માનવીય મૂલ્યો આજના ભારતની નીતિઓ અને નિર્ણયોનો આધાર છે.

**26/11ના હુમલાને પણ યાદ કર્યો :** 26 નવેમ્બરે મુંબઈમાં થયેલા આતંકવાદી હુમલાની યાદ અપાવતા વડાપ્રધાન મોદીએ કહ્યું કે, 'લોકશાહીના આ મહત્ત્વપૂર્ણ પર્વનું આપણે જ્યારે સ્મરણ કરીએ છીએ, ત્યારે એ પણ ન ભૂલીએ કે આજના દિવસે મુંબઈમાં થયેલા આતંકવાદી હુમલાની વરસી છે. આ હુમલામાં જે લોકોના નિધન થયા, તેમને હું શ્રદ્ધાંજલિ પાઠવું છું.

### હવે રેપર બાદશાહ લોરેન્સ બિશ્નોઈના નિશાને !

## ચંદીગઢમાં 2 ક્લબની બહાર બ્લાસ્ટ થયા, તેમાંથી એક ક્લબ બાદશાહની

### ઘટનાના સમયે બંધ હતાં ક્લબ : ખંડણીની શંકા

(એજન્સી) ચંદીગઢ । તા. 26

ચંદીગઢમાં મંગળવારે સવારે બે નાઈટ ક્લબની બહાર બ્લાસ્ટ થવાથી સનસની ફેલાઈ ગઈ. ચંદીગઢના સેક્ટર 26 માં સેવિલે બાર એન્ડ લાઉન્જ અને ડિઓરા ક્લબની બહાર બાઈક સવાર બે નકાબધારીએ બોમ્બ ફેંક્યા અને ઘટના સ્થળેથી ફરાર થઈ ગયા. સેવિલે બાર એન્ડ લાઉન્જ ક્લબમાં ફેમસ રેપર બાદશાહની ભાગીદારી છે. બ્લાસ્ટના કારણે ક્લબની બહાર લાગેલા કાચ તૂટી ગયા. પોલીસ તપાસમાં જાણ થઈ કે ક્લબોની બહાર દેશી બોમ્બ ફેંકવામાં આવ્યા હતા જેની તીવ્રતા ઓછી હતી, ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી. પોલીસ અને ફોરેન્સિક ટીમે ઘટના સ્થળેથી સેમ્પલ લીધા છે. રાજધાની ચંદીગઢમાં આ દુર્ઘટના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના પ્રવાસ પહેલા થઈ જેથી સુરક્ષા વ્યવસ્થાઓ પર સવાલ ઊભા થઈ ગયા છે. વડાપ્રધાન મોદી 3 ડિસેમ્બરે ચંદીગઢ જઈ રહ્યાં છે.



### ગોલ્ડીએ લખ્યું- પ્રોટેક્શન મની નથી આપ્યા એટલે કાન ખોલ્યા


ગોલ્ડી બરારને ટાંકીને એક સોશિયલ મીડિયા પોસ્ટમાં લખવામાં આવ્યું છે કે 'લોરેન્સ ગેંગના ગોલ્ડી બરાર અને રોહિત ગોદારા 2 બ્લાસ્ટની જવાબદારી લે છે.' આ બંને ક્લબના માલિકોને પ્રોટેક્શન મની માટે મેસેજ કરવામાં આવ્યો હતો, પરંતુ તેમણે અમારા મેસેજને નકાર્યા. તેમના કાન ખોલવા માટે આ ધડાકા કરવામાં આવ્યા હતા. જે કોઈ અમારા કોલ્સને અવગણી રહ્યું છે તેણે સમજી લેવું જોઈએ કે આનાથી મોટું કંઈક થઈ શકે છે.

## ભલે માઈક બંધ કરી દો, હું તો બોલીશ જ... : રાહુલ ગાંધી

### ચાલુ કાર્યક્રમમાં રાહુલ ગાંધીનું માઈક બંધ, રાહુલે કહ્યું- જે દલિતો વિશે વાત કરશે તેનું માઈક બંધ થશે

(એજન્સી) નવી દિલ્હી । તા. 26

રાહુલ ગાંધીએ કહ્યું કે જ્યાં પણ અમારી સરકાર આવશે અમે ત્યાં જાતિની વસ્તી ગણતરી કરીશું. અમે તેલંગાણામાં આ કરી રહ્યા છીએ. રાહુલે દિલ્હીના તાલકટોરા સ્ટેડિયમમાં આયોજિત સંવિધાન રક્ષક કાર્યક્રમ દરમિયાન આ વાત કહી હતી. વિપક્ષના નેતાના ભાષણ દરમિયાન તેમનું માઈક બંધ થઈ ગયું હતું. રાહુલે કહ્યું કે ભારતની વસ્તી ગણતરી પર નજર કરીએ તો 15 ટકા દલિત છે, 15 ટકા લઘુમતીઓ છે, પરંતુ કેટલા પછાત વર્ગના છે તે ખબર નથી. પછાત વર્ગ 50 ટકાથી ઓછો નથી. 15 ટકા દલિત, 8 ટકા આદિવાસી, 15 ટકા લઘુમતી. ભારતની 90 ટકા વસ્તી આ વર્ગોમાંથી આવે છે.



**આખી સિસ્ટમ દલિતો, પછાત વર્ગો અને આદિવાસીઓ સામે ઊભી છે :** અહીં પાછળ રોહિત વેમુલાજીની તસવીર છે, તેઓ બોલવા માંગતા હતા, તેઓ ચૂપ થઈ ગયા. દરરોજ આદિવાસી, દલિત અને પછાત વર્ગના યુવાનો ડૉક્ટર-એન્જિનિયર બનવાના, મીડિયામાં જવાના, અધિકારી બનવાનાં સપનાં જુએ છે, પરંતુ સત્ય એ છે કે દેશની આખી સિસ્ટમ પછાત વર્ગો, દલિતો અને આદિવાસીઓ વિરુદ્ધ ઊભી છે. જો આવું ન થયું હોત તો મીડિયામાં ઓબીસી-દલિત વર્ગના પત્રકારો, એન્કર અને માલિકો જોયા હોત.

## રાહુલ ગાંધી સંભલ જશે, સમગ્ર વિસ્તારમાં તણાવભરી સ્થિતિ

(એજન્સી) નવી દિલ્હી । તા. 26

જામા મસ્જિદના સર્વે દરમિયાન થયેલી હિંસામાં પાંચ લોકોના મોત થઈ ગયા છે. આ હિંસા બાદ સમગ્ર વિસ્તારમાં તણાવનો માહોલ છે. સમગ્ર વિસ્તાર પોલીસ છાવણીમાં ફેરવાઈ ગયો છે. સમાજવાદી પાર્ટી અને કોંગ્રેસ સહિત વિપક્ષી પાર્ટીઓ આ હિંસા માટે ભાજપ સરકાર અને પોલીસ પ્રશાસનને જવાબદાર ઠેરવી રહી છે. આ વચ્ચે હવે મોટા સમાચાર આવ્યા છે કે કોંગ્રેસ સાંસદ રાહુલ ગાંધી હિંસા પ્રભાવિત સંભલની મુલાકાતે જશે. અહેવાલો પ્રમાણે રાહુલ ગાંધી ટૂંક સમયમાં સંભલની મુલાકાતે જશે. હવે આ સૂચના મળતા જ પોલીસે હાઈવે પર નાકાબંધી કરી છે. દિલ્હીથી આવતા વાહનોનું સઘન ચેકિંગ કરવામાં આવી રહ્યું છે. હસનપુર એસડીએમ સુનીતા સિંહ, સીઓ શ્વેતાભ ભાસ્કર અને ઈન્સ્પેક્ટર સુધીર કુમારના નેતૃત્વમાં પોલીસ સ્ટેશને બ્રજઘાટ પોલીસ ચોકીની સામે બેરિયર લગાવીને વાહનોની તપાસ શરૂ કરી દીધી છે. અધિકારીઓએ જણાવ્યું કે, માહિતી મળ્યા બાદ સ્થાનિક ગુપ્તચર વિભાગ પણ ઘટના પર સતત નજર રાખી રહ્યું છે.

### કોંગ્રેસે કરી મોટી જાહેરાત

## બેલેટ પેપરથી ચૂંટણી કરાવવા માટે દેશભરમાં ચલાવાશે અભિયાન

મહારાષ્ટ્ર ચૂંટણી બાદ વિપક્ષે ફરીવાર EVM પર સવાલ ઊઠાવ્યા

(એજન્સી) નવીદિલ્હી । તા. 26

કોંગ્રેસે બેલેટ પેપર દ્વારા ચૂંટણી કરાવવાની માંગ માટે દેશવ્યાપી અભિયાન ચલાવવાની જાહેરાત કરી છે. કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ મંગળવારે (26મી નવેમ્બર) આ જાણકારી આપી. તેમણે કહ્યું કે, 'અમે ઈચ્છીએ છીએ કે ચૂંટણી બેલેટ પેપરથી જ થાય અને તેના માટે અમે ભારત જોડ યાત્રાની તર્જ પર દેશભરમાં પ્રચાર કરીશું.' કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ જણાવ્યું હતું કે, 'હું એક વાત કહીશ કે ઓબીસી, એસસી, એસટી અને નબળા વર્ગના લોકો તેમની પૂરેપૂરી તાકાતથી જે મત આપી રહ્યા છે તેનો વ્યય થઈ રહ્યો છે. અમે કહીએ છીએ કે બધું છોડી દો અને બેલેટ પેપર દ્વારા મતદાન કરવાની માંગ કરીએ છીએ. અમદાવાદમાં ઘણા વેરહાઉસ બનેલા છે, ત્યાં મશીનો લઈ જઈને રાખવા જોઈએ. અમારી એક જ માંગ છે કે ચૂંટણી બેલેટ પેપરથી થવી જોઈએ. જો આમ થશે તો આ લોકોને ખબર પડશે કે તેઓ ક્યાં ઊભા છે.' મલ્લિકાર્જુન ખડગેએ જાતિ ગણતરીનો મુદ્દો પણ ઉઠાવ્યો હતો.

### શિંદેએ નમતું ન જોખતા PM મોદી લેશે અંતિમ નિર્ણય!

## દિલ્હી સુધી પહોંચ્યો મહારાષ્ટ્રના CMનો વિવાદ

(એજન્સી) મુંબઇ । તા. 26

મહારાષ્ટ્રમાં મહાયુતિની જીત બાદ મુખ્યમંત્રી પદનો મામલો ગરમાયો છે. મહારાષ્ટ્રમાં સીએમ પદનો વિવાદ દિલ્હી સુધી પહોંચ્યો છે. ભાજપ પાસે 132 બેઠકોની બહુમતી હોવાથી લોકોને વિશ્વાસ છે કે, મુખ્યમંત્રી પદ ફડણવીસને સોંપવામાં આવશે. પણ શિંદે આ મામલે નમતું મુકવા માગતા નથી. શિવસેના પ્રમુખ એકનાથ શિંદે મહારાષ્ટ્રના મુખ્યમંત્રી પદ છોડવા નથી માંગતા. સૂત્રોના અનુસાર, એકનાથ શિંદે જૂથે અજિત પવાર જૂથનો સંપર્ક કરીને મુખ્યમંત્રી પદ માટે સમર્થન માગ્યું છે. સોમવારે (25 નવેમ્બર) શિંદે જૂથ અને અજિત પવાર જૂથ વચ્ચે અંદાજિત એક કલાક સુધી ચર્ચા ચાલી. સૂત્રોના અનુસાર, અજિત પવાર જૂથે આના પર કોઈ નિર્ણય નથી લીધો.



**વડાપ્રધાન સમક્ષ માગ કરાશે :** શિંદેના નેતાઓએ દાવો કર્યો છે કે, 'શિંદેની આગેવાનીમાં ચૂંટણી લડી હતી, તેથી જીત બાદ તેમને જ મુખ્યમંત્રી બનાવવા જોઈએ. શિંદે સેનાના સાંસદો અને પૂર્વ સાંસદોએ વડાપ્રધાન મોદી સાથે મુલાકાત કરવાની અપોઈન્ટમેન્ટ લીધી છે. તેઓ તેમની સમક્ષ શિંદેને મુખ્યમંત્રી બનાવવા માગ કરશે.'

**એકનાથ શિંદેએ રાજીનામું આપ્યું :** એકનાથ શિંદેએ આજે રાજ્યપાલને મુખ્યમંત્રી પદ પરથી રાજીનામું સોંપ્યું હતું. શિંદેએ નવા મુખ્યમંત્રી શપથ ન લે ત્યાં સુધી શિંદેને કાર્યકારી મુખ્યમંત્રી તરીકે સેવાઓ આપવા આદેશ કર્યો છે. 26 નવેમ્બરે મહારાષ્ટ્ર વિધાનસભાનો કાર્યકાળ પૂર્ણ થયો છે. આજે સાંજ સુધીમાં મુખ્યમંત્રી પદ માટે નામ જાહેર થઈ શકે છે.

**સીએમ પદ પર કોઈ વિવાદ નહીં :** મુંબઈમાં શિવસેના ધારાસભ્યોની ઉપસ્થિતિમાં દિપક કેસરકરે જણાવ્યું હતું કે, 'મુખ્યમંત્રી પદ મુદ્દે કોઈ વિવાદ નથી. તેમણે કહ્યું કે, સંગઠન મજબૂત કરવા માટે બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. કેસરકરે જણાવ્યું હતું કે, ત્રણ પક્ષો વચ્ચે મજબૂત એકતા છે. એકનાથ શિંદેએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન મોદી અને અમિત શાહ જે પણ નિર્ણય લેશે, તમામ લોકો તેમને સમર્થન આપશે.'



## છત્તીસગઢમાં માલગાડીના 23 ડબ્બા પાટા પરથી ઉતરી ગયા

(એજન્સી) રાયપુર । તા. 26

છત્તીસગઢના ગૌરેલા-પેન્ડ્રા-મારવાહી જિલ્લામાં મંગળવારે કોલસા ભરેલી માલગાડી પાટા પરથી ઉતરી ગઈ હતી. એન્જિન સહિત 23 કોચ પાટા પરથી ઉતરી જતા પલટી ગયા. માલગાડી બિલાસપુર તરફ જઈ રહી હતી ત્યારે ભનવારટંક રેલવે સ્ટેશન પાસે અકસ્માત સર્જાયો હતો. અકસ્માતની જાણ થતાં જ રેલવે કર્મચારીઓ અને અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. બચાવ કાર્ય શરૂ થઈ ગયું છે. માલગાડીના ડબ્બા પલટી જવાને કારણે ટ્રેક પર કોલસાનો ઢગલો થઈ ગયો હતો.

**ટ્રેક પર કોલસાનો ઢગલો થયો, 6 ટ્રેનો રદ : 9ના રૂટ ડાયવર્ટ**

### બેલેટ પેપરથી મતદાન પર સુપ્રીમ કોર્ટની ફટકાર

## તમે ચૂંટણી હારો તો ઈવીએમ સાથે ચેડાં અને જીતો તો...

(એજન્સી) નવીદિલ્હી । તા. 26

સુપ્રીમ કોર્ટે મંગળવારે ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીનના બદલે બેલેટ પેપર મારફત ચૂંટણી કરાવવાની માગ કરતી અરજી ફગાવી દીધી છે. તેમજ ફટકાર લગાવી હતી કે, 'જ્યારે તમે ચૂંટણી હારી જાઓ છો, ત્યારે ઈવીએમ સાથે ચેડાં થઈ જાય છે. અને જીતો તો કોઈ ફરિયાદ કરતાં નથી.' ખ્રિસ્તી ધર્મના પ્રચારક તથા પોતાને રાજકીય વિશ્લેષક ગણાવતાં કે.એ પોલ દ્વારા કરવામાં આવેલી અરજીમાં લોકતંત્રની રક્ષા માટે ફરીથી બેલેટ પેપર મારફત ચૂંટણી કરવાની જરૂરિયાત દર્શાવાઈ હતી. અરજદારે કહ્યું કે, 'આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી ચંદ્રબાબુ નાયડૂ, પૂર્વ મુખ્યમંત્રી જગન મોહન રેડ્ડીએ પણ દાવો કર્યો હતો કે, ઈવીએમને હેક કરી શકાય છે. ઈલોન મસ્કે પણ ઈવીએમ હેક થતુ હોવાનો દાવો કર્યો હતો.'



**અરજદારે કેવો દાવો કર્યો?** અરજદાર કે.એ. પોલે સુપ્રીમ કોર્ટ સમક્ષ દલીલ કરી હતી કે, 'આ એક PIL છે. હું એવા સંગઠનનો અધ્યક્ષ છું કે, જે 3 લાખથી વધુ અનાથો અને 40 લાખ વિધવાઓની મદદ કરે છે. બેન્ચે આ મુદ્દે ફટકાર લગાવ્યો કે, 'તો તમે રાજકારણમાં કેમ ઉતર્યા છો? તમારૂ કાર્યક્ષેત્ર તદ્દન અલગ છે.' પોલ દ્વારા બીજી દલીલ કરવામાં આવી કે, 'તે 150થી વધુ દેશોમાં પ્રવાસ કરી ચૂક્યો છે.

**સુપ્રીમ કોર્ટે શું કહ્યું?** સુપ્રીમ કોર્ટની બેન્ચે અરજી ફગાવતાં કહ્યું કે, 'જ્યારે ચંદ્રબાબુ નાયડૂ કે રેડ્ડી હારી જાય છે, તો તેઓ ઈવીએમ સાથે ચેડાં થયા હોવાનો દાવો કરે છે, પરંતુ જ્યારે જીતે છે, ત્યારે કઈ કહેતા નથી. અમે આવુ બેવડું વલણ કેવી રીતે ચલાવી લઈએ? આ અરજીને અમે રદ કરીએ છીએ.' જસ્ટિસ નાથે જણાવ્યું કે, 'આ એ સ્થળ નથી કે, જ્યાં તમે વિવાદ કરી શકો.'

**ચૂંટણી પંચને કડક વલણ અપનાવવા માગ :** અરજીમાં બેલેટ પેપરથી મતદાન કરવા ઉપરાંત અનેક દિશા-નિર્દેશોની માગ કરવામાં આવી હતી. જેમાં ચૂંટણી પંચને કડક વલણ અપનાવવા માગ કરાઈ છે. જો કોઈ ઉમેદવાર ચૂંટણી દરમિયાન મતદાતાઓને પૈસા, દારૂ કે અન્ય ભૌતિક સાધનોની લાંચ આપતો ઝડપાય તો તેને ઓછામાં ઓછા પાંચ વર્ષ સુધી અયોગ્ય જાહેર કરવામાં આવે.

## સિનિયર આર્મી ઓફિસરનો રિપોર્ટ- મહિલા COs ઘણી ફરિયાદી : ઈગો પ્રોબ્લેમ

(એજન્સી) નવી દિલ્હી । તા. 26

ભારતીય સેનાના એક વરિષ્ઠ અધિકારીએ મહિલા કમાન્ડિંગ ઓફિસર્સ (COs)ની કામગીરીની સમીક્ષા કર્યા બાદ કહ્યું કે તેઓ ઘણી ફરિયાદ કરે છે. આ અહેવાલ 26 નવેમ્બરે મીડિયામાં આવ્યો હતો. એવો દાવો કરવામાં આવ્યો છે કે, આ રિપોર્ટ લેફ્ટનન્ટ જનરલ રાજીવ પુરીએ તૈયાર કર્યો છે, જેમણે 17 કોર્પ્સમાં પોતાનો કાર્યકાળ પૂરો કર્યો છે, જે 1 ઓક્ટોબરના રોજ ઈસ્ટર્ન કમાન્ડના કમાન્ડર-ઈન-ચીફને પત્રના રૂપમાં મોકલવામાં આવ્યો હતો. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે, મહિલા COsને અહંકારની સમસ્યા હોય છે. તેઓ નાની વસ્તુઓની ઉજવણી કરે છે. તેનું વર્તન જુનિયરો માટે 'ટોક્સિક' રહે છે. આ અહેવાલ સામે આવ્યા બાદ સેનાની અંદર અને બહાર ચર્ચા શરૂ થઈ ગઈ છે.

### રિપોર્ટમાં મહિલા COs પર ફિડબેક

1. મહિલા કમાન્ડરો ઓછી સંવેદનશીલ રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે, 'મહિલા CO તેમના અધિકારીઓ, જુનિયર અને સૈનિકો પ્રત્યે ઓછી સંવેદનશીલ હોય છે. મહિલા કમાન્ડરો પોતાની અને તેમના જુનિયરો વચ્ચેના કોઈપણ મતભેદને તેમના આદેશની અવહેલના માને છે.
2. જુનિયરો માટે સારું વર્તન નથી અહેવાલ મુજબ, એક મહિલા કમાન્ડરે તેના સુબેદાર મેજરને આદેશ આપ્યો હતો કે તે જ્યારે પણ આવે ત્યારે તેના વાહનનો દરવાજો ખોલે. જ્યાં સુધી એસએમ દરવાજો ખોલવા માટે ન આવે ત્યાં સુધી મહિલા અધિકારી તેમની કારમાં જ બેસી રહે છે.
3. CO જુનિયરના કામ માટે ક્રેડિટ લે છે લેફ્ટનન્ટ જનરલ પુરીએ પત્રમાં લખ્યું, 'ઘણા પ્રસંગોએ મહિલા CO પણ તેમના જુનિયર્સને અપમાનજનક રીતે સંબોધિત કરે છે, જેના કારણે ઘણા યુનિટમાં વાતાવરણ બગડી ગયું છે. તેઓ જુનિયરના કામનો શ્રેય લે છે.'
4. પુરુષો જેવી તાલીમ નથી, એટલે સમસ્યાઓ રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે, 'પુરુષ અધિકારીઓ COના પદ પર જોડાતા પહેલા સખત તાલીમમાંથી પસાર થાય છે.

# હાલોલ-વડોદરા જાહેર માર્ગના કટથી વાહનચાલકોમાં અકસ્માતનો ભય


કિરણ રોહીડા : જરોદ



જરોદ નગર પરથી પ્રસાર થતાં રાજ્ય ધોરીમાર્ગ હાલોલ થી વડોદરા ના જાહેર માર્ગો ના કટ પરથી રોંગ સાઇડ નીકળી વડોદરા તરફ ના સર્વીસ માર્ગે શોર્ટકટ માં વહેલાં નીકળવા માટે વાહન ચાલકો ના રોજીંદા નાના મોટા અકસ્માતો થતાં દિન પ્રતિદિન તે કટ અક્સ્માત ઝોન માં તબદીલ થતાં ટોલ રોડ કંપની દ્વારા કટ ને બંધ કરવાનું આયોજન હાથ ધરતાં અંબીકાનગર સોસાયટી થી માંડીને રેલ્વે સ્ટેશન વિસ્તારના રહીશો માં રાહત ની લાગણી અનુભવાઈ રહી છે ત્યારે છેલ્લા ત્રણ ચાર દિવસ ચાલતા કટ ને બંધ કરવાનું કામ એકાએક મંદ ગતિએ ચાલી ને જે બંધ થવા પામ્યું છે ત્યારે ખાડા ખોદી ને લાવારીશ મુકી રખાતા અજાણ્યા વાહન ચાલકો ને રાત્રી ના સમયે અકસ્માત નો સતતં ભય સતાવી રહ્યો છે એક દિવસ માં કટ ને બંધ કરવાનું કામ આજે ત્રણ ચાર દિવસ થવા આવ્યા છે છતા પણ ખાડા ખોદી ને લાવારીશ સ્થિતિ માં મુકીને ટોલ રોડ કંપની ના મેનેજમેન્ટ ના અધિકારી ઓ કોઈ ક અજાણ્યો વાહન ચાલક ખાડા માં ખબકાય તેણી રાહ જોઈને આરામ ફરમાવતા હોય તેવું વાહન ચાલકો થી માંડીને આજુબાજુ નાં રહીશો માં અહેસાસ વર્તાય રહ્યો છે.

# રાજુલા શહેરમાં મહુવા જકાતનાકા પાસે લક્ઝરી બસ ખાડામાં લટકી પડી

કિશોર આર. સોલંકી : જાફરાબાદ



પેસેન્જરોને ભર શિયાળે થયો પરસેવો રાજુલામાં ભારે વાહનો ને પ્રવેશબંધી જાહેરનામાનો ઉલાળીયો રાજુલા શહેરમાં મહુવા જગાતનાકા પાસે આજે સાંજના સમયે કુળદેવી ટ્રાવેલ્સ નામની બસ જે ઉના સુરત જતી હતી જે રાજુલા થી સાંજના સાત કલાકે ઊપડી જે મહુવા જગાતનાકા પાસે પહોંચતા અચાનક સાઈડમાં ગટરના ખાડાના પાણીમાં સાઈડમાં આ બસ લટકી પડી હતી અને બસ લટકી પડતા બસના પેસેજરો અફડા તફડી જોવા મળી હતી અને ભર શિયાળે પરસેવો જોવા મળ્યો આ ઘટના બનતા તમામ પેસેન્જર ને સહી સલામત નીચે ઉતારવામાં આવ્યા આ ઘટનાના સમાચાર વાયુવેગે શહેર માં પ્રસરતા આ ઘટનાના સ્થળે લોકોના ટોળે ટોળા એકત્રિત થયા આ બસને બહાર કાઢવા માટે મહેનત શરૂ કરવામાં આવી આ બસને કાઢવા માટે સતત બે કલાકની ભારે જેહમત બાદ ક્રેનની મદદથી આ બસને બહાર કાઢવામાં આવી આ લક્ઝરી બસો જાહેરનામું હોવા છતાં રાજુલા શહેરમાં લક્ઝરી બસો પ્રવેશ કરે છે જાહેર નામ નો ખુલ્લેઆમ ભંગ થઈ રહ્યો છે.

# બહાદરપુર ગ્રામ પંચાયત ખાતે દ્વારા સખી મંડળને લગતી વિવિધ યોજના અંગે માહિતગાર કરાયા

કમલેશ પટેલ | સંખેડા



જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી અંતર્ગત આવેલ અધિકારી દ્વારા મહિલાઓને સખી મંડળ ની યોજના તેમજ બચત વિશેની સખીમંડળ ની યોજના વિશે માહિતગાર કર્યા હતા અને સરકાર શ્રી તરફથી આવેલ નાણા નો ઉપયોગ કઈ રીતે બધાને લાભ થાય અને કઈ કઈ યોજનાથી આપણે પોતાની રોજીંદી આવક ઊભી કરી શકીએ તે વિશેનો વિસ્તૃત માહિતગાર કર્યા હતા અને સમૂહમાં રહી સરકારી યોજનાઓનો લાભ લઈ આપણું જીવન ધોરણ સહેલાઈથી ચલાવી શકાય અને પોતાના પગ પર રહી સ્વ જનો ની મદદ કરી શકીએ તે લાભદાયી યોજનાઓ દ્વારા માહિતગાર કર્યા હતા.

# વાગડીયા ગામની મહિલા દર્દીને મિત ગ્રુપના સહયોગથી લોહી મળતા નવજીવન મળ્યું

ભરત શાહ : રાજપીપળા

નર્મદા જિલ્લા માં ઘણા દર્દીઓ ને બ્લડ ની તાત્કાલિક જરૂર હોય છે જેમાં કેટલાક યુવાનો અને સંથાઓ દર્દીઓ ને લોહી આપવા મદદરૂપ બને છે ત્યારે વાત કરીએ રાજપીપળા ના મિત ગ્રુપ ની તો આ ગ્રુપ દ્વારા લગભગ દરરોજ એક બે દર્દીઓ માટે બ્લડ ની સગવડ માટે યુવાનો આગળ આવે છે અને તાત્કાલિક જરૂરિયાત વાળા દર્દીઓ ને નવજીવન મળે છે. આજરોજ કેવડીયા પાસેના વાગડીયા ગામના દર્દી તડવી મીનાક્ષીબેન વિષ્ણુભાઈને રાજપીપલા સિવિલ હોસ્પિટલ માં A+ બ્લડની ઈમર્જન્સી જરૂર હોવાથી અંકુરભાઈ એ A+ બ્લડ ની સેવા આપી માનવતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું હતું, અને તડવી મીનાક્ષીબેન વિષ્ણુભાઈ ને નવજીવન મળ્યું હતું.



# બિરસા મુંડા ટ્રાયબલ યુનિવર્સિટી, રાજપીપળા ખાતે સંવિધાન દિવસની ઉજવણી કરાઈ



ભરત શાહ : રાજપીપળા

રાજપીપળા ખાતે આવેલ બીરસા મુંડા ટ્રાયબલ યુનિવર્સિટી માં આજે સંવિધાન દિવસની ઉજવણી કરાઈ હતી જેમાં મુખ્ય મહેમાન તરીકે યુનિવર્સિટી ના પ્રથમ કુલપતિ ડો.મધુકર ભાઈ પાડવી ના અધ્યક્ષ સ્થાને આ કાર્યક્રમ યોજાયો હતો કાર્યક્રમની શરૂઆતમાં સૌ મહેમાનોએ ભારતના બંધારણના ઘડવૈયા એવા ડોક્ટર બાબા સાહેબ આંબેડકરજી ને પુષ્પાંજલિ અર્પણ કરી હતી ત્યારબાદ કોલેજના TY B.Com ના વિદ્યાર્થીની અંજુબેન કલબી અને મોનિકાબેન વસાવા દ્વારા ભારતના બંધારણના ઈતિહાસ તેની કલમો ઉપર પોતાનું વક્તવ્ય આપ્યું હતું ત્યારબાદ યુનિવર્સિટીના ઓફિસ સુપ્રિન્ટેડ ડો. શીતલબા પરમારે વિદ્યાર્થીઓને સંવિધાન દિવસ અંગેની વાત કરી અને તેના મહત્વની કલમો ચર્ચા કરી હતી, કાર્યક્રમ ના મુખ્ય અધ્યક્ષ ડો.મધુકર ભાઈ પાડવી દ્વારા સંવિધાન ની રચના અને મહત્વની વિસ્તૃત જાણકારી આપવામાં આવી સાથે બંધારણ અને તેના આર્ટિકલ્સ અંગે જાણકારી આપવામાં આવી તેમજ બંધારણ દિવસ મહત્તા વિશે વિધાર્થીઓ ને સમજાવ્યુ હતું ત્યારબાદ સ્કૂલ ઓફ કોમર્સ કોલેજ ના આચાર્ય ડો.મહેશ બારડ દ્વારા બંધારણ મુજબ ના સામૂહિક શપથ ગ્રહણ કરવામાં આવ્યા અંત માં આભાર વિધિ કરવામાં આવી.

# ચાણસ્મા નગરમાં પાંચ દિવસ પહેલાં ભંગારના ગોડાઉન માલિકના મોત મામલો, પોલિસની કામગીરી પર અનેક સવાલો

નિતીન ઠાકર : ચાણસ્મા

ચાણસ્મા તાલુકા માં જાણે કાયદો અને તરવસ્થા કથળી હોય તેવું છેલ્લાં છ માસ માં થયેલી ત્રણથી વધારે હત્યાઓ અને ઘરફોડ ચોરી ઓ કેબલ ચોરી ઓની સંખ્યા માં થયેલા વધારા થી ચાણસ્મા પોલિશ ની કામગીરી પર અનેક સવાલો ઉઠી રહ્યા છે ત્યારે ગત શનિવાર ૨૩ મી નવેમ્બર ના રોજ ચાણસ્મા નગરમાંથી ભંગાર માલિક ના ભાઈ કમલેશ ભાઈ પરમાર ની માથે બોથડ મારી હત્યા કરાયેલ હાલત માં લાશ મળી હતી જે અંગે ચાણસ્મા પોલિશ મથકે મૃતક ના ભાઈ એ અજાણ્યા ઈસમો સામે પોતાના ભાઈ ની હત્યા કરાઈ હોવા સાથે એક દેવીપુજક યુવક પર શંકા હોવા સાથે ની ફરીયાદ નોંધાવતાં ડીવાયએસપી એ ગુનાની તપાસ નો દોર સંભાળ્યો છે ત્યારે આજે હત્યા ની ઘટના ને પાંચ દિવસ થઈ ગયા હોવા છતાં ગુનેગારો સુધી પહોંચવામાં પોલિશ હવા માં હવાતીયા મારી રહી હોય તેવું જોવા મળી રહ્યું છે છેલ્લા છ માસ દરમિયાન ચાણસ્મા પોલિશ મથકે ત્રણ હત્યા ના અને અનેક નાની મોટી ચોરીની ઘટનાઓ બનતાં ચાણસ્મા પંથક માં ફફડાટ વ્યાપી જવા પામ્યો છે ત્યારે ચાણસ્મા પોલિશની કામગીરી સામે અનેક સવાલો ઉઠી રહ્યા છે નાની મોટી ચોરી ઓ ની ફરીયાદ કરવા આવતાં ફરીયાદી ઓ સાથે પોલિશ અધિકારી અણછાજતું વર્તન કરતા હોવાની બૂમરાડ ઉઠી ચાણસ્મા પોલિશ મથકે કોઈ ફરિયાદી ચોરી કે અન્ય બાબતે ફરીયાદ કરવા આવે તો ચાણસ્મા પોલિશ મથક ના પોલિશ અધિકારી દ્વારા અપમાનીત કરી અણછાજતું વર્તન કરાતી હોવાની બુમરાડ ઉઠવા પામી છે જે અંગે કેટલાક ફરીયાદી એ પાટણ એસ પી . ને રજૂઆત કરાઈ હોવાનું કેટલાક અરજદારો એ જણાવ્યું હતું

# અમદાવાદ મંડળ માં 75 મો "સંવિધાન દિવસ" ઉત્સાહભેર મનાવવામાં આવ્યો



(એજન્સી) અમદાવાદ | તા. 26

પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળ માં 26મી નવેમ્બર 2024ના રોજ 75મો સંવિધાન દિવસ ઉત્સાહપૂર્વક મનાવવામાં આવ્યો. આ પ્રસંગે મંડળ રેલ પ્રબંધક શ્રી સુધીરકુમાર શર્માએ મંડળ કાર્યાલય ના અધિકારીઓ અને કર્મચારીઓને ભારતીય સંવિધાનની પ્રસ્તાવના વાંચી સંભળાવી હતી અને સંવિધાન નું પાલન કરવાના શપથ લેવડાવ્યા હતા. આ પ્રસંગે, ભારતીય સંવિધાન ની પ્રસ્તાવના અને બંધારણીય મૂલ્યોનું વાંચન કરવામાં આવ્યું હતું: અમે ભારતના લોકો, ભારતને એક સાર્વભૌમ, સમાજવાદી, બિનસાંપ્રદાયિક, લોકશાહી પ્રજાસત્તાક બનાવવા અને તેના તમામ નાગરિકોને સામાજિક, આર્થિક અને રાજકીય ન્યાય, વિચાર, અભિવ્યક્તિ, આસ્થા, ધર્મ અને ઉપાસનાની સ્વતંત્રતા, પ્રતિષ્ઠા અને તકોની સમાનતા પ્રાપ્ત કરવા માટે તથા તે દરેક માં વ્યક્તિ ની ગરિમા અને રાષ્ટ્રની એકતા અને અખંડિતતાને સુનિશ્ચિત કરનારી બંધુત્વને વધારવા માટે દૃઢ સંકલ્પ કરીને આ સંવિધાન ને અપનાવો, ઘડો અને સમર્પિત કરો. આ પ્રસંગે અપર મંડળ રેલ પ્રબંધક શ્રી લોકેશ કુમાર, અપર મંડળ રેલ પ્રબંધક શ્રી દયાનંદ સાહુ, વરિષ્ઠ કાર્મિક અધિકારી શ્રી જીતેશ અગ્રવાલ અને તમામ શાખાના અધિકારીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# નહેરુ યુવા કેન્દ્ર નર્મદા દ્વારા સંવિધાન દિવસની એકતાનગર ખાતે ઉજવણી કરાઈ

ભરત શાહ : રાજપીપળા

ભારત સરકારના યુવા કાર્યક્રમ અને ખેલ મંત્રાલય મેરા યુવા ભારત અને નહેરુ યુવા કેન્દ્ર નર્મદા કચેરી દ્વારા મંગવારે સંવિધાન દિવસની એકતાનગર ખાતે ઉજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમના પ્રારંભે ડો. ભીમરાવ આંબેડકરની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પી દીપ પ્રગટાવી શ્રધ્ધા સુમન અર્પણ કર્યા હતા. નેહરુ યુવા કેન્દ્ર સંગઠન ગુજરાતના રાજ્ય નિર્દેશક દુષ્યંત ભટ્ટના માર્ગદર્શનમાં જિલ્લા યુવા અધિકારી સચિન શર્માની રાહબરી હેઠળ કાર્યક્રમ જિલ્લા કચેરી દ્વારા સફળ આયોજન કરવામાં આવ્યું હતું. ગરુડેશ્વર તાલુકાની ITI કેવડિયા ખાતે નહેરુ યુવા કેન્દ્ર દ્વારા 26 નવેમ્બરે સંવિધાન દિવસની ઉજવણીના ભાગરૂપે રેલી યોજાઈ હતી.



# વેરાવળ-ઈન્દોર મહામના એક્સપ્રેસ આંશિક પરિવર્તિત માર્ગથી ચાલશે

(એજન્સી) અમદાવાદ | તા. 26

પશ્ચિમ રેલવેના આણંદ-ગોધરા સેક્શન વચ્ચે ડબલિંગના કામ માટે લેવામાં આવેલા બ્લોકને કારણે વેરાવળ-ઈન્દોર મહામના એક્સપ્રેસ આંશિક રીતે બદલાયેલા રૂટ પર દોડશે. જેની વિગતો નીચે મુજબ છે:- 27 નવેમ્બર, 4, 11, 18 અને 25 ડિસેમ્બર 2024 (બુધવાર) ના રોજ વેરાવળથી ચાલનારી ટ્રેન નંબર 19319 વેરાવળ-ઈન્દોર મહામના એક્સપ્રેસ નિર્ધારિત માર્ગ ગેરતપુર-આણંદ-ડાકોર-ગોધરા ના સ્થાને પરિવર્તિત માર્ગ વાયા ગેરતપુર- આણંદ-બાજવા-છાયાપુરી-ગોધરા થઈને ચાલશે. ટ્રેનના સંચાલન સમય, સ્ટોપેજ અને સંરચના વિશે વિગતવાર માહિતી માટે, મુસાફરો www. enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.

# સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓમાં ઉમેદવારોની જાતિ પ્રમાણપત્રની ખરાઈ અંગે કોંગ્રેસી નેતાઓએ વાંધા અરજી કરી

સુશીલ પવાર : ડાંગ



ડાંગ જિલ્લા કોંગ્રેસ સમિતિનાં કાર્યકારી પ્રમુખ સ્નેહલ ઠાકરેની અધ્યક્ષતા હેઠળ રાજ્ય ચૂંટણી આયોગ અને રાજ્ય ચૂંટણી આયોગનાં નોડલ અધિકારીને સ્થાનીક સ્વરાજ્યની ચૂંટણીમાં સંભવિત ઉમેદવારોનાં જાતિ પ્રમાણપત્ર ખરાઈ બાબતે મનસ્વી એકતરફી નિર્ણય લેવામાં આવતો હોવાના આક્ષેપ સાથે વાંધા અરજી આપવામાં આવી હતી. જેમા રાજ્ય ચૂંટણી આયોગ મારફત ડાંગ જિલ્લાનાં નિવાસી અધિક કલેક્ટર અને રાજ્ય ચૂંટણી આયોગના નોડલ અધિકારીને સુચનો મળેલ છે કે, આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમા સંભવિત ઉમેદવારોના આદિજાતિના પ્રમાણ પત્રોનુ ખરાઇ પ્રમાણ પત્ર અગાઉથી મેળવી લેવુ,કોઈ પણ પ્રકારની ચૂંટણી હોય જેમ કે લોકસભા, વિધાનસભા કે સ્થાનિક સ્વરાજયમાં જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત, નગર પાલિકા, નગર પંચાયત કે ગ્રામપંચાયત હોય, મોટા ભાગની ચૂંટણીમા સંભવિત ઉમેદવારો મોટા ભાગે સમય સંજોગો અનુસાર બદલાતા રહે છે.વળી ખાસ પ્રકારના કિસ્સામાં પણ કાર્યકરો અને લોક લાગણી મુજબ દરેક માન્ય/અમાન્ય રાજકીય પક્ષોએ આખરના સમયમાં ઉમેદવારોને પણ બદલવા પડતા હોય છે.આવા કિસ્સામાં સંભવિત ઉમેદવારોનું જાતિ પ્રમાણપત્ર અગાઉથી ખરાઈ કરી રાખવા અંગેનો નિર્ણય મુશ્કેલીઓ વધારે શકે તેમ છે.

# સ્વસ્થ ગર્ભાવસ્થા પ્રાપ્ત કરવા માટે દંપતીએ દુર્લભ આનુવંશિક સમસ્યાથી છૂટકારો મેળવ્યો

અમદાવાદ : 30 વર્ષીય મહિલા, માયા (નામ બદલ્યું છે)એ દુર્લભ અને જીવલેણ જેનેટિક ઈમ્યુનની સ્થિતિને કારણે તેનું પ્રથમ બાળક ગુમાવવાના ગંભીર ભાવનાત્મક પડકારોનો સામનો કર્યા બાદ, અમદાવાદના ઈન્દિરા IVF ખાતે સારવાર લીધા બાદ સફળતાપૂર્વક ગર્ભધારણ કર્યું અને તંદુરસ્ત બાળકને જન્મ આપ્યો. જેનેટિક સ્થિતિને જોતાં આ દંપતી ફરીથી ગર્ભધારણ કરવાનો પ્રયાસ કરવા અંગે ભયભીત થઈ ગયું હતું, કેમ કે આ સમસ્યા ઈન્ફેક્શન સામે લડવાની રોગપ્રતિકારક કોશિકાઓની ક્ષમતાને અસર કરે છે, જેનાથી શિશુઓ જીવલેણ પડકારો સામે સંવેદનશીલ બને છે. સામાન્ય રીતે જીવનના પહેલા કે બે વર્ષમાં આ સ્થિતિ જીવલેણ હોય છે, આશા માત્ર જટિલ સારવાર પર અટકી જાય છે, જે ઘણા પરિવારો માટે પહોંચની બહાર હોય છે. તેઓ શહેર સ્થિત હોસ્પિટલ સુધી પહોંચ્યા ત્યાં સુધી માતા-પિતા બનવાની તેમની યાત્રા પડકારોથી ભરપૂર હતી. સીવિયર કમ્બાઈન્ડ ઈમ્યુનોડેફિસિયન્સી (SCID)ને કારણે પોતાના પ્રથમ પુત્રને ગુમાવવાથી દંપતીને ઊંડો આઘાત લાગ્યો હતો, જે માત્ર 11 મહિનાની ઉંમરે સીવિયર ન્યુમોનિયાને કારણે મૃત્યુ પામ્યો હતો.

# વાવ વિધાનસભા પેટા ચૂંટણી અંતર્ગત અમલમાં રહેલી આદર્શ આચાર સંહિતા સંપન્ન કરાઈ

(માહિતી બ્યુરો,પાલનપુર)

૭-વાવ વિધાનસભા મત વિભાગની પેટા ચૂંટણી-૨૦૨૪ અન્વયે તા.૧૫/૧૦/૨૦૨૪ના રોજ થી અમલમાં આવેલ આદર્શ આચાર સંહિતાનો અંત આવ્યો છે. ભારતના ચૂંટણી આયોગ, નવી દિલ્હી દ્વારા ૭-વાવ વિધાનસભા મતવિભાગની પેટા ચૂંટણી-૨૦૨૪ સંદર્ભે તા. ૧૫/૧૦/૨૦૨૪ના રોજથી આદર્શ આચાર સંહિતા લાગુ કરવામાં આવેલ હતી. ભારતના ચૂંટણી પંચ, નવી દિલ્હી દ્વારા નકકી કરાયેલ ચૂંટણી કાર્યક્રમ અનુસાર ૭- વાવ વિધાનસભા મત વિભાગની પેટા ચૂંટણી-૨૦૨૪ના પરિણામો જાહેર થઈ ગયેલ હોઈ અને ચૂંટણી પ્રક્રિયા સંપન્ન થયેલ હોઈ હવે ચૂંટણી અંગેની પ્રવર્તમાન આદર્શ આચારસંહિતાનો તા. ૨૫/૧૧/૨૦૨૪ના રોજથી અંત લાવવામાં આવ્યો છે તેમ નાયબ જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી બનાસકાંઠા દ્વારા એક અખબારી યાદીમાં જણાવ્યું છે.

# રાજુલા ખાતે જીંજાળા અને કાતરીયા પરિવાર દ્વારા લગ્ન પ્રસંગનું સુંદર આયોજન

કિશોર આર. સોલંકી : જાફરાબાદ

આપની સંસ્કૃતિ મુજબ લગ્ન સહિતના શુભ અવસરે મહેમાનો અને સ્વજનોને આમંત્રિત કરવામા આવે છે અને કાર્ય સારી રીતે પાર પડે તે માટે આમંત્રિત મહેમાનો દ્વારા શુભ આશિષ આપતાં હોય છે આવુજ એક સાદગીભર્યું આયોજન રાજુલાના ડુંગર રોડ ખાતે જીંજાળા & કાતરીયા પરિવાર દ્વારા ડૉ.સંજય સંગ રમીલા અને ચી.કાજલ સંગ ડોલર ના લગ્ન પ્રસંગમાં કરવામાં આવ્યું હતું.જેમા હાજર નવયુગલોને અને મહેમાનો દ્વારા નવા વૃક્ષોનુ જતન કરવા માટેનો સંકલ્પ લેવામા આવેલ.રાજુલા ખાતે યોજાયેલ લગ્ન પ્રસંગમાં ઉર્જામૈયા,લખમણદાસ બાપુ અને અશોક બાપુ સહિતના સંતો મહંતો દ્વારા આશીર્વાદ આપી નવયુગલોનુ જીવન સારી રીતે પસાર થાય તે માટેના આશીર્વાદ આપવામા આવેલ.



# પ્રથમ વર્ષે જ અનુરૂપ વિવાહની સફળ યુરોપિયન ઈવેન્ટ્સ

અનુરૂપ ગુજરાતી સમુદાયમાં પોણા બે વર્ષ પહેલાં જ વિસ્તર્યું હતું. અમને આનંદ છે કે ભારત અને વિદેશમાં વસતા ગુજરાતીઓ તરફથી મળેલ પ્રતિસાદ ખૂબ જ પ્રોત્સાહજનક રહ્યો છે. લગભગ 5 દાયકાઓથી અમે સફળતાપૂર્વક પોતાને મેચમેકિંગ માટે સમર્પિત કર્યા છે. વ્યક્તિગત ધ્યાન, વિશ્વાસપાત્રતા અને પ્રોફાઈલ ચકાસણીના ઉચ્ચ ધોરણો અમારા યુએસપી છે અને તેઓ ખાતરી કરે છે કે અમારા ડેટાબેઝમાં માત્ર અસલી પ્રોફાઈલ જ ઉમેરવામાં આવે છે.મુખ્યત્વે, અમારા સભ્યો અમારી સુરક્ષિત વેબસાઈટ અને Android અને iOS મોબાઈલ એપ્લિકેશન દ્વારા તેમની શોધ કરે છે. શોધને પૂરક બનાવવા અને સુવિધા આપવા માટે અમે ભારત અને વિદેશમાં સમયાંતરે મીટ-અપ કાર્યક્રમોનું આયોજન કરીએ છીએ. આ વર્ષે, અમે પ્રથમ વખત બર્લિન (જર્મની) અને લંડન (યુકે)માં અનુરૂપ મીટઅપ કાર્યક્રમોનું આયોજન કર્યું હતું. ઉપરાંત યુએસએમાં તો અમે 1 દાયકા કરતાં વધુ સમયથી વાર્ષિક મીટ-અપ યોજી રહ્યા છીએ.તમામ ઈવેન્ટ્સ ની જગ્યાઓ પૂરેપૂરી ભરાઈ ગયી હતી અને હાજર રહેનાર બધાં એ ખૂબ પ્રશંસા કરી હતી. સહભાગીઓ તરફથી પ્રતિસાદ દર્શાવે છે કે તેઓ અનુરૂપના નવીન અને ઈન્ટરેક્ટિવ ફોર્મેટને પસંદ કરે છે. કાર્યક્રમ ના સુરક્ષિત અને મૈત્રીપૂર્ણ વાતાવરણ તેઓને વાતચીત કરવા માટે અનુકૂળ લાગે છે.

લાઈફ પાર્ટનરની શોધ એ કંટાળાજનક અને બોજારૂપ પ્રવૃત્તિ બનવાની જરૂર નથી; એ રોમાંચક હોઈ શકે છે તે યાદ અપાવીને તેઓ ખુશ હતા.અમારા સુવર્ણ જયંતિ વર્ષની ઉજવણી તરફ જતાં, હાલમાં અમે 51 ઈવેન્ટ્સ નક્કી કરેલ છે, જેમાંથી 3 ગુજરાતી કનેક્શન ધરાવે છે. 30મી નવેમ્બરે, વડોદરામાં 2 ઈવેન્ટ્સ (સવારે 10 અને બપોરે 3 વાગ્યે) અને 1લી ડિસેમ્બરે (3 વાગ્યે) અમદાવાદમાં એક ઈવેન્ટ છે.અનુરૂપ સાથે જોડાઓ અને અમારા સુશિક્ષિત અને પ્રગતિશીલ પાત્રોના સમુદાયનો ભાગ બનો. સારી ગુણવત્તાવાળા સભ્યો મેળવો! નોંધણી માટે www. anuroopwiwaha.com ની મુલાકાત લો અથવા અમને 1800-267-7991 પર કૉલ કરો. તરત નોંધણી કરો અને તમારા અનુરૂપ જોડીદારને શોધો.

# સી.આર.ઝેડ. વિસ્તારમાં ઠલવાતા કચરા બાબતે મામલતદારને સાગરખેડૂ વિકાસ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા લેખિત રજૂઆત

કિશોર આર. સોલંકી : જાફરાબાદ



જાફરાબાદ નગરપાલિકા દ્વારા જાહેર રોડ તથા સી.આર. ઝેડ. વિસ્તારમાં ઠલવાતા વેસ્ટ કચરો દરિયાઇ ભરતી સમયે દરિયામા જય રહ્યો છે. જીવસૃષ્ટિ અને મેન્ગૃવ્સ નો વિસ્તાર હોવાથી આ ખદબદતી ગંદકી ના કારણે દરિયાઇ જીવસૃષ્ટિ ઉપર ખતરો આ બાબતે જાફરાબાદ મામલતદાર સાહેબ ને સાગરખેડૂ વિકાસ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા મૌખિક તથા લેખિત રજૂઆત કરવામાં આવી છે. પાલિકા દ્વારા જુદા-જુદા વિસ્તારોમાંથી એકઠો થતો કચરો જ્યાં નાખવામાં આવે છે. તે વિસ્તારમાં મોટી માત્રામાં મેન્ગૃવ્સ ના વૃક્ષો તથા દરિયાઇ પાણીની જળ સપાટી હોય ત્યાં દરિયાઇ ભરતી સમયે દરિયાઇ પાણી આવી ચડતા અહીં અનેક વિસ્તારોમાંથી એકઠો કરેલ ગંદવાડો અહીં પાલિકા ના વાહનો દ્વારા ઠલવાઈ રહ્યો હોય આ પ્લાસ્ટિક તથા અન્ય ગંદવાડો જ્યારે દરિયાઇ ભરતી સમયે તણાઇ ને મેન્ગૃવ્સ ના વૃક્ષો માં તથા દરિયાઇ ખાંડી સુધી પહોંચી જવાથી ઓપગડીયા માછીમારો ના જાળમાં તથા દરિયાઇ પાણી ની ભરતી ઓછી તથા તમાંમ કચરો તણાઇ દરિયા ના પેટાળ સુધી પહોંચી સમુદ્ર સુધી જતો હોવાથી દરિયાઇ જીવસૃષ્ટિ ઉપર ખતરો હોય અને મેન્ગૃવ્સ વૃક્ષો આ ગંદકી ના કારણે સુકાઇ જતાં હોય અને દરિયાઇ વિસ્તાર માં કચરો ઠલવો કે પ્રદુષણ ફેલાવું તે ગંભીર ગુન્હો પરંતુ તમાંમ કાયદાઓની ઐસીતૈસી કરતું નગરપાલિકા અહીં સી.આર. ઝેડ. દરિયાકાંઠા નિયમન વિસ્તાર નોટીફિકેશન તથા કોસ્ટલ રેગ્યુલેશન ઝોન નોટિફીકેશન દરિયાકાંઠાના પર્યાવરણ ની સુરક્ષા કરવી તથા દરિયાઇ જીવસૃષ્ટિ જાળવણી કરવી તથા દરિયાઇ જીવસૃષ્ટિ અને કીનારાના પર્યાવરણ સામે અનેક જોખમો ઉભા થયા છે.

# ઈન્ફિનિટી સ્કુલ ખાતે સંવિધાન દિવસની ઉજવણી અંતર્ગત પરિસંવાદ યોજાયો

જગદીશ ત્રિવેદી : લુણાવાડા

ડો.બાબાસાહેબ આંબેડકર દ્વારા રચાયેલ ભારતના બંધારણ ૨૬ નવેમ્બર સંવિધાન દિવસ તરીકે ઉજવણી કરવામાં આવે છે ત્યારે ગુજરાત સરકાર દ્વારા સંવિધાન દિવસ અંગે લોક જાગૃતિ કેળવવા માટે ઉજવણી થાય તે હેતુ સાથે ગુજરાત રાજ્ય ડાયરેકટોરેટ ઓફ પ્રોસીકયુશનની કચેરી દ્વારા સમગ્ર રાજ્યમાં સંવિધાન દિવસની ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું હતું. તેના ભાગરૂપે મહીસાગર જીલ્લા સરકારી વકીલની કચેરી દ્વારા લુણાવાડા ઈન્ફિનિટી સ્કુલ ખાતે સંવિધાન દિવસની ઉજવણી અંતર્ગત પરિસંવાદનો મહાનુભાવોએ દીપ પ્રાગટ્ય કરી શુભારંભ કર્યો હતો.આ પરિસંવાદમાં જિલ્લા સરકારી વકીલ એસ આર ડામોરે બંધારણના આમુખનું વાંચન કર્યું હતું ધોરણ ૫ થી ૧૨ ના ૬૦૦ થી વધુ બાળકો તેમજ ઉપસ્થિત નાગરિકોએ બંધારણના આમુખનું વાંચન પ્રતિજ્ઞા વાંચન કર્યું હતું.




# સંવિધાન દિવસના પર્વ નિમિત્તે રાજપીપળાના રત્ન શીવરામ પરમારનું ગોધરા યુવા શિબિરમાં પ્રેરણાદાયી સંબોધન

ભરત શાહ : રાજપીપળા



૨૪ નવેમ્બરે અનુસૂચિત જાતિ સૌરભ સામયિક અને પંચમહાલ અનુસૂચિત જાતિ એજ્યુકેશન ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે આયોજિત સંવૈધાનિક યુવા સૌરભ શિબીરમાં રાજપીપળા નિવાસી મુંબઈના જાણીતા સંગીતકાર શિવરામ પરમારને ખાસ આમંત્રિત કરાયા હતા.

મધ્ય ગુજરાતના ૮ જિલ્લાઓમાંથી ઉપસ્થિત યુવાધનને પ્રેરક સંબોધન કરતાં શિવરામ પરમાર એ અન્યના સ્ટેટ્સ જોવામાં સમય વ્યર્થ કરવા કરતાં પોતાનું સ્ટેટસ શું બનાવવું છે તેના વિશે આત્મચિંતન કરીને જીવનમાં આગળ વધવાનું આયોજન કરવાનું સમજાવ્યું હતું. વધુમાં તેમણે પોતાના સંઘર્ષની પ્રેરક દાસ્તાન કહીને હંમેશા હું પછાત છું એવી લઘુતાગ્રંથિ રાખ્યા વિના પોતાની પ્રતિભા નિખારવા પરિશ્રમશીલ બનવા પ્રેર્યા હતા. કુદરતે તમને સંપૂર્ણ આપ્યું છે ફક્ત તેને બહાર લાવો, રસ હોય તે તરફ ધ્યાન આપી સતત એ મુજબ મહેનત શરૂ કરી દો સફળતા ઈંતેજારી માં હશે બિલોડી (અંતર ગોળ અરીસો)ગ્લાસ થકી એક જગ્યાએ સૂર્યના કિરણો પડતા એ જગ્યા તપે અને આગ પેદા કરે તેમ એક લક્ષ્ય પર ધ્યાન કેન્દ્રિત કરી સફળતા મેળવીએ આ દરમિયાન શિવરામ પરમાર એ...જીદગી કી યહિ રીત હૈ..હાર કે બાદ જીત હૈ..., કુછ તો લોગ કહેંગે ...લોગો કો કામ હૈ કહેના...છોડો બેકાર કી બાતે તેમજ જિંદગી કે સફર મેં ગૂજર જાતે હૈ જો મકામ, વો ફિર નહીં આતે... જેવા પ્રેરક ફિલ્મી ગીતોની કર્ણપ્રિય રજુઆતથી શિબિર માં અનોખી રંગત લાવી દીધી હતી.

# 2 જાન્યુઆરી 2025 થી સાબરમતી-વારાણસી એક્સપ્રેસ ટ્રેનના નંબર અને સમયમાં ફેરફાર

(એજન્સી) અમદાવાદ | તા. 26

પશ્ચિમ રેલવે દ્વારા મુસાફરોની સુવિધા અને સમયની પાબંદીને વધુ બહેતર બનાવવા માટે, ટ્રેન નંબર 19407/19408 સાબરમતી-વારાણસી એક્સપ્રેસ ટ્રેનના નંબર અને સંચાલનના સમયમાં ફેરફાર કરવામાં આવી રહ્યો છે. જેની વિગતો નીચે મુજબ છેઃ-

2 જાન્યુઆરી, 2025 થી ટ્રેન નંબર 19407 સાબરમતી-વારાણસી એક્સપ્રેસ પરિવર્તિત નંબર 20963 સાબરમતી-વારાણસી એક્સપ્રેસ તરીકે ચાલશે અને સાબરમતીથી 22:00 કલાક ને બદલે 22:55 કલાકે ઉપડશે અને ત્રીજા દિવસે 05.40 કલાક ને બદલે 05.30 કલાકે પહોંચશે. 4 જાન્યુઆરી, 2025 થી, ટ્રેન નંબર 19408 વારાણસી-સાબરમતી એક્સપ્રેસ ટ્રેન પરિવર્તિત નંબર 20964 વારાણસી-સાબરમતી એક્સપ્રેસ તરીકે ચાલશે. ટ્રેનોના સ્ટોપેજ, સમય અને સંરચના સંબંધિત વિસ્તૃત માહિતી માટે, મુસાફરો કૃપા કરીને www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

### ચોટીલા-રાજકોટ હાઈવેની ઘટના... પિતૃકાર્ય માટે જતા કાળનો ભેટો થયો

# ટ્રક અને પિકઅપ વાન ભટકાતા પરિવારની 4 મહિલાઓનાં મોત



(એજન્સી) સુરેન્દ્રનગર | તા. 26

ચોટીલા-રાજકોટ હાઈવે પર ગમખ્વાર અકસ્માતની ઘટના સામે આવી છે. ટ્રક અને પિકઅપ વાન ભટકાતા એક જ પરિવારની 4 મહિલાઓનાં મોત થયાં છે. જ્યારે 16 લોકોને ઈજાઓ પહોંચી છે. ઈજાગ્રસ્તોને ચોટીલા અને રાજકોટ ખાતે સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે.

આ અકસ્માત અંગે મળતી માહિતી મુજબ લીંબડીના શિયાણી ગામના એક જ પરિવારના લોકો પિતૃકાર્ય માટે સોમનાથ તરફ જઈ રહ્યા હતા. આ દરમિયાન ચોટીલા-રાજકોટ હાઈવે પર મોલડી પાસે પહોંચતા અકસ્માત સર્જાયો હતો. ટ્રક અને પિકઅપ વાન વચ્ચે ભયંકર ટક્કર થતાં પિકઅપમાં સવાર 20 લોકો પૈકી બે મહિલાઓના ઘટનાસ્થળે જ મોત થયાં હતાં. જ્યારે 18 લોકોને ગંભીર ઈજાઓ પહોંચતાં ચોટીલા અને રાજકોટ ખાતે સારવાર અર્થે ખસેડાયા હતા. જ્યાં સારવાર દરમિયાન એક મહિલાનું ચોટીલા સરકારી હોસ્પિટલમાં અને એક મહિલાનું રાજકોટ સરકારી હોસ્પિટલમાં મોત થયું હતું. મળતી માહિતી મુજબ મૃતક ચારેય મહિલાઓ રેથરિયા કોળી પરિવારની સગી દેરાણી જેઠાણી છે.



**મૃતકોનાં નામ**
- મગજીબેન ગોબરભાઈ રેથરિયા
- ગૌરીબેન પાંચાભાઈ રેથરિયા
- મંજુબેન ઘનશ્યામભાઈ રેથરિયા
- ગલાલબેન કાળુભાઈ રેથરિયા

**મૃતક ચારેય મહિલાઓ સગી દેરાણી જેઠાણી:** આ અકસ્માત અંગે મળતી માહિતી મુજબ લીંબડીના શિયાણી ગામના એક જ પરિવારના લોકો પિતૃકાર્ય માટે સોમનાથ તરફ જઈ રહ્યા હતા. આ દરમિયાન ચોટીલા-રાજકોટ હાઈવે પર મોલડી પાસે પહોંચતા અકસ્માત સર્જાયો હતો. ટ્રક અને પિકઅપ વાન વચ્ચે ભયંકર ટક્કર થતાં પિકઅપમાં સવાર 20 લોકો પૈકી બે મહિલાઓના ઘટનાસ્થળે જ મોત થયાં હતાં. જ્યારે 18 લોકોને ગંભીર ઈજાઓ પહોંચતાં ચોટીલા અને રાજકોટ ખાતે સારવાર અર્થે ખસેડાયા હતા. જ્યાં સારવાર દરમિયાન એક મહિલાનું ચોટીલા સરકારી હોસ્પિટલમાં અને એક મહિલાનું રાજકોટ સરકારી હોસ્પિટલમાં મોત થયું હતું. મળતી માહિતી મુજબ મૃતક ચારેય મહિલાઓ રેથરિયા કોળી પરિવારની સગી દેરાણી જેઠાણી છે.

**પોલીસ તાત્કાલિક અકસ્માત સ્થળે પહોંચી:** મધરાતે થયેલા આ ગંભીર અકસ્માતની જાણ થતાં પોલીસ તાત્કાલિક અકસ્માત સ્થળે પહોંચી હતી અને મૃતદેહને પી.એમ અર્થે ખસેડ્યા હતા, જ્યારે ઈજાગ્રસ્તોને સારવાર અર્થે ખસેડીને આગળની તપાસ હાથ ધરી છે. પિતૃકાર્ય માટે જતા એક જ પરિવારની 4 મહિલાઓના મોત થતાં પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું છે.

### ભાજપના નેતા જુગાર રમતા ઝડપાયા...

# લેકવ્યુ ગેસ્ટ હાઉસમાં ઘોડીપાસાનો જુગાર રમતા ભાજપના આગેવાન સહિત 18ની ધરપકડ

મોરબી | હળવદમાં આવેલ લેકવ્યુ ગેસ્ટ હાઉસમાં ઘોડીપાસાનો જુગાર રમતા હોવાની હક્કિત મળી હતી. જેથી પોલીસે ત્યાં જુગારની રેડ કરી હતી ત્યારે ભાજપના આગેવાન સહિત કુલ મળીને 18 આરોપીઓને રોકડ 2,02,100 સાથે ઝડપી લેવામાં આવેલ છે. અને બાકીના બે આરોપીને પકડવા માટે તજવીજ ચાલી રહી છે.



હળવદના પોલીસ કોન્સેટબલ દેવેન્દ્રસિંહ દેવપાલસિંહ ઝાલાને મળેલ બાતમી હકીકત આધારે હળવદ પોલીસ સ્ટાફ દ્વારા લેકવ્યુ ગેસ્ટ હાઉસમાં રેઈડ કરી હતી. ત્યારે ત્યાં ઘોડીપાસાનો જુગાર રમતા હોવાનું સામે આવ્યું હતું જેથી પોલીસો સ્થળ ઉપરથી ભરત હરખાભાઈ વઢરેકીયા રહે.કડિયાણા, અલાઉદીન મહમદભાઈ ચૌહાણ રહે. કણબીપરા હળવદ, મહેબુબભાઈ નથુભાઈ સિપાઈ રહે. સીયદ વાસ ગૌરી દરવાજે હળવદ, જાકીર દાઉદભાઈ ચૌહાણ રહે. મોટા ફળીયા હળવદ, મોસીનભાઈ હબીબભાઈ ચૌહાણ રહે. જંગરીવાસ હળવદ, ઈરફાનભાઈ યુનુસભાઈ રાઠોડ રહે જંગરીવાસ હળવદ, દિવ્યેશ કિશોરભાઈ જેઠલોજા રહે.પિપળી, વલ્લભભાઈ સુંદરજીભાઈ પટેલ (ભાજપના આગેવાન) રહે. રાતાભેર ગામ હળવદ, રશીદ જુમાભાઈ ચૌહાણ રહે. જુના બસ સ્ટેશન પાસે ગેબનશાહ પીરની દરગાહ પાસે મોરબી, ફૈયાઝ યાકુબભાઈ ભટ્ટી રહે. મૌચીબજાર ખત્રીવાડ હળવદ, શબ્બીરભાઈ જુસકભાઈ ચૌભણ રહે. જુના બસ સ્ટેશન પાસે જોન્શનગર લાતી પ્લોટ મોરબી, તોહીદ અજીતભાઈ ચૌહાણ રહે. જુના બસ સ્ટેશન પાસે, જોન્શનગર, મોરબી, રજાક અકબરભાઈ ભટ્ટી રહે. જંગરીવાસ હળવદ, જાવીદ અબ્દુલભાઈ ચૌહાણ રહે. મહેન્દ્રપરા મોરબી, ઈમરાન હનિફભાઈ ભટ્ટી રહે. નવા ડેલા રોડ રોડ, રાવલ શેરી, મોરબીમ શિરાઝ સલેમાનભાઈ કેડા રહે. કાલીકા પ્લોટ નર્મદા હોલ પાસે, મોરબી, અસલમભાઈ સલીમભાઈ ચાનીયા રહે. કાલીકા પ્લોટ શેરી નં.-2 મોરબી અને સલીમભાઈ જુમાભાઈ ચૌહાણ રહે.મોરબી જૂના બસ સ્ટેશન પાસે, નવા ડેલા રોડ, મોરબીવાળા જુગાર રમતા મળી આવ્યા હતા.

### દેશી બનાવટના તમંચા અને બંદુક ઝડપાઈ...

# માણેકવાડામાંથી દેશી બનાવટી જામગરી બંદુક અને માળીયા(મી)માંથી તમંચા સાથે એક-એક શખ્સ પકડાયા

(એજન્સી) મોરબી | તા. 26

મોરબી જિલ્લામાં ગેરકાયદે હથિયારની હેરફેરી કરવામાં આવે છે તેમાં શંકાને કોઈ સ્થાન નથી તેવામાં મોરબી એલસીબી અને એસઓજીની ટીમે મોરબી તાલુકાનાં માણેકવાડા ગામ અને માળિયા મિયાણામાંથી ગેરકાયદે હથિયાર સાથે બે શખ્સની ધરપકડ કરેલ છે અને તેની સામે સ્થાનિક પોલીસ સ્ટેશનમાં ગુના નોંધીને આગળની કાર્યવાહી કરેલ છે.



જાણવા મળતી માહિતી મુજબ મોરબી જિલ્લા એસઓજીની ટીમ મોરબી તાલુકાનાં માણેકવાડા ગામેથી ગેરકાયદે જામગરી બંદૂક સાથે શોહિલ ઉર્ફે બાડો સુલતાનભાઈ સુમરા (ઉ.23) રહે. સુમરા સોસાયટી શેરું નંબર-3 વિજયનગર મોરબીવાળાની ધરપકડ કરી હતી અને તેની પાસેથી 3000ની કિંમતની દેશી બનાવટની જામગરી બંદુક તેમજ એક મોબાઈલ સહિત કુલ મળીને 5000નો મુદ્દામાલ કબજે કરેલ હતો અને તેની સામે મોરબી તાલુકા પોલીસ સ્ટેશને આર્મ્સ એક્ટ મુજબ ગુનો નોંધાયેલ છે.

આવી જ રીતે મોરબી જિલ્લા એલસીબી ટીમે માળિયા મિયાણાના વાગડીયા ઝાપા પાસે કન્ટેનર યાર્ડ જવાના રસ્તેથી જાકિરહુસેન ઉર્ફે જાકલો અકબરભાઈ માલાણી (ઉ.19) રહે. માલાણી શેરી માળિયાવાળાની દેશી બનાવટના તમંચા મળી આવેલ હતો. જેથી કરીને 5000ની કિંમતના તમંચા સાથે તેની ધરપકડ કરી હતી અને માળીયા તાલુકા પોલીસ સ્ટેશનમાં આર્મ્સ એક્ટ મુજબ ગુનો નોંધાયેલ છે.

### ટોલટેક્ષ વધારા સામે લોકોમાં ભારે નારાજગી

## નવસારીના બોરીયા ટોલનાકે 10-20 ટકા નહીં પણ એકસાથે 75 ટકાનો તોતિંગ વધારો

(એજન્સી) નવસારી | તા.26

નેશનલ હાઈવે 48 પર નવસારી જિલ્લાની બોરિયાચ ગામની હદમાં ટોલનાકું આશરે 18 વર્ષથી કાર્યરત છે અને આવર્ષ દરમિયાન સમયાંતરે વધારો કરી કરોડો રૂપિયાનો ટોલટેક્ષ સરકારે તિજોરીએ કરી પણ દીધો છે. આ દરમિયાન હાલ પુનઃઅહીંના ટોલ ટેક્ષમાં વધારો કરવાનો નિર્ણય ઓથોરિટીએ લીધો છે, જે હાલના દર કરતાં 10-20 ટકા નહીં પણ દરેક પ્રકારના વાહનો ઉપર સરેરાશ 75 ટકા જેટલો તોતિંગ એક સાથે ઝીંકી દીધો છે. અગાઉ મહિનામાં બે વખત આ વધારો મુલતવી કર્યા બાદ હવે તો મધ્યરાત્રિથી અમલી પણ કરી દીધો છે. સોમવારે તેના અમલનો પ્રથમ દિવસ હતો ત્યારે તેની અસરપણ દેખાઈ હતી. ટોલનાકેથી પસાર થતા કાર સહિતના મોટાવાહનોના ચાલકો નાકા ઉપર ભારે ટેક્ષ વધારા સામે નારાજગી વ્યક્ત કરતા જોવા મળ્યા હતા અને અનેક વખત ચડભડ પણ થયાનું જાણવા મળ્યું છે. બીજી તરફ નવસારી પંથકમાં જેમ જાણકારી બહાર આવી તેમ અગ્રણીઓએ જ્યાં રોડની હાલત ખરાબ છે ત્યાં એકસાથે ટોલટેક્ષમાં કરાયેલ તોતિંગ વધારાને અન્યાયી ગણાવી ખેંચી લેવા માંગ કરી છે.

નેશનલ હાઈવે -48 દેશના સૌથી વધુ ટ્રાફિકવાળો રોડ મનાય છે. બોરિયાચ નાકે પણરોજ અંદાજે 15થી 22 હજાર વાહનોની અવરજવર થતી હોવાની જાણકારી છે.

## મહેસાણાના પાલાવાસણાથી હેડુવા સુધી રૂ.21.20 કરોડના ખર્ચે ત્રણ કિલોમીટરનો ચાર માર્ગીય રોડ બનાવાશે

મહેસાણા | મહેસાણાથી બેચરાજીને જોડતાં માર્ગ પર ટ્રાફિકજામની સમસ્યા કાયમી બની છે. જેથી આ રસ્તાની બાકી લંબાઈને ચાર માર્ગીય કરવા માટે મુખ્યમંત્રીને સ્થાનિક ધારાસભ્ય દ્વારા પત્રથી રજૂઆત કરવામાં આવી હતી. જેને સરકારે લીલી ઝંડી આપી દીધી છે. જેના પગલે મહેસાણામાં પાલાવાસણા સર્કલથી હેડુવા સુવિધા સર્કલ સુધીના ત્રણ કિ.મી.રસ્તાને રૂ.21.20 કરોડના ખર્ચે ફોર લેન બનાવવામાં આવશે તેમ વર્તુળોમાંથી જાણવા મળ્યુ હતુ. મહેસાણા અને બહુચરાજી, વિધાનસભા વિસ્તારને જોડતા આ માર્ગ ઉપર ભારે ટ્રાફિકજામની સમસ્યા રોજીંદી બની હતી. જેના લીધે લોકોને પારાવાર પરેશાનીનો સામનો કરવો ફરજિયાત થયો હતો. આમજનતાને ટ્રાફિક ચક્કાજામની સમસ્યામાંથી કાયમી છૂટકારો મળી રહે તે માટે રાજ્યના મુખ્યમંત્રીને મહેસાણાના ધારાસભ્ય મુકેશ પટેલે પત્રથી રજૂઆત કરી હતી કે, મહેસાણાથી બેચરાજી વાયા બલોલ-કાલરી રોડની શરૂઆતના આશરે 3 કિ.મી. રાષ્ટ્રીય ધોરીમાર્ગ 68 માં સમાવેશ થયો હતો. જે રસ્તો રાષ્ટ્રીય ધોરીમાર્ગની એલાઈમેન્ટ બદલાતા હાલમાં રાજ્ય ધોરીમાર્ગમાં તબદીલ થયો હોઈ ફોર લેનના બાકી રહેલાં આ રસ્તાની 3 કિ.મી. લંબાઈ ચાર માર્ગીય કરવા જણાવાયુ હતુ.

### વાઘોડીયા બ્રિજ પર બે કન્ટેન્ટ અને એક કાર વચ્ચે અકસ્માત

# હાઇ-વે પર ત્રિપલ અકસ્માત સર્જાયા

(એજન્સી) વડોદરા | તા. 26

વડોદરા શહેર પાસેથી પસાર થતાં હાઈ-વે પર અવારનવાર અકસ્માતની ઘટનાઓ સામે આવતી હોય છે. ત્યારે આજે વધુ એક અકસ્માતની ઘટના સામે આવી છે, જેમાં બે ટ્રક અને કાર વચ્ચે ત્રીપલ અકસ્માત સર્જાયો છે. આ અકસ્માત સર્જાતા કન્ટેનરનો ડ્રાઈવરની વિગતો ફાયર વિભાગની મળતા તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી ચાલકનું રેસ્ક્યુ કરી અને હોસ્પિટલમાં ખસેડ્યો હતો. વડોદરા નજીકથી પસાર થતા હાઈ-વે પર અવારનવાર અકસ્માતની ઘટનાઓ સામે આવતી હોય છે. બે દિવસ અગાઉ જ એક કાર પર કન્ટેનર પડતા ચાર લોકોનો આબાદ બચાવ થયો હતો.

ત્યારે આજે ફરી એકવાર વાઘોડિયા બ્રિજ પર ત્રિપલ અકસ્માત સર્જાયો છે, જેમાં બે કન્ટેનર અને એક બ્રિઝા કાર એકબીજા સાથે અથડાતા અકસ્માત સર્જાયો છે. આ સમગ્ર ઘટનામાં એક કન્ટેનરચાલક ફસાઈ ગયો હોવાનો કોલ ફાયર વિભાગને મળ્યો હતો અને તાત્કાલિક તેને બહાર કાઢી હોસ્પિટલમાં ખસેડવામાં આવે છે.

આ બનાવ બનતાની સાથે જ વડોદરા ફાયર વિભાગ અને કપુરાઈ પોલીસ મથકનો સ્ટાફ ઘટના સ્થળે પહોંચી હતી. આ સાથે જ અકસ્માતનો ભોગ બનેલા વાહનોને હટાવવાની કામગીરી પણ હાથ ધરવામાં આવી છે. સદનસીબે આ સમગ્ર ઘટનામાં મોટી જાનહાની ટળી છે.



**ડ્રાઈવરને બહાર કાઢીને હોસ્પિટલ ખસેડાયો**

આ બનાવ અંગે પાણીગેટ ફાયર સ્ટેશનના સ્ટેશન ઓફિસર અમિત ચૌધરીએ જણાવ્યું હતું કે, વડોદરા ફાયર કંટ્રોલરૂમમાં કોલ મળ્યો હતો કે હાઈ-વે પર વાઘોડિયા બ્રિજ પર અકસ્માત સર્જાયો છે. ઘટના સ્થળે પાણીગેટ ફાયર સ્ટેશનની ટીમ અધિકારીઓ સાધનો સાથે પહોંચી ગયા હતા. સ્થળ પર આવીને જોયુ તો એક ઈકો વાહન હતુ અને બે કન્ટેનર હતાં. વચ્ચેના કન્ટેનરના ડ્રાઈવર ફસાયા હતા, તેઓને સહી સલામત બહાર કાઢીને હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.

## નવી કાર લેવા બાઈક લઈને નીકળેલા સાળા-બનેવીને ઈકોએ ટક્કર મારી, બંનેના મોત

(એજન્સી) જામનગર | તા. 26

જામનગર જિલ્લાના કાલાવડમાં કૈલાસનગરમાં રહેતા એક મિસ્ત્રી યુવાન તેના બનેવીનું જામનગર નજીક માર્ગ અકસ્માતમાં મૃત્યુ નીપજ્યા છે. કાલાવડથી મોટરસાયકલ લઈ નીકળેલા બંને યુવાનોને ઈકો ગાડીએ ઠોકર મારતાં બંનેના કરુણ મૃત્યુ નીપજ્યા છે. મૃતક સાળાને નવી કાર લેવાની હોવાથી બનેવી સાથે ગઈકાલે બપોર બાદ કાલાવડથી જામનગર આવતા હતા ત્યારે જામનગરની ભાગોળે બંને પર ઈકો ગાડી કાળ બની ત્રાટકી હતી. સાળા-બનેવીના એક સાથે નીપજેલ મૃત્યુના પગલે સમગ્ર કાલાવડ પંથકમાં શોકનું મોજું પ્રસરી ગયું છે. જામનગર જીલ્લામાં વધુ એક જીવલેણ અકસ્માત સર્જાયો છે. કાલાવડમાં કૈલાસનગર વિસ્તારમાં રહેતા લક્ષ્મીકાંતભાઈ ભૂદરભાઈ સોંડાગર અને કાલાવડ તાલુકાના વોડીસાંગ ગામે રહેતા તેના બનેવી રાજેશ રતિલાલભાઈ ગંગાજળિયા ગઈકાલે સોમવારે મોટરસાયકલ લઈ કાલાવડથી જામનગર આવવા નીકળ્યા હતા. બંને જામનગરની ભાગોળે પહોચ્યા ત્યારે ઠેબા ચોકડી નજીક આઈઓસી કંપની સાઈટની સામેના રોડ પર સામેથી પુર ઝડપે આવેલ જીજે 10 ડીએચ 7235 નંબરની ઈકો ગાડીને બંને યુવાનો જે મોટર સાયકલમાં સવાર હતા તે મોટરસાયકલને જોરદાર ઠોકર મારી હતી. જેમાં બંને યુવાનો મોટર સાયકલ પરથી ફંગોળાઈ ગયા હતા.

## પરિણીતા પર દુષ્કર્મ: માંડવીની પરિણીતાને ધાકધમકી આપી બે શખ્સોએ દુષ્કર્મ આચર્યું

(એજન્સી) કચ્છ | તા. 26

ગુજરાતમાં એક તરફ સ્ત્રી સશક્તિકરણની વાતો થઈ રહી છે, તો બીજી તરફ સતત સ્ત્રીઓ સાથે દુર્વ્યવહારની ઘટનાઓ સામે આવતી રહે છે. કચ્છમાં પણ એક બાદ એક મહિલાઓ સાથે દુષ્કર્મના બનાવ પોલીસ દફ્તરે નોંધાઈ રહ્યા છે, જે તંત્ર અને સમાજ દરેક માટે ચિંતાજનક બાબત બની છે. હવે માંડવી તાલુકાના એક ગામમાં બે નારાધામોએ એક પરિણીત મહિલાની આબરૂ લીધી હોવાની ફરિયાદ ગઢશીશા પોલીસ દફ્તરે નોંધાઈ છે. પોલીસે બનાવની ગંભીરતાથી નોંધ લઈ બન્ને આરોપીની ગણતરીના સમયમાં અટકાયત કરી લઈ આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

આ અંગે પ્રાપ્ત માહિતી મુજબ ગત તા. 5ના રોજ માંડવી તાલુકાના એક ગામની પરિણીતાનો એકલાતનો લાભ લઈ આરોપીઓએ ધાક ધમકી આપી એક બાદ એક દુષ્કર્મ ગુજારી નાસી ગયા હતા. બનાવથી ગભરાઈ ગયેલી પરિણીતાએ પોતાની સાથે બદકામ થયું હોવાની વાત પરિવારથી છુપાવી હતી. જોકે આરોપીઓએ ફરી ભોગ બનનારના ઘર પાસે આંટા ફેરા કરતા પરિણીતાએ ઘરના મહિલા સભ્યને આપવીતી જણાવી બાદમાં અબડાસા તાલુકાના ડુમરા ગામના ભાવેશ માતંગ અને બાયઠ ગામના હુસેન સુમરા સામે દુષ્કર્મ ની ફરિયાદ નોંધાવી હતી.

### કાર્ડથી 3.80 લાખ ઉપાડી, કાર લઈને ભાગતાં પકડાયો...

# લોહીલુહાણ હાલતમાં મૃતદેહ મળ્યો: ન્યૂ જર્સીમાં ગાંધીનગરના યુવાન ભાડૂતે વૃદ્ધાની હત્યા કરી...

(એજન્સી) વડોદરા | તા. 26

અમેરિકામાં ન્યૂ જર્સી સિટીના ઉપનગર પેરામાસમાં ગાંધીનગરનો યુવાન ભાડૂત વડોદરાનાં વૃદ્ધાની હત્યા કરી લૂંટ કરી ભાગી ગયો હતો. યુવાન વૃદ્ધ મકાનમાલિકની કાર લઈને સીસીટીવી કેમેરામાં દેખાયો હતો જ્યારે ડેબિટ કાર્ડથી 4500 ડૉલર (અંદાજે 3.80 લાખ રૂપિયા) બેન્કમાંથી ઉપાડી લીધા હતા. હત્યાને પગલે અમેરિકાના ગુજરાતી પરિવારોમાં ખળભળાટ મચ્યો છે. જ્યારે વડોદરા, રાજકોટ અને મુંબઈ રહેતા સગા સંબંધીઓમાં શોક ફેલાયો છે. ન્યૂજર્સી પોલીસે હત્યારાને ઝડપી પાડ્યો છે.

શહેરના માંજલપુર વિસ્તારમાં રહેતા વિનોદભાઈ આચાર્ય વર્ષો પહેલાં ન્યૂયોર્કનાં ટ્વીન સિટી ન્યૂજર્સીમાં સ્થાયી થયા હતા અને પરામુસમાં મકાન લઈ પત્ની અને 2 પુત્ર સાથે રહેતા હતા. જોકે 10 વર્ષ અગાઉ વિનોદભાઈનું અવસાન થયું હતું. ત્યાર બાદ 74 વર્ષીય રીટાબહેન આચાર્ય એકલાં રહેતાં હતાં. દરમિયાન ગાંધીનગરનો 24 વર્ષીય કિશન શેઠ વધુ અભ્યાસ માટે ન્યૂજર્સીની ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટૅક્નૉલોજીમાં પ્રવેશ લીધો હતો. ભાડાના રૂમની શોધ કરતાં કિશનને રીટાબહેનનો સંપર્ક થયો હતો. ગુજરાતી યુવક હોવાથી રીટાબહેને દોઢ વર્ષ પહેલાં કિશનને એક રૂમ ભાડે આપ્યો હતો.

ગત સોમવારે 4 વાગે રીટાબહેન ઘરમાં સોફા ઉપર મૃત હાલતમાં મળી આવ્યાં હતાં. પેટમાં ચપ્પુના ઘા વાગ્યા હતા અને પુષ્કળ લોહી વહી જતાં તેમનું મોત થયું હોવાનું બહાર આવ્યું હતું. પોલીસે તપાસ કરતાં કિશને હત્યા કરી હોવાનું જાણ્યું હતું. રીટાબહેનની કાર અને બૅન્કનું ડેબિટ કાર્ડ લઈને કિશન ભાગી ગયો હતો. પોલીસે ઘરની આસપાસના સીસીટીવી કેમેરાની તપાસ કરતાં રીટાબહેનની કાર લઈને કિશન ભાગતો હોવાનું નજરે પડ્યું હતું.

સાથે જ ડેબિટ કાર્ડથી કિશને રીટાબહેનના ખાતામાંથી 4500 ડૉલર પણ ઉપાડી લીધા હતા. પરિણામે પોલીસે કિશન શેઠ ઉપર હત્યા અને લૂંટનો આરોપ મૂકી તેની શોધખોળ શરૂ કરતાં બેરગે કાઉન્ટી પોલીસે હત્યારા કિશન શેઠને ઝડપી પાડ્યો છે.



**ચોરી કરતાં કાઢી મૂક્યો હતો**

રીટાબેન આચાર્યનાં ભત્રીજા હર્ષ દવેએ કહ્યું હતું છે કે કાકીના ઘરમાં કિશન શેઠ દોઢ વર્ષ પહેલાં ભાડે રહેવા આવ્યો હતો, પરંતુ તેણે ઘરમાં ચોરી કરી હતી એટલે કાઢી મૂક્યો હતો. કિશનને કાકી રીટાબહેન ઉપર ગુસ્સો હતો અને એમની આર્થિક સમૃદ્ધિની જાણકારી હતી.

### ફૂલના ભાવ સડસડાટ રીતે આસમાનને આંબી ગયા

# લગ્નસરાની સીઝનના આરંભની સાથે જ ફૂલોના ભાવ આસમાને પહોંચ્યા



### ચોમાસાના અંતિમ તબકકામાં ઓછો ઉતારો મળ્યો હતો

ચાલુ વર્ષે ચોમાસાની ઋતુના અંતિમ તબકકામાં પણ સૌરાષ્ટ્ર સહિત રાજ્યમાં કેટલાક સ્થળોએ અવિરતપણે હળવાથી ભારે ઝાપટાઓ બાદ આગાહી મુજબ માવઠા પણ વરસ્યા હતા જેથી જે તે સમયે ફૂલ,બાગાયતી,શાકભાજી સહિતના પાકને નુકશાન થયુ હતુ અને વધારે પ્રમાણમાં ફૂલ પલળી જતા ઉત્પાકોને ધારણા કરતા ઓછા માલનો ઉતારો મળ્યો હતો.

(એજન્સી) ભાવનગર । તા.26

દેવ-દિવાળી યાને તુલસી-વિવાહની ઉજવણી સાથે જ ગોહિલવાડમાં શરૂ થયેલી લગ્નસરાની સીઝનના આરંભની સાથે જ ગોહિલવાડમાં ફૂલના ભાવ સડસડાટ રીતે આસમાનને આંબી જતા ગ્રાહકોના મો કરમાઈ જવા લાગ્યા હતા.ભાવનગર સહિત ગુજરાત રાજ્યમાં હજુ નવેમ્બર માસના અંતિમ દિવસોમાં તેમજ આગામી ડિસેમ્બર માસ દરમિયાન ધૂમ લગ્નસરા જામવાની હોય આ દિવસોમાં પણ ફૂલના ભાવ ઉંચા રહેશે તેમ સ્થાનિક ફૂલબજારમાંથી જાણવા મળેલ છે.ગોહિલવાડમાં નવેમ્બરના અંતિમ પખવાડીયામાં લગ્નસરાની સીઝનના પ્રારંભની સાથે જ ગુલાબ તેમજ ગલગોટા સહિતના ફૂલના ભાવમાં એકાએક ગરમાવો આવી ગયો છે. આ અગાઉ પ્રકાશના મહાપર્વ દિપોત્સવીના તહેવાર દરમિયાન ફૂલની ડિમાન્ડ એકાએક વધી ગઈ હતી. દેવદિવાળીના તહેવાર બાદ થોડા દિવસ ફૂલની ઘરાગી થોડી ઘટી ગઈ હતી. દરમિયાન તાજેતરમાં લગ્નસરાની સીઝન ફરી શરૂ થતાની સાથે જ ગલગોટા અને ગુલાબ સહિતના પચરંગી ફૂલની ડિમાન્ડ વધી રહી છે ત્યારે જ ભાવનગર શહેર અને જિલ્લાના કેટલાક ગ્રામ્ય વિસ્તારોમાં ગલગોટા અને ગુલાબની આંશિક અછત સર્જાતા સ્થાનિક વિક્રેતાઓના જથ્થાબંધ વિક્રેતાઓના ગોડાઉનના સ્થળોએ ધકકા વધી રહ્યા છે. સામાન્ય રીતે દર વર્ષે લગ્નગાળાની સીઝન દરમિયાન ગુલાબ અને ગલગોટાની ડિમાન્ડ વધી જતી હોય છે. ગોહિલવાડમાં તો ઘણા સ્થળોએ આ સીઝનનો ગેરલાભ લેવા માટે કેટલાક વિક્રેતાઓ ગલગોટાની અછત છે તેમ કહીને પણ ઉંચા ભાવ વસુલવાનું ચૂકતા નથી. વરરાજા અને કન્યાના ફૂલના સાદાથી લઈને ડેકોરેટીવ ફૂલહારની કિંમતમાં પણ ૧૫ થી ૨૦ ટકાનો વધારો ઝીંકાયો છે. લગ્નસરાની સીઝનમાં હાલ ફૂલના ભાવમાં અંદાજે ૧૫ થી ૨૦ ટકાનો ધરખમ વધારો જણાઈ રહ્યો છે તેમ છતાં જે તે ગ્રાહકને સમયસર ફૂલ મળી ન શકતા રઝળપાટ કરવાનો વખત આવ્યો છે.

### નડિયાદ પાલિકાની ખાસ સામાન્ય સભા યોજાઈ

# જનરલ બોર્ડના 10 ઠરાવો અને પ્રમુખ સ્થાનેથી 10 કામોને સર્વાનુમતે મંજૂરી

(એજન્સી) નડિયાદ । તા.26

નડિયાદ નગરપાલિકાની સોમવારે મળેલી ખાસ સામાન્ય સભામાં ૧૦ કામોના ઠરાવને તથા પ્રમુખ સ્થાનેથી લેવાયેલા ૧૦ કામોને સર્વાનુમતે મંજૂરી આપવામાં આવી હતી. જેમાં ઈપ્કોવાળા ગ્રાઉન્ડને ભાડે આપવા, પેટલાદ રોડ પરની સોસાયટીમાં સીસી રોડ બનાવવા, ૩૫ હાથલારી ખરીદવા સહિતના કામોને મંજૂર કરાયા હતા.

સામાન્ય સભા યોજાઈ હતી. જેમાં ૧૦ કામોના ઠરાવને બહાલી અપાઈ હતી. તેમજ પ્રમુખ સ્થાનેથી લેવાયેલા ૧૦ કામોને સર્વાનુમતે મંજૂરી આપવામાં આવી હતી. આ ઠરાવોમાં મહાસુદ પૂનમના મેળામાં ઈપ્કોવાળા ગ્રાઉન્ડને ભાડેથી આપવા અપશેટ કિંમત અને શરતો મંજૂર કરાઈ હતી. તેમજ પેટલાદ રોડ પરની સોસાયટીમાં સીસી રોડ બનાવવા માટે ૧૦ ટકા રકમ પાલિકાના ભંડોળમાંથી અને અન્ય સરકારમાં દરખાસ્ત કરવા બાબત, ક્લોઝ બોડી ટ્રોલીને બદલે ૩૫ નંગ હાથલારીની પોર્ટલ પર ખરીદી કરવા નિર્ણય, નાના કુંભનાથ રોડ પર બાલમંદિર હેતુસર આપવાના કામો સહિતના કામોને બહાલી આપવામાં આવી છે. તેમજ ડભાણ ભાગોળ નજીક શંખેશ્વર મહાદેવ મંદિર પાસે જૂની જર્જરિત મૂતરડી આવેલી છે. જે દૂર કરવા અંગે પૂજારી દ્વારા પાલિકામાં રજૂઆત કરવામાં આવી હતી. જેને ધ્યાને લઈ મૂતરડી તોડી પાડવાનો ઠરાવ પણ મંજૂર કરાયો છે. નોંધનીય છે કે, પાલિકાની સામાન્ય સભા નિયમિત રીતે ડિસેમ્બરમાં યોજાય છે, જે તેના નિયત સમયે યોજાશે. વિકાસના કામોને લીલીઝંડી આપવા માટે સોમવારે ખાસ બોર્ડ બોલાવવામાં આવ્યું હતું.

સામાન્ય સભા દરમિયાન અપક્ષ કાઉન્સિલર માજીદ ખાને જણાવ્યું હતું કે, પાલિકાના વોર્ડ નં.૪,૫ અને ૬માં પાલિકો તરફથી કોઈ પ્રકારની પ્રાથમિક સુવિધાઓ આપવામાં આવતી ન હોવાના આક્ષેપ લગાવ્યા હતા. તેમજ આ બોર્ડમાં ૧૫થી ૨૦ રોડ એવા લેવાયા છે, જે ટૂંક સમય અગાઉ જ બનેલા છે, જ્યારે ઉપરોક્ત વોર્ડમાં ઘણા વર્ષોથી રોડ બન્યા જ નથી, પાલિકા દ્વારા આ વોર્ડના તમામ લોકો સામે ઓરમાયું વર્તન રાખવામાં આવી રહ્યું છે.

### પાલિકા કચરો ન સળગાવતી હોવાનો તંત્રનો દાવો

## પાલિકાએ ઠાલવેલો કચરો સળગાવતા 25 થી વધુ સોસાયટીના લોકોને હાલાકી



(એજન્સી) આણંદ । તા.26

બોરસદની આણંદ ચોકડી પાસે આવેલી કાશીબા સોસાયટી પાસે નગરપાલિકાના પ્લોટમાં પાલિકા દ્વારા શહેરનો તમામ કચરો ઠાલવવામાં આવે છે. આ કચરો સળગાવતા ફેલાતા ધુમાડાના કારણે આસપાસની ૨૫થી વધુ સોસાયટીના રહીશોને શ્વાસની તકલીફ ઉભી થઈ હોવાના આક્ષેપો લાગ્યા છે. જ્યારે પાલિકા દ્વારા કચરો સળગાવવામાં ન આવતો હોવાનો ચીફ ઓફિસર દ્વારા દાવો કરવામાં આવ્યો છે. બોરસદની આણંદ ચોકડી પાસે આવેલી કાશીબા સોસાયટીમાં પાલિકાનો પ્લોટ આવેલો છે. સ્થાનિકોના જણાવ્યા મુજબ, આ પ્લોટમાં પાલિકા દ્વારા શહેરનો તમામ કચરો ઠાલવવામાં આવતા સ્થાનિકો અસહ્ય દુર્ગંધથી ત્રસ્ત બન્યાં છે. તેમજ કચરો સળગાવવામાં આવતા આખા વિસ્તારમાં ધુમાડો ફેલાય છે. જેના કારણે પ્રદૂષણ ફેલાઈ રહ્યું છે. પરિણામે વિસ્તારની ૨૫થી વધુ સોસાયટીના અંદાજે બે હજારથી વધુ રહીશોને શ્વાસ લેવામાં તકલીફ પડી રહી હોવાના આક્ષેપ લગાવ્યા હતા. તેમજ આ અંગે બોરસદ પાલિકા, જિલ્લા કલેક્ટર સહિત ઉચ્ચકક્ષાએ વારંવાર લેખિત રજૂઆતો કરવા છતાં પાલિકા દ્વારા કોઈ કાર્યવાહી કરવામાં ન આવી હોવાના અને કચરો ઠાલવવા બીજા પ્લોટ ફાળવેલા હોવા છતાં આ જગ્યાએ જ કચરો નાખવામાં આવતો હોવાના આક્ષેપ લગાવ્યા હતા.

# કોંગ્રેસના પક્ષપલટુ પ્રમુખ સામે ખંભાત પાલિકાના ભાજપના 6 સહિત 8 કાઉન્સિલરોના રાજીનામાં

(એજન્સી) આણંદ । તા.26

ભાજપ શાસિત ખંભાત નગરપાલિકામાં કોંગ્રેસમાંથી પક્ષપલટો કરીને આવેલા પ્રમુખ દિગ્વિજયસિંહ પરમાર અને કાઉન્સિલરો વચ્ચેનો આંતરિક જુથવાદ સપાટી પર આવ્યો છે. મંગળવારે પાલિકાની સાધારણ સભા યોજાશે. તેની પૂર્વ સંધ્યાએ પાલિકાના ઉપપ્રમુખ, મેનેજિંગ કમિટિના ચેરમેન સહિત ભાજપના છ અને અપક્ષના બે કાઉન્સિલરો મળી કુલ ૮ કાઉન્સિલરોએ પાલિકાના સભ્યપદેથી રાજીનામું આપી દેતાં રાજકારણ ગરમાયું છે. પ્રમુખ મનસ્વી નિર્ણયો લેતા હોવાના અને ચૂંટાયેલા સભ્યોના વોર્ડમાં વિકાસના કામોની ગ્રાન્ટ ન ફાળવતા હોવાના આક્ષેપ સાથે સભ્યોએ રાજીનામાં આપી દીધા છે. ત્યારે આજે મળનારી સાધારણ સભામાં ભાજપ બહુમતી ગુમાવી દે તેવી ચર્ચાઓએ જોર પકડયું છે.

ખંભાત નગરપાલિકા છેલ્લા કેટલાક સમયથી વિવાદોમાં સપડાયેલી છે.ગત ચૂંટણીમાં ભાજપે સભ્યોની નારાજગી હોવા છતાં કોંગ્રેસમાંથી પક્ષપલટો કરીને આવેલા દિગ્વિજયસિંહ પરમારને ખંભાત પાલિકા પ્રમુખ બનાવતા ભાજપના જૂના કાર્યકરો અને નગરસેવકોમાં વિવાદ શરૂ થયો હતો. ભાજપે ચાર અપક્ષોની મદદથી સત્તા મેળવી હતી. છેલ્લા બે વર્ષથી ખંભાત પાલિકામાં પ્રમુખની કામગીરી, મનસ્વી નિર્ણયો, અનેક કામોમાં ગેરરીતિ સહિતના આક્ષેપો સાથે નગરસેવકોએ જિલ્લા ભાજપ સંગઠનને અનેકવાર લેખિત અને મૌખિક રજૂઆતો કરી હતી. છતાં સંગઠન દ્વારા કાર્યવાહી ન કરવામાં આવતા પ્રમુખ સામે નારાજગી અને અસંતોષથી રોષે ભરાયેલા ભાજપના છ અને ભાજપને સમર્થન આપનારા અપક્ષના બે કાઉન્સિલરોએ સોમવારે પાલિકાના સભ્યપદેથી રાજીનામું આપી દીધું છે. નોંધનીય છે કે, પાલિકા દ્વારા તા.૨૬ નવેમ્બરને મંગળવારે પાલિકાની સાધારણ સભા બોલાવવામાં આવી છે. ત્યારે સાધારણ સભા પહેલા જ પાલિકાના ઉપપ્રમુખ ઉષાબેન બારૈયા અને મેનેજિંગ કમિટિના ચેરમેન જીતેન્દ્રભાઈ ખારવા સહિત ૮ કાઉન્સિલરોએ રાજીનામું આપી દેતા દોડધામ મચી હતી. ખંભાત નગરપાલિકાના કુલ ૯ વોર્ડમાં ૩૬ કાઉન્સિલરો ચૂંટાયા છે. ભાજપમાંથી ૧૮ સભ્યો જીત્યા હતા, જ્યારે કોંગ્રેસમાંથી ૧૪ સભ્યો જીત્યા હતા. જેથી ભાજપે અપક્ષના ચાર સભ્યોના સમર્થનથી સત્તા મેળવી હતી. તેવામાં અચાનક આઠ સભ્યોએ રાજીનામાં આપી દેતાં હાલ ભાજપ પાતળી બહુમતીમાં આવી ગઈ છે. હાલમાં ભાજપ પાસે ૧૪ અને કોંગ્રેસ પાસે ૧૩ સભ્યો છે.

### લીંબાસીમાં રાઈસ મીલનો હિસાબ રાખતા મહેતાજીએ જ રૂ. 80 લાખની ઉચાપત કરી

નડિયાદ | માતરના લીંબાસી ગામે રાઈસ મીલના મહેતાજીએ હિસાબોના ચોપડાઓ તથા નાણાકીય વ્યવહારોમાં ચેડા કરી પોતાના પિતરાઈ સાથે મળી મીલમાંથી કુલ રૂ.૮૦,૦૧,૦૦૦ની ઉચાપત કરી હતી. ઓડીટ તપાસમાં સમગ્ર હકિકત સામે આવતા રાઈસ મીલના માલિકે મહેતાજી અને તેના ભાઈ વિરૂદ્ધ લીંબાસી પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. લીંબાસી ગામે રહેતા જિજ્ઞેશકુમાર રાજેન્દ્રકુમાર ઠક્કરની માલાવાડા ચોકડી ખાતે યોગીકૃપા રાઈસ મીલ અને લીંબાસી-વસ્તાણા રોડ પર દિવ્ય રાઈસ મીલ આવેલી છે. તે ખેડૂતો પાસેથી ડાંગર અને ઘઉંની ખરીદી કરી મીલમાં પ્રોસેસ કરી વેચાણ કરે છે. આ મીલના હિસાબી વ્યવહારો અને વેપારીઓ સાથે તમામ પ્રકારની નાણાકીય લેવડ-દેવડ મહેતાજી કરીકે છેલ્લા ૧૪ વર્ષથી નોકરી કરતા આશીષભાઈ અશોકભાઈ પટેલ કરે છે.

### પોલીસ ફરિયાદની દાઝમાં પિતા, પુત્ર પર 3 શખ્સનો છરી વડે હુમલો

ભાવનગર | ગઢડા તાલુકાના ટાટમ ગામે રહેતા બાબુભાઈ વિઠ્ઠલભાઈ જાડા ને આજ ગામે રહેતા શખ્સ સાથે અગાઉ માથાકૂટ થી હતી.અને આ બનાવ અંગે પોલીસ ફરિયાદ પણ થઈ હતી.દરમિયાનમાં બાબુભાઈ તથ બાબુભાઈના ભાઈ ઘનશ્યામભાઈ તથા પીરુભાઈ નટુભાઈ ઝાલા પાનના ગલ્લા પાસે હાજર હતા તે દરમિયાન ગામના વિશાલ ભાજુભાઈ જીડીયાં તથા કિશોર ભાજુભાઈ જીડીયા અને એક અજાણ્યો શખ્સે દુકાન પાસે આવી વિશાલ કહેવા લાગેલ કે તું કેમ અમારી સાથે સમાધાન નથી કરતો એમ કહી ગાળો આપવા લાગ્યો હતો. ગાળો દેવાની ના પાડતા વિશાલે એકદમ ઉશ્કેરાઈ હાથમાં રહેલ લોખંડનો પાઈપ નાકના ભાગે ઝીંકી દેતા બાબુભાઈ જમીન પર પડી ગયા હતા.અને ત્રણેય ઢીંકા પાટુ નો માર મારવા લાગ્યા હતા.દરમિયાનમાં પિતા વિઠ્ઠલભાઈ તથા બાબુભાઈ ઓધાભાઈ જાડા વચ્ચે પડેલ અને વધુ મારથી બચાવ્યો હતો.

### ભાવનગર-અમદાવાદ શોર્ટ રૂટ પર ધોલેરા નજીક મુસાફરો ભરેલી તન્ના ટ્રાવેલ્સની ગૂંલાંટ

ભાવનગર | તન્ના ટ્રાવેલ્સના ચાલકે ધોલેરા હાઈ- વે નજીક સામેથી આવતાં વાહનને બચાવવા જતાં બસનાં ચાલકે સ્ટિયરિંગ પરનો કાબૂ ગૂમાવ્યો હતો. જેના કારણે મુસાફરોથી ખોચોખીચ ભરેલી બસ રોડની બાજૂના ખાડામાં ઉતરી ગૂલાંટ મારી ગઈ હતી. જેના કારણે થોડા સમયમાટે હાઈ-વે પર અફરા-તફરીનો માહોલ સર્જાયો હતો. જો કે, સદ્નસીબે આ ઘટનામાં બસમાં સવાર પાંચેક મુસાફરોને નાની મોટી ઈજા થઈ હતી. આ બનાવની જાણ ૧૦૮ એમ્બ્યુલન્સને થતાં ૧૦૮નો કાફલો પણ ઘટના સ્થળે પહોંચી ગયો હતો અને ઈજા પામેલા મુસાફરોને સારવાર માટે હોસ્પિટલ ખસેડાયા હતા. જો કે સદનસીબે આ અકસ્માતમાં જાનહાનિ થવા પામી ન હતી. અને મોટી દૂર્ઘટના ટળી હતી.આ બનાવની જાણ થતા પોલીસ કાફલો પણ ઘટના સ્થળે દોડી જઇ કાર્યવાહી હાથ ધરી છે. જો કે, અકસ્માત અંગે પોલીસ ફરિયાદ થઈ ન હતી.

### ચોક્કસ કારણ હજુ સુધી જાણી શકાયું નથી

## જૂના સચિવાલયની બિલ્ડીંગમાં લાગી આગ, 1 કલાકમાં મેળવી લીધો કાબૂ, કોઈ જાનહાનિ નહી



(એજન્સી) ગાંધીનગર । તા.26

રાજ્યમાં સતત આગ ઘટનાઓમાં વધારો થઇ રહ્યો છે. ત્યારે આજે વહેલી સવારે ગાંધીનગર ખાતે આવેલા ડો. જીવરાજ મહેતા ભવન- જૂના સચિવાલયની બિલ્ડિંગના બ્લોક નંબર 1 નજીક સવારે આગ ફાટી નીકળી હતી. ઓફિસ સમય પહેલા લાગેલી આગને અંદાજે એક કલાકમાં કાબુમાં લાવવામાં આવી હતી. આગની ઘટનાની જાણ થતાં ફાયર બ્રિગેડની ટીમ ઘટનાસ્થળે દોડી આવી હતી અને માત્ર એક કલાકમાં આગ પર કાબૂ મેળવી લીધો હતો.

જૂના સચિવાલય ગાંધીનગરના સૂત્રોના જણાવ્યા અનુસાર, આગ જૂના સચિવાલયના ગેટની સામે આવેલા બ્લોક નં. 1 અને બ્લોક નંબર 8ની નજીક આગ લાગી હતી. ચાલુ દિવસ હોવાથી ઓફિસ ટાઈમિંગ પહેલાં લાગેલી આગ પર ગણતરીના કલાકોમાં જ કાબૂ મેળવી લેવામાં આવ્યો હતો. જોકે આગ લાગવાનું ચોક્કસ કારણ હજુ સુધી જાણી શકાયું નથી.

આ ઘટનામાં કોઈ જાનહાનિના થયેલ નથી અને ફાયર વિભાગના બે મોટા ફાયર કોટનરોલ વાહન અને એક નાનું વાહન જોવા મળ્યું હતું, જેણે પરિસ્થિતિને નિયંત્રણમાં લીધી હતી.

### ડિસેમ્બરમાં વન-વે શરૂ કરવા હિલચાલ

# 27 માસમાં પૂર્ણ કરવાનું કામ 4 વર્ષે પણ અધુરૂં : શહેરમાં ફ્લાયઓવરનું ટેસ્ટિંગ શરૂ

**ફ્લાયઓવર પર હેવી ટ્રક ઉભા રાખી ટેસ્ટિંગ શરૂ કરાયું, હજુ પાંચ દિવસ ટેસ્ટિંગની કામગીરી ચાલશે : ટેસ્ટિંગ રિપોર્ટના આધારે મહાપાલિકા ફ્લાઈઓવર પર દેસાઈનગરથી શાસ્ત્રીનગર સુધીના વન-વે પર વાહન વ્યવહાર શરૂ કરવા અંગે નિર્ણય લેશે**

(એજન્સી) ભાવનગર । તા.26

સરકારી તંત્રમાં મોટાભાગની કામગીરી સમય મર્યાદામાં થતી નથી, જેના કારણે લોકોની પરેશાની વધતી હોય છે અને કામગીરીનો ખર્ચ પણ વધતો હોય છે, આવુ જ ભાવનગર મહાપાલિકામાં જોવા મળી રહ્યુ છે. ભાવનગર મહાપાલિકાએ શહેરના શાસ્ત્રીનગરથી દેસાઈનગર સુધી ફ્લાયઓવર બનાવવાની કામગીરી ચાર વર્ષ પૂર્વે શરૂ કરી હતી પરંતુ હજુ ફ્લાયઓવરની કામગીરી પૂર્ણ થઈ નથી. જો કે, આ મામલે ભારે ચર્ચા અને વિવાદ શરૂ થતાં આખરે આજે ફ્લાયઓવરનુ ટેસ્ટીંગ શરૂ કરવામાં આવ્યુ છે અને ટેસ્ટીંગ પૂર્ણ થઈ ગયા બાદ ફ્લાયઓવર પરનો વન-વે રોડ શરૂ કરવા માટેની હિલચાલ ચાલી રહી હોવાનું જાણવા મળેલ છે.

આ અંગેની વિગત એવી છે કે, શહેરમાં શાસ્ત્રીનગરથી આરટીઓ સર્કલ થઈ દેસાઈનગર સુધીના કામ માટે પીએમસીને તા. ૭



ઓકટોબર,૨૦૨૦ના એલઓએ આપવામાં આવ્યો હતો. આ કામની સમય મર્યાદા આશરે ૨૭ માસની હતી પરંતુ સમય મર્યાદામાં કામ નહીં થતા એક વર્ષ સમય મર્યાદા વધારવામાં આવી હતી પરંતુ આ કામ હજુ ચાર વર્ષે પણ પૂર્ણ થયું નથી તેથી ફરી સમય મર્યાદા વધારી દેવામાં આવી છે. આ કામ હજુ ચાર વર્ષે પણ પૂર્ણ થયુ નથી પરંતુ આ રોડ પર ટ્રાફિકજામનો પ્રશ્ન છે તેથી લોકોમાં રોષ જોવા મળી રહ્યો છે, જેના કારણે ફ્લાયઓવર પરનો વન-વે રોડ શરૂ કરવા માટે લાંબા સમયથી ચર્ચા ચાલી રહી છે. આજે ભાવનગર મહાપાલિકાના રોડ વિભાગે ફ્લાયઓવરના ટેસ્ટીંગની કામગીરી હાથ ધરી છે. ફ્લાયઓવર પર હેવી ટ્રક ઉભા રાખી ટેસ્ટીંગ કરવામાં આવી રહ્યુ છે અને આશરે ચાર-પાંચ દિવસ ટેસ્ટીંગ ચાલશે. ટેસ્ટીંગ પૂર્ણ થઈ ગયા બાદ મહાપાલિકા દ્વારા દેસાઈનગરથી શાસ્ત્રીનગર સુધીનો વન-વે રોડ વાહન ચાલકો માટે શરૂ કરવા માટેની હિલચાલ મહાપાલિકામાં ચાલી રહી છે. ઉલ્લેખનીય છે કે, આશરે એક-દોઢ માસ પૂર્વે ફ્લાયઓવરના કામની સમય મર્યાદા વધારવા અને કન્સલ્ટન્ટસી ફી રૂ. ૨.૧૧ લાખ પ્રતિ માસ મુજબ કામ કરાવવાની મંજૂરી આપવા સ્ટેન્ડીંગ કમિટિમાં નિર્ણય કરવામાં આવ્યો હતો. ચાર માસે પણ કામ પૂર્ણ થયુ નથી તેમ છતાં મહાપાલિકા દ્વારા કોઈ કડક પગલા લેવામાં આવતા નથી અને સમય મર્યાદા વધારવામાં આવે છે તેથી લોકોમાં રોષ જોવા મળી રહ્યો છે.

### ઘોઘા અને ગારિયાધારમાંથી 6 જૂગારી ઝડપાયા, 2 ફરાર

(એજન્સી) ભાવનગર । તા.26

ઘોઘા અને ગારીયાધારમાં જુગારની બાજી માંડી બેસેલા છ શખ્સને પોલીસે ઝડપી લીધા હતા.જ્યારે ગારીયાધાર માં બે શખ્સ ફરાર થઈ જવાં માં સફળ રહ્યા હતા.આ બનાવની જાણવા મળતી વિગત મુજબ ઘોઘા પોલીસ મથકનો સ્ટાફ પેટ્રોલિંગ કરી રહ્યા હતા તે દરમિયાન બાતમી મળતા તુરતજ કુડા ગામના નાળા પાસે દરોડો કરી જુગાર રમતા રોકડ રકમ સાથે ઝડપી લઇ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

જ્યારે બીજા બનાવમાં ગારીયાધાર પોલીસ મથકનો સ્ટાફ પેટ્રોલિંગ કરી રહ્યા હતા તે દરમિયાન બાતમી મળતા તુરતજ ગારિયાધારના નવા ગામ રોડ પર આવેલ મફતનગર ખારા નાં કાંઠે દરોડો કરી જુગાર રમતાને રોકડ રકમ સાથે ઝડપી લીધા હતા. જ્યારે અપુલ સુરાભાઈ ચૌહાણ ,જાહિદ રાજુભાઈ દલ નાસી છૂટતા પોલીસે આંઠ શખ્સ વિરુદ્ધ ફરિયાદ દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

### હાઈવે પર આખલાઓના યુધ્ધથી અકસ્માતની ભીતિ

## ઉમરાળા હાઈવે પર રખડતા પશુઓના અડિંગાથી વાહનચાલકો તોબા

(એજન્સી) ઉમરાળા । તા.26


ઉમરાળાની પશ્ચિમે એસ.ટી. બસ સ્ટેશનને અડીને પસાર થતા અમરેલી-અમદાવાદ રાજ્ય ધોરી માર્ગ પર,જયાં છ તરફના માર્ગોનું જંકશન બને છે ત્યાં બસ સ્ટેશનની સામે હાઈવે પર રખડતા ઢોર સરાજાહેરમાં બેરોકટોકપણે કલાકો સુધી અડ્ડો જમાવીને ઊભાં અથવા બેઠાં હોય છે,જાણે કે આ હાઈવે પરથી પૂરપાટ ઝડપે પસાર થતા માતેલા સાંઢ જેવાં વાહનોની ગતિના નિયંત્રણની તેઓ ફરજ બજાવતા હોય તેવી સૌને અનુભૂતિ થાય છે.

ઉમરાળાના બસ સ્ટેશનની સામે સ્ટેટ હાઈવેની બન્ને તરફના ઉપરાંત રોડથી ગામમાં પ્રવેશવાનો મુખ્ય માર્ગ,બસ સ્ટેશનમાં જવા-આવવાનો રસ્તો,રોડની પશ્ચિમે ઈરિગેશન કોલોની અને લોક વસાહત, હનુમાનજી મંદિર,ગ્રામ વાટીકા અને ખેડૂતોના વાડી-ખેતરમાં જવા-આવવાના માર્ગોહાઈવે સાથે જોડાયેલા છે.આથી એ સ્થળ પર છ તરફના માર્ગોનું જંકશન બને છે. ત્યાં અગાઉ સ્પીડબ્રેકર્સ હતાં, પરંતુ કહેવાતા કોઈ લોકસેવકની મોંઘીદાટ કારમાં સેવક અને તેમના શ્રીમતિજીને સ્પીડ બ્રેકરથી તકલીફ પડી હશે તેથી સેવકના હુકમથી કે ગમે તેમ,પણ થોડા વર્ષો અગાઉ સંબંધિત ખાતાના આજ્ઞાંકિતોએ સ્પીડબ્રેકરો હટાવી દીધાં હતા અને ત્યારથી એ જંકશન પર અકસ્માતની સતત તલવાર લટકતી રહે છે અને તેથી હંમેશાં પોઝીટીવ વલણ અને શાંત પ્રકૃતિવાળા ઉમરાળાના



લોકો હાઈવે પર પશુઓના અડ્ડાને સ્પીડબ્રેકર તરીકે પોઝીટીવ નજરે જોઈ રહ્યા છે.! જયારે ત્યાંથી પસાર થતા વાહનોના ચાલકો કઈ નજરે જુએ છે તેની ખબર નથી.ઉમરાળાના પશ્ચિમ પાદરમાં દિવસ દરમિયાન છાસવારે રખડતા પશુઓ કલાકો સુધી અડીંગો જમાવીને પડયા પાથર્યા રહેતા હોય ત્યાંથી પસાર થનારા વાહનચાલકોને હાઈવે પર બિન્ધાસ્ત આરામ ફરમાવતા આ રખડતા પશુઓને તારવી તારવીને વાહન ચલાવવામાં ભારે મુશ્કેલીઓનો સામનો કરવાનો વખત આવે છે. અધુરામાં પુરૂ આ હાઈવે પર ઠેર-ઠેર આ રખડતા પશુઓ તેને દૂર કરવા જનારાઓને ઢીંકે ચડાવવા રીતસરની દોટ મુકતા હોય છે. આથી વાહનચાલકો અને રાહદારીઓ ત્યાંથી પસાર થવા માટે પશુઓને દૂર કરવાનુ મુનાશીબ માનતા નથી. પશુઓના અડીંગાને લઈને આ હાઈવે પર ઠેર-ઠેર ગંદકીના ઢગલાઓ ખડકાયેલા જોવા મળી રહ્યા છે.

## આપનો આજનો દિવસ



**મેષ (અ,લ,ઇ)**
કેટલાક મતભેદો તમને અજંપ તથા બેચેન કરી મુકશે. જે લોકોએ કોઈ થી ઉધાર લીધું છે તેમને આજે કોઈપણ હાલત માં ઉધાર ચુકાવું પડી શકે છે.

**વૃષભ (બ,વ,ઉ)**
તમારું ઝડપી પગલું તમને પ્રેરિત કરશે. આ બાબત તમારા દ્રષ્ટિકોણને વ્યાપક બનાવશે- તમારા વ્યકતિત્વને સુધારશે તથા તમારા મગજને સમૃદ્ધ બનાવશે.

**મિથુન (ક,છ,ઘ)**
તમારા સ્વાસ્થ્ય વિશે ચિંતા કરતા નહીં, કેમ કે આવું કરવાથી તમારી બીમારી વકરી શકે છે. બાકી નાણાં અથવા કોઈને ઉછીની આપેલી રકમ પરત આખરે પરત મળશે.

**કર્ક (ડ,હ)**
તમારા સ્વાસ્થ્યમાં સુધારો લાવે એવી બાબતો પર કામ કરવા માટે લાભદાયક દિવસ. તમામ જવાબદારીઓ તથા આર્થિક વ્યવહારો સાવચેતીપૂર્વક પાર પાડવા.

**સિંહ (મ,ટ)**
સ્વાસ્થ્ય બચાવવાની આદત તમને ખૂબ જ મદદ કરશે. લાંબી મુસાફરી પર જવાની યોજના ઘડી રહ્યા છો. વ્યસ્ત છતાં તમે થાક સાથે આસાનીથી કામ પાડી શકશો.

**કન્યા (પ,ઠ,ણ)**
આજનો દિવસ આપના માટે ખૂબ સારો. ગત દિવસોમાં જેટલું ધન તમે પોતાના આજ ને સારૂં કરવા માટે નિવેશ કર્યું હતું તેનું ફાયદો તમને આજે મળી શકે છે.

**તુલા (ર,ત)**
તમે જીવન માં પૈસા ના મહત્વ ને નથી સમજતા પરંતુ આજે તમને પૈસા નું મહત્વ સમજ આવી શકે છે. કેમકે તમને આજે પૈસા ની સખત જરૂર પડી શકે છે.

**વૃશ્ચિક (ન,ય)**
તમારી બારીમાં ફૂલો મૂકી તમારો પ્રેમ દર્શાવો. તમારી માટે પ્રેમ પવનમાં છે. તમારે માત્ર તમારી આસપાસ જોવાની જરૂર છે, બધું જ ગુલાબી દેખાશે.

**ધન (ભ,ધ,ફ)**
પોતાના જોડે તમે આજે ભવિષ્ય માટે ની કોઈ યોજના બનાવી શકો છો અને શક્યતા છે કે તે યોજના સફળ પણ થાય. બાળકો તમારી માટે દિવસ મુશ્કેલ બનાવી શકે.

**મકર (ખ,જ)**
સ્વાસ્થ્ય સારૂં રહેશે. વિદેશમાં પડેલી તમારી ભૂમિ આજના દિવસે સારી કિંમત માં વેચાઈ શકે છે. તમને લાભ પણ થશે. પારિવારિક જવાબદારીઓ ભૂલશો નહીં.

**કુંભ (ગ,શ,સ)**
ધનની આવક તમને આર્થિક મુશ્કેલીઓથી દૂર કરી શકે છે. મિત્રો સાથેની પ્રવૃત્તિઓ માણવાલાયક હશે પણ સામે ચાલીને ખર્ચ કરવાની તૈયારી દેખાડતા નહીં.

**મીન (દ,ચ,ઝ,થ)**
નિરાશાવાદી અભિગમ ટાળવો જોઈએ કારણ કે તે તમારી શક્યતાઓને ન માત્ર ન્યૂનતમ કરશે બલ્કે તમારા શરીરની સંવાદિતામાં પણ ખલેલ પહોંચાડશે.

## બેંકિંગ, કેપિટલ ગુડ્ઝ શેરોમાં તોફાની તેજી : DIIની રૂ.૬૯૦૮ કરોડની ચોખ્ખી વેચવાલી

# લાબા સમય બાદ FPIની રૂ.9947 કરોડની નવી ખરીદી

(એજન્સી) નવી દિલ્હી । તા. 24

મહારાષ્ટ્રમાં ભાજપના નેતૃત્વમાં મહાયુતિનો વિધાનસભા ચૂંટણીમાં મહાવિજય થતાં ભારતીય શેર બજારોમાં ફંડો, મહારથીઓએ તેજીના તોફાની દોરને આગળ વધાર્યો હતો. શેરોમાં ઓલ રાઉન્ડ ફંડોએ તેજી કરતાં સેન્સેક્સ ફરી ૮૦૦૦૦ અને નિફટી ૨૪૦૦૦ની સપાટી પાર કરી ગયા હતા. એમએસસીઆઈ ઈન્ડેક્સમાં ફેરફાર સાથે આજે એચડીએફસી બેંકમાં જંગી વોલ્યુમ સાથે ફોરેન ફંડોની સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાની આગેવાનીએ બેંકિંગ-ફાઈનાન્સ શેરો સહિત અન્ય શેરોમાં સિલેક્ટિવ ખરીદીએ બજારમાં ઈન્વેસ્ટરોમાં ફરી ખુશાલી છવાઈ હતી. ફંડો, ખેલંદાઓએ આજે સ્મોલ, મિડ કેપ શેરોમાં પણ નવેસરથી પસંદગીની ખરીદી વધારતા સેન્ટીમેન્ટ સુધરતું જોવાયું હતું. સેન્સેક્સ એક તબક્કે ૧૩૫૫.૯૭ પોઈન્ટની છલાંગે ઉપરમાં ૮૦૪૭૩.૦૮ સુધી પહોંચ્યા બાદ અંતે ૯૯૨.૭૪ પોઈન્ટ વધીને ૮૦૧૦૯.૮૫ બંધ રહ્યો હતો. જ્યારે નિફટી ૫૦ સ્પોટ એક સમયે ૪૪૪.૩૦ પોઈન્ટ ઉછળીને ૨૪૩૫૧.૫૫ સુધી જઈ અંતે ૩૧૪.૬૫ પોઈન્ટ વધીને ૨૪૨૨૧.૯૦ બંધ રહ્યો હતો. આજે અનેક



શેરોના ભાવો ઉછળતા રોકાણકારોની સંપતિ એટલે કે બીએસઈમાં લિસ્ટેડ કંપનીઓનું એક્ત્રિત માર્કેટ કેપિટલાઈઝેશન આજે એક દિવસમાં રૂ.૫.૮૭ લાખ કરોડ વધીને રૂ.૪૩૯.૫૮ લાખ કરોડ પહોંચી ગયું હતું. આમ ગત સપ્તાહના શુક્રવાર અને આજે સોમવારે મળીને બે દિવસમાં રોકાણકારોની સંપતિમાં રૂ.૧૪.૨૦ લાખ કરોડનો વધારો થયો છે.

કેપિટલ ગુડ્ઝ શેરોમાં તેજી કેપિટલ ગુડ્ઝ શેરોમાં આજે ફંડોએ ફરી તોફાની તેજી કરી હતી. એબીબી રૂ.૩૬૬.૧૦ વધીને રૂ.૭૨૭૧.૧૫, મઝગાંવ ડોક રૂ.૧૮૪.૭૫ વધીને રૂ.૪૧૭૬.૨૫, હિન્દુસ્તાન એરોનોટિક્સ રૂ.૧૭૯.૮૦ વધીને રૂ.૪૨૯૦.૪૫, લાર્સન એન્ડ ટુબ્રો રૂ.૧૪૮.૭૦ વધીને રૂ.૩૭૫૩.૨૫, આરવીએનએલ રૂ.૧૭.૩૫ વધીને રૂ.૪૩૭.૭૫, એઆઈએ એન્જિનિયરીંગ રૂ.૮૭.૧૫ વધીને રૂ.૩૫૦૩.૯૫, પ્રાજ ઈન્ડસ્ટ્રીઝ રૂ.૧૭.૯૦ વધીને રૂ.૭૯૯.૨૦ રહ્યા હતા. બીએસઈ કેપિટલ ગુડઝ ઈન્ડેક્સ ૨૨૦૪.૭૭ પોઈન્ટ ઉછળીને ૬૯૬૨૨.૦૫ બંધ રહ્યો હતો. બેંકિંગ-ફાઈનાન્સ શેરોમાં ફંડોએ આજે ફરી સિલેક્ટિવ મોટી ખરીદી કરી હતી. બેંક ઓફ બરોડા રૂ.૧૧.૧૦ વધીને રૂ.૨૪૭.૨૦, કેનેરા બેંક રૂ.૪.૦૫ વધીને રૂ.૧૦૧, સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા રૂ.૨૮.૭૦ વધીને રૂ.૮૪૪.૭૫, એચડીએફસી બેંક એમએસસીઆઈ ગ્લોબલ સ્ટાન્ડર્ડ ઈન્ડેક્સમાં વેઈટેજ ફેરફાર સાથે નવો ફોરેન ફંડ પ્રવાહ ઠલવાતાં શેર રૂ.૧૮૦૦ ક્રોસ કરી અંતે રૂ.૩૮.૬૫ વધીને રૂ.૧૭૮૪.૬૦, આઈસીઆઈસીઆઈ બેંક રૂ.૨૩.૩૦ વધીને રૂ.૧૩૦૧.૫૦, ફેડરલ બેંક રૂ.૩.૭૫ વધીને રૂ.૨૧૩, કોટક મહિન્દ્રા બેંક રૂ.૨૮.૮૫ વધીને રૂ.૧૭૯૧.૫૫ રહ્યા હતા. બીએસઈ બેંકેક્સ ઈન્ડેક્સ ૧૧૯૮.૬૬ પોઈન્ટ ઉછળીને ૫૯૫૦૪.૭૧ બંધ રહ્યો હતો. ઓઈલ-ગેસ શેરોમાં આજે ફંડોએ ફરી તેજી કરતાં બીએસઈ ઓઈલ-ગેસ ઈન્ડેક્સ ૮૩૮.૬૬ પોઈન્ટ ઉછળીને ૨૬૫૬૧.૧૯ બંધ રહ્યો હતો.

## જનરેટિવ એઆઈ ક્ષેત્રમાં સપ્ટેમ્બર ત્રિમાસિકમાં છ ગણું ભંડોળ ઊભું કરાયું

(એજન્સી) નવી દિલ્હી । તા. 26



ગ્લોબલ જનરેટિવ આર્ટિફિસિઅલ ઈન્ટેલિજન્સ (જન એઆઈ) ક્ષેત્રમાં ભારતે પોતાની સ્થિતિ મજબૂત બનાવી છે અને જનએઆઈ સ્ટાર્ટઅપ ક્ષેત્રમાં મોટા દેશોના હિસ્સામાં ભારતની રેન્ક છઠ્ઠી રહી છે. વર્તમાન નાણાં વર્ષના બીજા ત્રિમાસિકમાં ભારતનું જનએઆઈ ફન્ડિંગ ત્રિમાસિક ધોરણે છ ગણું વધ્યું હોવાનું એક રિપોર્ટમાં જણાવાયું હતું. સપ્ટેમ્બર ત્રિમાસિકમાં ભારતના જનએઆઈ સ્ટાર્ટઅપ્સે ૫.૧૦ કરોડ ડોલર ઊભા કર્યા છે જે જૂન ત્રિમાસિકમાં ૮૦ લાખ ડોલર ઊભા કરાયા હતા એમ નાસ્કોમે તેના રિપોર્ટમાં નોંધ્યું છે. સપ્ટેમ્બર ત્રિમાસિકમાં ફન્ડિંગના વીસ જેટલા રાઉન્ડ જોવા મળ્યા હતા જે જનએઆઈ સ્ટાર્ટઅપ્સ ક્ષેત્રે ફન્ડિંગ પ્રવૃત્તિ વધી રહ્યાનું સૂચવે છે. વાર્ષિક ધોરણે જોવા જઈએ તો, ફન્ડિંગમાં ૩.૪૦ ટકા વધારો થયો છે. જનરેટિવ એઆઈ ક્ષેત્રનો ઝડપથી વિકાસ થઈ રહ્યો છે અને ટેકનોલોજી સેવા પૂરી પાડનારી કંપનીઓની પુન:રચના થઈ રહી છે અને નવી ક્ષમતાઓ પણ ખુલી રહી છે. ટેકનોલોજી સેવા પૂરી પાડતી કંપનીઓ તેમની સ્ટ્રેટેજીનું રિવેલ્યુએશન કરી રહી છે અને ટેકનોલોજી તથા ટેલેન્ટમાં ઈન્વેસ્ટમેન્ટ વધારી રહી છે, એમ પણ રિપોર્ટમાં નોંધવામાં આવ્યું છે.

### વિદેશી રોકાણકારોની રૂ. 9947 કરોડની નવી લેવાલી

## રોકાણકારોની સંપતિમાં બે દિવસમાં રૂ.14 લાખ કરોડનો જંગી વધારો

(એજન્સી) નવી દિલ્હી । તા. 26

મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણીમાં મહાયુતિનો વિજય થયાના અહેવાલો પાછળ આજે વિદેશી રોકાણકારોને આગેવાની હેઠળ નીકળેલી નવી લેવાલી પાછળ આજે બીજા દિવસે શેર બજારમાં તેજીનો માહોલ જારી રહ્યો હતો. જેના પગલે બે દિવસમાં રોકાણકારોની સંપતિમાં રૂ. ૧૪ લાખ કરોડનો વધારો નોંધાયો હતો. જાણકાર વર્તુળોના જણાવ્યા મુજબ મહારાષ્ટ્રમાં મહાયુતિની જીત થતા સરકારી પગલા આગળ વધવાનો આશાવાદ પ્રબળ બન્યો હતો. આ ઉપરાંત સારા ચોમાસા બાદ લગ્નગાળાની ચિક્કાર સીઝનના કારણે નવી માગમાં વધારાની ગણતરીની પણ સાનુકૂળ અસર જોવાઈ હતી. આ અહેવાલો પાછળ આજે વિદેશી રોકાણકારોની આગેવાની હેઠળ ખેલાડીઓ તેમજ રોકાણકારોની નવી લેવાલી પાછળ સેન્સેક્સ ઈન્ટ્રાડે ૧૩૫૬ પોઈન્ટ ઊછળ્યા બાદ કામકાજના અંતે ૯૯૨.૭૪ પોઈન્ટ ઊછળી ૮૦૧૦૯.૮૫ પહોંચ્યો



હતો. જ્યારે નિફટી ઈન્ટ્રાડે ૪૪૪ પોઈન્ટ ઊછળ્યા બાદ કામકાજના અંતે ૩૧૪.૬૫ પોઈન્ટ ઊછળી ૨૪૨૨૧.૯૦ ની સપાટીએ મક્કમ રહ્યો હતો. સેન્સેક્સના ઊછાળા પાછળ આજે રોકાણકારોની સંપતિમાં (બીએસઈ માર્કેટકેપ) રૂ. ૫.૮૭ લાખ કરોડનો વધારો થતા અંતે રૂ. ૪૩૯.૫૮ લાખ કરોડ પહોંચ્યું હતું. તેજીના પગલે છેલ્લા બે દિવસમાં (રવિવાર અને સોમવાર) રોકાણકારોની સંપતિમાં રૂ. ૧૪.૨૦ લાખ કરોડનો વધારો નોંધાયો છે. લાંબા સમય બાદ આજે વિદેશી રોકાણકારોએ રૂ. ૯૯૪૭ કરોડની નવી લેવાલી હાથ ધરી હતી.

## ગોદરેજ વિક્રોલી કુકિના અને એફબીએઆઈ એ આઈએફબીએ 2024માં ભારતીય ફૂડ કલ્ચરના વિઝનરીઝને સન્માનિત કર્યાં

(એજન્સી) મુંબઈ । તા. 26

ગોદરેજ ઈન્ડસ્ટ્રીઝ ગ્રુપ (જીઆઈજી) દ્વારા રજૂ કરવામાં આવેલા બ્રાન્ડ-એગ્નોસ્ટીક ફૂડ અને લાઈફસ્ટાઈલ પ્લેટફોર્મ ગોદરેજ વિક્રોલી કુકિનાએ ફૂડ બ્લોગર્સ એસોસિએશન ઓફ ઈન્ડિયા (એફબીએઆઈ) સાથે ભાગીદારીમાં ગોવા સ્થિત સેવન રીવર્સ તાજ હોલિડે વિલેજ ખાતે ઈન્ડિયા ફૂડ એન્ડ બેવરેજ એવોર્ડ્સ 2024(આઈએફબીએ)નું ગૌરવભેર આયોજન કર્યું છે. ભારતની વૈવિધ્યસભર ફૂડ ઈકોસિસ્ટમની ઉજવણી કરીને આઈએફબીએ વ્યક્તિગત તથા એન્ટીઝનું બહુમાન કરવાનું જાળવી રાખ્યું છે, જેમના અસાધારણ કાર્યોને લીધે ફૂડ તથા ક્યુલિનરી ઈન્ડસ્ટ્રીઝને યોગ્ય આકાર મળ્યો છે તથા પુન:વ્યાખ્યાયિત થયેલ છે. સન્માન પ્રાપ્ત કરનારા પ્રતિષ્ઠિત વ્યક્તિઓમાં શેફ સંજયોત કીરેને હોસ્પિટાલિટી તથા ક્યુલિનરી ઈન્ડસ્ટ્રીઝમાં અસાધારણ યોગદાન આપવા માટે પ્રતિષ્ઠિત એવૉર્ડથી સન્માનિત કરવામાં આવ્યા, અને કલ્યાણ કરમાકરને એફબીએઆઈ સ્ટાર તરીકે જાહેર કરવામાં આવ્યા હતા. તેમણે ઈટરીમાં ટોપ રિવ્યૂ માટે ઈન્સ્ટા એવૉર્ડથી સન્માનિત કરવામાં આવ્યા. 2024 આઈએફબીએ દ્વારા 13 મુખ્ય કેટેગરીમાં ટેલેન્ટને માન્યતા આપવામાં આવી, જેમાં ફેસબુક, ઈન્સ્ટાગ્રામ, બ્લૉગ, યુટ્યુબ, મીડિયા, હોસ્પિટાલિટી, પબ્લિક વોટિંગ, એફબીએઆઈ સ્ટાર, ઈન્ડસ્ટ્રી સપોર્ટ, એજ્યુકેશન, પીઆર એજન્સી, તથા હોસ્પિટાલિટી અને ક્યુલિનરી ઈન્ડસ્ટ્રીઝમાં યોગદાન સહિત 32 સબ-કેટેગરીઝનો સમાવેશ થાય છે. આ વર્ષના કાર્યક્રમમાં કુલ 122 વિજેતાઓનું સન્માન કરવામાં આવ્યું હતું.

## ટાટા એસેટ મેનેજમેન્ટે ભારતના ભાવિમાં રોકાણ કરવા બીએસઈ સિલેક્ટ બિઝનેસ ગ્રુપ્સ ઈન્ડેક્સ આધારિત પ્રથમ ઈન્ડેક્સ ફંડ લોન્ચ કર્યું

(એજન્સી) મુંબઈ । તા. 26

ટાટા એસેટ મેનેજમેન્ટે આજે ટાટા બીએસઈ બિઝનેસ ગ્રુપ ઈન્ડેક્સ ફંડ લોન્ચ કરવાની જાહેરાત કરી છે. જે રોકાણકારોને ભારતના અગ્રણી જૂથોમાં રોકાણ કરવાની તક પ્રદાન કરશે. આ ફંડ સબ્સ્ક્રિપ્શન માટે આજથી 25 નવેમ્બર, 2024થી શરૂ થઈ ચૂક્યું છે અને ઓફર 9 ડિસેમ્બર, 2024ના રોજ બંધ થશે. ટાટા બીએસઈ સિલેક્ટ બિઝનેસ ગ્રુપ ઈન્ડેક્સ ફંડ ભારતના ટોચના સાત બિઝનેસ ગ્રુપમાં સામેલ કંપનીઓ સમાવિષ્ટ બીએસઈ સિલેક્ટ બિઝનેસ ગ્રુપ ઈન્ડેક્સને ટ્રેક કરે છે. આ બિઝનેસ જૂથો વિવિધ 19 ઈન્ડસ્ટ્રીઝમાં વિસ્તરેલા છે. જે ભારતના આર્થિક વિકાસ માટેની સેન્ટ્રલ થીમને પ્રતિબિંબ કરે છે. ફંડમાં ભારતના ભાવિ ગ્રોથને વેગ આપતાં મુખ્ય ક્ષેત્રોની 30 કંપનીઓનો સમાવેશ કરવામાં આવશે. જેમાં અન્ય ઉદ્યોગો પર ધ્યાન કેન્દ્રિત કરતાં ફાઈનાન્સિયલ સર્વિસ સેક્ટરને બાકાત રાખવામાં આવશે.

સાત બિઝનેસ ગ્રુપમાં ટાટા ગ્રુપ, રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ, અદાણી ગ્રુપ, આદિત્ય બિરલા ગ્રુપ, એલએન્ડટી, જિંદાલ ગ્રુપ અને મહિન્દ્રા ગ્રુપ સામેલ છે. પ્રત્યેક ગ્રુપનો વેઈટેજ રેશિયો તેના ફ્રી-ફ્લોટ માર્કેટ કેપના આધારે 23 ટકા નિર્ધારિત કરવામાં આવ્યો છે. ટાટા એસેટ મેનેજમેન્ટના ચીફ બિઝનેસ ઓફિસર આનંદ વરદરાજને જણાવ્યું હતું કે, 'અમે ટાટા બીએસઈ સિલેક્ટ બિઝનેસ ગ્રુપ ઈન્ડેક્સ ફંડ શરૂ કરવા બદલ ઉત્સુક છીએ, જે રોકાણકારોને ભારતના અગ્રણી જૂથોની વિકાસ યાત્રામાં ભાગ લેવાની અનન્ય તક પૂરી પાડે છે. ગતિશીલ બજારના માહોલમાં અનુકૂલન અને વિકાસ કરવાની આ વ્યવસાયોની ક્ષમતા તેમને લાંબા ગાળાના રોકાણકારો માટે આકર્ષક રોકાણો પૈકી એક બનાવે છે. વધુમાં ઉમેર્યું હતું કે, 'રોકાણકારોને ટોચના જૂથોમાં સામેલ પાવર 7નો ફાયદો થઈ શકે છે. ઈન્ડેક્સની વિકાસ યાત્રામાં શક્તિ પ્રદાન કરશે. રોકાણકારને આ ટોચના સાત જૂથો સાથે એવા પોર્ટફોલિયોમાંથી લાભ મેળવવાની તક મળશે કે, જેના બિઝનેસ તમામ ક્ષેત્રોમાં વિસ્તરેલા છે.

## કરન્ચસી બજારમાં ડોલર સામે રૂપિયો ઝડપથી ઉંચકાયો: પાઉન્ડ, યુરો ઉછળ્યા

(એજન્સી) નવી દિલ્હી । તા. 26

મુંબઈ કરન્સી બજાર આજે રૂપિયા સામે ડોલરના ભાવ ટોચ પરથી ઝડપી તૂટતાં રૂપિયો સ્પ્રિંગની જેમ ઉછળ્યો હતો. શેરબજાર ઉછળતાં કરન્સી બજારમાં રૂપિયા પર પોઝીટીવ અસર દેખાઈ હતી. ડોલરના ભાવ રૂ.૮૪.૪૭ વાળા આજે સવારે રૂ.૮૪.૩૬ ખુલ્યા પછી ઉંચામાં ભાવ રૂ.૮૪.૩૯ રહ્યા પછી ઝડપી ગબડી નીચામાં ભાવ રૂ.૮૪.૨૫ થઈ છેલ્લે બંધ ભાવ રૂ.૮૪.૨૯ રહ્યા હતા. રૂપિયો આજે ડોલર સામે ૧૮ પૈસા વધતાં ૦.૨૧ ટકાની વૃદ્ધિ રૂપિયામાં જોવા મળી હતી. અમેરિકામાં ટ્રેઝરી સેક્રેટરી તરીકે ફંડ મેનેજર સ્કોટ બેસેન્ટની વરણી કરાતાં ત્યાં બોન્ડ માર્કેટમાં ટ્રેઝરી યીલ્ડ નીચી ઉતર્યાના વાવડ મળ્યા હતા તેની અસર પણ ડોલરના ભાવ પર દેખાઈ હતી. વિશ્વ બજારમાં વિવિધ પ્રમુખ કરન્સીઓ સામે ડોલરનો વૈશ્વિક ઈન્ડેક્સ આજે ૦.૫૭ ટકાતૂટી નીચામાં ૧૦૭ની અંદર ઉતરી ૧૦૬.૮૦ થઈ ૧૦૬.૯૪ રહ્યાના નિર્દેશો મળ્યા હતા.વિશ્વ બજારમાં ડોલર સામે બ્રિટીશ પાઉન્ડ તથા યુરોપીયન કરન્સી યુરોના ભાવ ઉછળતાં મુંબઈ બજારમાં પણ રૂપિયા સામે પાઉન્ડના



ભાવ આજે ૩૦ પૈસા વધી ઉંચામાં ભાવ રૂ.૧૦૬.૪૦ થઈ છેલ્લે રૂ.૧૦૫.૯૮ રહ્યા હતા. જ્યારે યુરોના ભાવ ૫૫ પૈસા વધી ઉંચામાં ભાવ રૂ.૮૮.૪૮ થઈ છેલ્લે ભાવ રૂ.૮૮.૪૧ રહ્યા હતા. રૂપિયા સામે જાપાનની કરન્સી આજે જો કે બેતરફી વધઘટના અંતે શાંત રહી હતી જ્યારે ચીનની કરન્સી રૂપિયા સામે ૦.૨૧ ટકા ઘટયાના નિર્દેશો મળ્યા હતા. વિશ્વ બજારમાં ડોલર ઈન્ડેક્સ વિતેલા સપ્તાહના અંતભાગમાં ઉંચકાઈ ૧૩ મહિનાની ટોચે પહોંચ્યો હતો તે આજે ટોચ પરથી ગબડતો જોવા મળ્યો હતો. એમએસસીઆઈના ગ્લોબલ ઈક્વીટી ઈન્ડેક્સમાં ફેરફારો થતાં તેના પગલે દેશમાં પોર્ટફોલિયો ઈન્વેસ્ટમેન્ટના સ્વરૂપમાં ડોલરનો ઈન્ફલો વધ્યાના સમાચાર હતા અને તેની અસર પણ કરન્સી બજારમાં રૂપિયાના ભાવ પર તથા ડોલરના ભાવ પર દેખાઈ હતી.

### આ યોજનાનો ઉદ્દેશ પાન કાર્ડને સરકારી એજન્સીઓની તમામ ડિજિટલ સિસ્ટમ સાથે જોડવાનો છે

## હવે બદલાઈ જશે પાન કાર્ડ, QR કોડમાં હશે તમામ માહિતી: જૂના કાર્ડનું શું થશે ?

(એજન્સી) નવી દિલ્હી । તા. 26

કેન્દ્રીય કેબિનેટ બેઠકમાં આજે મહત્ત્વના નિર્ણય લેવાઈ શકે છે. મોદી કેબિનેટની બેઠકે ગઈકાલે સોમવારે PAN 2.0 પ્રોજેક્ટને મંજૂરી આપી દીધી છે. જેની પાછળ સરકારે રૂ. 1435 કરોડનું ફંડ ફાળવ્યું છે. આ યોજનાનો ઉદ્દેશ પાન કાર્ડને સરકારી એજન્સીઓની તમામ ડિજિટલ સિસ્ટમ સાથે જોડવાનો છે. જે કાર્યક્ષમતામાં વધારો કરશે. સૂચના અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે આ અંગે જણાવ્યું હતું કે, પાન કાર્ડ આપણા જીવનનો મહત્ત્વનો હિસ્સો છે. જે મધ્યમ વર્ગ અને નાના વેપારીઓ માટે અતિ મહત્ત્વનો છે. જેને ક્યુઆર કોડની સાથે અપગ્રેડ કરવામાં આવશે. અર્થાત પાન નંબરને બદલ્યા વિના કાર્ડને એડવાન્સ બનાવાશે, જેના માટે કોઈ વધારાનો ચાર્જ વસૂલવામાં આવશે નહીં. PAN 2.0 એ



પરમિનન્ટ એકાઉન્ટ નંબર સિસ્ટમનું વ્યાપક અપગ્રેડેશન છે. જે કરદાતાઓને સીમલેસ, ડિજિટલ અનુભવ પ્રદાન કરતાં કામગીરીને સરળ બનાવે છે. આ સિસ્ટમ પાન સંબંધિત તમામ સેવાઓ અને સરકારી કામકાજ માટે સેન્ટ્રલાઈઝ્ડ પોર્ટલ તૈયાર કરશે. જેમાં યુઝરનો ડેટા સુરક્ષિત રાખવા માટે સાયબર સિક્યુરિટીમાં પણ સુધારો કરવામાં આવ્યો છે. PAN 2.0 યોજના હેઠળ તમામ સરકારી ડિજિટલ એજન્સીઓ માટે પાન કાર્ડને કોમન બિઝનેસ આઈડેન્ટિફાયર બનશે. પાન કાર્ડમાં ક્યુઆર કોડ આપવામાં આશે. જેથી કરદાતાઓની વિગતોનું ઝડપી અને સુરક્ષિત વેરિફિકેશન થઈ શકશે. કરદાતાઓના ડેટાને સુરક્ષા પ્રદાન કરતાં સાયબર સિક્યુરિટીને મજબૂત બનાવવામાં આવી છે. સંપૂર્ણપણે પેપરલેસ સિસ્ટમ હોવાથી પર્યાવરણ અને ખર્ચમાં બચત કરશે. પાન સંબંધિત કામકાજમાં લાગતો સમય ઘટશે. તેમજ કરદાતાઓની માહિતીમાં જોવા મળતી ખામીઓ દૂર કરી ચોક્કસ વિગતો પ્રદાન કરશે. પાન કાર્ડધારકો મફતમાં પોતાનું પાન કાર્ડ અપગ્રેડ કરાવી શકશે. કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે સ્પષ્ટતા કરી છે કે, વર્તમાન પાન કાર્ડ માન્ય છે. નાગરિકોએ નવા પાન નંબર માટે અરજી કરવાની રહેશે. વર્તમાન કાર્ડમાં કોઈ પણ પ્રકારના ફેરફાર કર્યા વિના કાર્ડને એડવાન્સ બનાવવામાં આવશે. જેમાં ક્યુઆર કોડ આપવામાં આવશે. સરકાર આ યોજનાને ટૂંકસમયમાં લાગુ કરી શકે છે.

## સેન્સેક્સ 105 પોઈન્ટના ઘટાડા સાથે 80,004 પર બંધ:નિફ્ટીમાં પણ 27 પોઈન્ટનો ઘટાડો

મુંબઈ | 26મી નવેમ્બરે સેન્સેક્સ 105 પોઈન્ટના ઘટાડા સાથે 80,004ના સ્તરે બંધ થયો હતો. નિફ્ટી પણ 27 પોઈન્ટ ઘટીને 24,194ના સ્તરે બંધ રહ્યો હતો. તેમજ, BSE સ્મોલકેપ 333 પોઈન્ટના વધારા સાથે 53,923 પર બંધ થયો હતો. સેન્સેક્સના 30 શેરોમાંથી 16 ઘટ્યા અને 14માં તેજી રહી. નિફ્ટીના 50 શેરોમાંથી 27 ઘટ્યા અને 23માં તેજી રહી. NSEના ઓટો સેક્ટરમાં 1.28%નો સૌથી મોટો ઘટાડો જોવા મળ્યો. એશિયન માર્કેટમાં જાપાનનો નિક્કેઈ 1.34% અને કોરિયાનો કોસ્પીમાં 0.56%નો ઘટાડો છે. જ્યારે ચીનનો શાંઘાઈ કમ્પોઝિટ ઈન્ડેક્સ 0.25%ના તેજી સાથે કારોબાર કરી રહ્યો છે. 25 નવેમ્બરના રોજ, યુએસ ડાઓ જોન્સ ઈન્ડસ્ટ્રીયલ એવરેજ 0.99% વધીને 44,736 પર અને S&P 500 0.30% વધીને 5,987 પર બંધ થયો. નેસ્ડેક પણ 0.27% વધીને 19,054 પર બંધ થયો. NSEના ડેટા અનુસાર, વિદેશી રોકાણકારો (FII)એ 25 નવેમ્બરે 9,947.55 કરોડના શેર ખરીદ્યા હતા. આ દરમિયાન, સ્થાનિક રોકાણકારો (DII) એ 6,907.97 કરોડના શેરનું વેચાણ કર્યું હતું.

## RBI ગવર્નર શક્તિકાંત દાસની તબિયત લથડી... ચેન્નાઈની એપોલો હોસ્પિટલમાં કરાયા દાખલ


મુંબઈ | રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના ગવર્નર શક્તિકાંત દાસને ચેન્નાઈની એપોલો હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. છાતીમાં દુખાવો ઉપડતાં તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. હાલમાં, તે હોસ્પિટલમાં ડોકટરોની દેખરેખ હેઠળ છે જેઓ તેમના સ્વાસ્થ્ય પર સતત નજર રાખી રહ્યા છે. ગવર્નર દાસની તબિયતને લઈને આરબીઆઈના અધિકારીએ કહ્યું કે તેઓ હવે ઠીક છે અને ચિંતા કરવાની કોઈ જરૂર નથી. આરબીઆઈ ટૂંક સમયમાં આ મામલે ઔપચારિક નિવેદન જાહેર કરશે. મેડિકલ બુલેટિન પણ જાહેર કરવામાં આવે તેવી શક્યતા છે. આરબીઆઈના પ્રવક્તાએ જણાવ્યું કે ગવર્નર શક્તિકાંત દાસને ગેસની ફરિયાદના કારણે અપોલો હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. તેમણે કહ્યું કે તેમની તબિયતમાં સુધારો થઈ રહ્યો છે અને તેમને 2-3 કલાકમાં રજા આપવામાં આવશે. તેમણે કહ્યું, ગભરાવાની જરૂર નથી. હોસ્પિટલ સત્તાવાળાઓએ એમ પણ કહ્યું કે ઈમરજન્સી જેવી કોઈ વસ્તુ નથી. આરબીઆઈ ટૂંક સમયમાં ગવર્નરના સ્વાસ્થ્યને લઈને ઔપચારિક નિવેદન જાહેર કરશે.

### એસ્સાર ગ્રૂપને પહેલો ઓર્ડર મદ્રાસ પોર્ટ ટ્રસ્ટ તરફથી 2.5 કરોડનો મળ્યો હતો

## એસ્સાર ગ્રૂપના પ્રણેતા અને મોભી શશિકાંત રૂઈયાનું 81 વર્ષની વયે નિધન

(એજન્સી) નવી દિલ્હી । તા. 26

એસ્સાર ગ્રૂપના પ્રણેતા શશિકાંત રૂઈયાનું 81 વર્ષની વયે નિધન થયુ છે. પાર્થિવ દેહના અંતિમ દર્શન બપોરે 1થી 3 વાગ્યા સુધી રૂઈયા હાઉસ ખાતે કરી શકાશે. રૂઈયાની સ્મશાન યાત્રા સાંજે ચાર વાગ્યે નીકળશે. શશિકાંત રૂઈયાના ભાઈ રવિ રૂઈયાએ આ અંગે જાણકારી આપી હતી. રૂઈયા પ્રથમ પેઢીના ઉદ્યોગ સાહસિક હતા. તેમણે પોતાના ભાઈ રવિ રૂઈયા સાથે મળી 1969માં એસ્સાર ગ્રૂપનો પાયો નાખ્યો હતો. સામાજિક કલ્યાણ અને પરોપકાર પ્રત્યેની તેમની કર્મનિષ્ઠાએ કરોડો લોકોના જીવનમાં પરિવર્તન આવ્યું છે. એસ્સાર ગ્રૂપના કો-ફાઉન્ડર અને તેમના ભાઈ રવિ



રૂઈયાએ આ અંગે માહિતી આપતાં જણાવ્યું હતું કે, ખૂબ જ દુ:ખ સાથે અમે જણાવી રહ્યા છીએ કે, એસ્સાર પરિવારના વડા શશિકાંત રુઈયાનું 81 વર્ષે નિધન થયું છે. સામુદાયિક ઉત્થાન અને પરોપકાર માટે અતૂટ પ્રતિબદ્ધતા સાથે, તેમણે લાખો લોકોના જીવન કલ્યાણ માટે કામો કર્યા છે. વડાપ્રધાન મોદીએ શોક વ્યક્ત કરતાં ટ્વિટ કર્યું હતું કે, શશિકાંત રુઈયા ઉદ્યોગ જગતમાં એક દિગ્ગજ વ્યક્તિ હતા. તેમની નેતૃત્વ અને શ્રેષ્ઠતા પ્રત્યેની અતૂટ પ્રતિબદ્ધતા ભારતના બિઝનેસ લેન્ડસ્કેપમાં પરિવર્તન લાવી છે. તેમણે ઈનોવેશન અને ગ્રોથના ઊંચા માપદંડો નિર્ધારિત કર્યા હતા. તેઓ હંમેશા દેશના વિકાસ માટે યોગદાન આપતાં રહ્યા છે. તેમના નિધનથી હું અત્યંત દુ:ખી છું. શશિકાંત રૂઈયાએ ઉચ્ચ અભ્યાસ માટે વિદેશ જવાના બદલે 17 વર્ષની વયે ફેમિલી બિઝનેસ કરવાનું પસંદ કર્યું હતું. કન્સ્ટ્રક્શન અને એન્જિનિયરિંગ પર ફોકસ કરતાં ભાઈ સાથે મળી એસ્સાર ગ્રૂપનો 1969માં પાયો નાખ્યો હતો. શરૂઆતમાં કન્સ્ટ્રક્શન અને એન્જિનિયરિંગ ક્ષેત્રમાં કામગીરી શરૂ કરી અને 1980 સુધીમાં તેઓ ઓઈલ એન્ડ ગેસના મર્જર સાથે એનર્જી સેક્ટરમાં પ્રવેશ્યા હતા. 1990માં સ્ટીલ અને ટેલિકોમ ક્ષેત્રે વિસ્તરણ કર્યું હતું. એસ્સાર ગ્રૂપને પહેલો ઓર્ડર મદ્રાસ પોર્ટ ટ્રસ્ટ તરફથી 2.5 કરોડનો મળ્યો હતો. આજે ટેલિકોમ, બીપીઓ, ઓઈલ અને ગેસ સેક્ટરના બિઝનેસની પોર્ટફોલિયો સાઈઝ 40 અબજ ડોલરથી વધુ છે, બિઝનેસ 50થી વધુ દેશોમાં વિસ્તરેલો છે.

## બિટકોઈનની તોફાની તેજી આખરે 1,00,000 ડોલર પર અટકી પડી

(એજન્સી) નવી દિલ્હી । તા. 26

ગયા સપ્તાહમાં ૧,૦૦,૦૦૦ ડોલરની નજીક પહોંચી ગયા બાદ મુખ્ય ક્રિપ્ટોસ બિટકોઈનની રેલી અટકી પડી હોવાનું જોવા મળી રહ્યું છે અને હાલમાં ૯૯૦૦૦ ડોલર આસપાસ ટ્રેડ થઈ રહ્યો છે. ડોનાલ્ડ ટ્રમ્પ ક્રિપ્ટો કરન્સીસ માર્કેટ માટે કેવો અભિગમ અપનાવે છે તેના પર ખેલાડીઓની નજર રહેલી છે. ક્રિપ્ટોકરન્સીસની એકંદર માર્કેટ કેપ એક વર્ષમાં ૧૩૨ ટકાથી વધુ વધી છે. ૧,૦૦,૦૦૦ ડોલરની નજીક પહોંચ્યા બાદ બિટકોઈનના ખેલાડીઓ તેમના રોકાણ પાછા ખેંચી રહ્યાનું પ્રાપ્ત ડેટા જણાવી રહ્યા છે. એકસચેન્જો પર બિટકોઈનની ખરીદી કરતા વેચાણના ઓર્ડર છેલ્લા બે-ત્રણ દિવસથી વધુ આવી રહ્યા



હોવાનું એક રિપોર્ટમાં જણાવાયું હતું. અમેરિકામાં છ નવેમ્બરના ચૂંટણીના પરિણામ બાદ બિટકોઈન ૬૮૦૦૦ ડોલરથી એકધારો વધી ૧,૦૦,૦૦૦ ડોલરની નજીક પહોંચી ગયો છે પરંતુ એક લાખ ડોલરની સપાટી હજુ ટચ થઈ નથી. કોઈપણ પ્રકારના નકારાત્મક અહેવાલ બિટકોઈનમાં કરેકશન લાવી શકે છે એમ એક એનાલિસ્ટે જણાવ્યું હતું. ગયા સપ્તાહમાં શુક્રવારે બિટકોઈને ૯૯૫૦૦ ડોલરની સપાટી દર્શાવી હતી. એકંદર માર્કેટ કેપમાં બિટકોઈનનો હિસ્સો જે ગયા સપ્તાહના અંતે ૬૧.૫૦ ટકા હતો તે ઘટી ૫૯ ટકા પર આવી ગયો છે જે રોકાણકારો અન્ય ક્રિપ્ટોસમાં રોકાણ વાળી રહ્યાના પણ સંકેત આપે છે. સોમવારે બિટકોઈનનો ભાવ ૯૯૦૦૦ ડોલર આસપાસ કવોટ થયા કરતો હતો. આ સ્તરે બિટકોઈન થાક ખાઈ રહ્યો હોવાનું પણ અન્ય એક વિશ્લેષકે જણાવ્યું હતું. ક્રિપ્ટોકરન્સીસની એકંદર માર્કેટ કેપ ૩.૩૫ ટ્રિલિયન ડોલર પહોંચી ગઈ હતી. છેલ્લા એક વર્ષમાં માર્કેટ કેપમાં ૧૩૨ ટકા વધારો થયો છે. અમેરિકાના નિયુકત પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ ક્રિપ્ટોકરન્સીસની તરફેણમાં છે અને તેમના શાસનમાં ક્રિપ્ટો માર્કેટ માટે સાનુકૂળ નીતિઓ આવવાની ખેલાડીઓને અપેક્ષા છે.

## તંત્રીની કલમે...

વિક્રમ સંવત 2081, કારતક વદ-12

# પ્રત્યેક કુંભમેળામાં ત્રણથી ચાર મુખ્ય સ્નાન હોય છે

કુંભમહાપર્વની પાછળ એક પૌરાણિક કથા છે. દેવ અને દૈત્યોએ મળીને સમુદ્રમંથન કર્યું. સમુદ્રમંથનથી અમૃતનો ઘડો નીકળ્યો. અમૃત ઉપર બન્ને પક્ષોનો અધિકાર હતો, પણ દૈત્યો આ અમૃત પી જશે તો અમર થઇ જશે અને દેવોને કાયમ માટે ત્રાસ આપશે તેવા ભયથી ઈંદ્રનો પુત્ર જયંત પેલા અમૃતના ઘડાને લઈને આકાશમાર્ગે ઊડી ગયો. પોતાનું અમૃત પાછું મેળવવા દૈત્યો પાછળ પડ્યા. થાકના કારણે જયંતે ચાર સ્થળોએ આ ઘડાને મૂકેલો ત્યાં અમૃતના ચાર ટીપા પડેલા એટલે તે તે સ્થળ (હરિદ્વાર, પ્રયાગરાજ, ઉજ્જૈન અને નાસિક) એ દર ત્રણ વર્ષે નિશ્ચિત નક્ષત્રોના યોગો પ્રાપ્ત થતા લાખો માણસો સ્નાન કરવા ઊમટી પડે તે સ્વાભાવિક છે. સૂત્રગ્રંથો તથા ગીતા-ઉપનિષદોમાં આવા સ્નાનથી મોક્ષ મળવાની વાતો નથી, પણ પુરાણીઓએ પુરાણો દ્વારા પ્રકૃતિપૂજા, તેમાં પણ ખાસ કરીને જળપૂજા તરફ વધુ ભાર મૂક્યો. એટલે તીર્થોમાં સ્નાન કરવાનું, ગંધાતું પાણી હોય તો પણ સ્નાન કરવું એ પાકી શ્રદ્ધાનો વિષય બની ગયો. પ્રત્યેક કુંભમેળામાં ત્રણથી ચાર મુખ્ય સ્નાન થતા હોય છે. આ ધાર્મિક મેળો છે એટલે તેમાં મુખ્ય ઘટક સાધુઓનો રહે તે સ્વાભાવિક છે. ભારતમા વીસ હજાર જેટલા નાનામોટા સંપ્રદાયો-પંથો છે અને તેમાં ઘરબારીથી માંડીને ત્યાગી વિરક્ત પ્રકારના અસંખ્ય સાધુઓ છે. આ સાધુઓમાં પણ કેટલાક શાસ્ત્રધારી તથા કેટલાક શસ્ત્રધારી સાધુઓ પણ હોય છે. ત્રિશૂળ, ભાલો, ચીપિયો, કુહાડી, લાઠી વગેરે શસ્ત્રો લઈને સમૂહરૂપમાં વિચરણ કરનારા સાધુઓ પણ છે. આવા સમૂહને જમાત કહેવાય છે. જમાત શબ્દ ફારસીનો છે એટલે આ પ્રક્રિયા ફારસી ભાષાના પ્રભાવકાળવાળા મુસ્લિમ શાસન દરમ્યાન શરૂ થઈ હોય તેવું અનુમાન કરી શકાય છે. બચપણમાં મેં ઘણી જમાતો જોઈ છે. નાગાબાવાઓની જમાતોના નામથી ઓળખાતી આ જમાતોથી ગામડાના માણસો બહુ ડરતા. કેટલાક તો ખેતરોમાં ભાગી જાય, કેટલીક વાર ખેતરોમાંથી પણ ભાગેલા પટેલોને જમાતવાળા પકડી લાવે. ધોળી દાળ અને કાળી રોટી એ તેમનો મુખ્ય આહાર. ખાઇ-પીને મસ્ત રહેનારા, કેટલાક સારા વ્યાયામ કરનારા સુદૃઢ શરીરવાળા, દાવપેચ તથા અટાપટા જાણનારા સાધુઓ પણ હોય. તે વખતે અમને આવી કૂતુહલવશ જમાત જોવાની મજા પડતી, જોકે 'બાવા પકડી જશે' એવી બીક પણ દરેક છોકરાને હોય જ. જમાતમાં કોઇ કોઇ તપસ્વી, ધૂણી તાપનાર સારી પ્રકૃતિના સાધુ પણ હોય. ભાષાની દૃષ્ટિએ જોઈએ તો તોછડી ભાષા તથા ગાલી-ગલોચનું પ્રમાણ પણ સારા પ્રમાણમાં જોવા મળે. મુખ્યત: આવો શસ્ત્રધારી વર્ગ પ્રાચીન કાળમાં પોતપોતાના શસ્ત્રો સહિત કુંભસ્નાન કરવા પહોંચી જતો. ગંગાજીની રેતીમાં તંબૂઓ નાખીને ટોળેટોળા પોતપોતાના વિભાગમાં રહેતા. આ સ્થળોને માટે આશ્રમ વગેરેને બદલે લશ્કરી શબ્દ 'છાવણી' વપરાતો. આજે પણ ઘણા ઉતારાઓને 'છાવણી' કહેવાય છે. આવી તે રીતે રામાદલ તથા શંભુદલ એમ 'દલ' શબ્દનો પ્રયોગ પણ કરાતો. રામાદલ એટલે વૈરાગી નાગાબાવાઓ અને શંભુદલ એટલે સંન્યાસી નાગાબાવાઓ. આવા જ બીજા પણ નાનામોટા દળો પોતપોતાની નિર્ધારિત જગ્યાએ તંબૂઓ વગેરેમાં ગોઠવાઇ જતા. મુસ્લિમો જેમ કતલની રાત માને છે તેમ કુંભસ્નાનનું પ્રભાત કતલપ્રભાત બની જતું, કારણ કે નિશ્ચિત જગ્યાએ પ્રથમ સ્નાન કરવા ભારે હોંસાતૂંસી થતી. એ હોંસાતૂંસી મારામારી તથા ધિંગાણામાં ફેરવાઇ જતી. શસ્ત્રો તો પાસે હોય જ એટલે તેનો ઉપયોગ થતો. અસંખ્ય લાશો પડી જતી અને વિજયી દળ જયજયકાર કરતું ઉલ્લાસમાં આવીને સ્નાન કરતું. ખબર નહિ કેટલા સમયથી આવી પદ્ધતિ ચાલતી હશે. આવા ધિંગાણામાં શાસ્ત્રધારી વિદ્વાન સંતો ભાગ્યે જ આવતા.

### ઈન્ચાર્જ અધિકારીઓ એક બાદ એક નવા નિયમો લાગુ કરી શું સાબિત કરે છે...

# રાજપીપળા સિવિલ હોસ્પિટલ કંપાઉન્ડમાં નહીં જમવા જમવા દર્દી અને તેમના સગાને દબાણ થતું હોવાની બૂમ

ભરત શાહ | રાજપીપળા

નર્મદા જિલ્લાની એકમાત્ર વડી ગણાતી રાજપીપળા સિવિલ હોસ્પિટલ નો નામ બડે ઓર દર્શન ખોટે જેવો ઘાટ જણાઇ રહ્યો છે કેમ કે ઈન્ચાર્જ અધિકારીઓ પોતાની મનમાની કરતા હોય તેમ એક બાદ એક નવા નિયમો લાગુ કરી જાણે દર્દીઓ ને હેરાન કરી રહ્યા છે. પહેલા પાર્કિંગ ગાર્ડન માં કરવાનો તઘલખી નિયમ લાગુ કર્યા બાદ હવે વર્ષોથી જે તે વોર્ડ માં ભોજન કહેતા દર્દીઓ કે તેમના સગા ને વોર્ડ માં નહિ પણ નીચે જઈ ને ભોજન કરવા નો નિયમ લગાવતા બિચારા બિમાર દર્દીઓ અંધારા માં જમવા મજબૂર બન્યા છે.

રાજપીપળા માં આવેલ મેડિકલ કોલેજ સંલગ્ન સિવિલ હોસ્પિટલ હંમેશા ચર્ચા માં રહી છે અને હજુ પણ ત્યાં ઈન્ચાર્જ અધિકારીઓ



પોતાના નિર્ણયો લાગુ કરી સ્ટાફ અને દર્દીઓ ને જાણે હેરાન કરી રહ્યા છે અને આવી અનેક બાબતો ના અખબારો અહેવાલ વારંવાર આવવા છતાં ગાંધીનગર બેઠેલા ઉચ્ચ અધિકારીઓ એ જાણે ગુજરાત ના નકશા માંથી રાજપીપળા નું નામ જ કાઢી નાખ્યું હોય તેમ આ તરફ કોઈજ ધ્યાન આપતા નથી અને સિવિલ ના ઈન્ચાર્જ અધિકારીઓ પોતાની મનમાની ચાલુ રાખી છે. જેમાં પહેલા વાહન પાર્કિંગ ગાર્ડન માં કરવા હુકમ કર્યા બાદ હવે દર્દીઓ ને હોસ્પિટલ માંથી અપાતું જમવાનું જે તે વોર્ડ માં નહિ બલ્કે નીચે કમ્પાઉન્ડ કે ત્યાં બનાવેલ વિસામા માં જઈ ખાવાનો હુકમ કરાયો પરંતુ સાંજ નું ભોજન ત્યાં ખાવા માં જોખમ છે કેમ કે વિસામા માં એકપણ લાઈટ નથી માટે દર્દીઓ અને તેમના સગા ભોજન કમ્પાઉન્ડ માં ગમે ત્યાં બેસી ખાવા મજબૂર થયા છે, જાણવા મળ્યા મુજબ ત્યાં અંધારપટ છે અને સાપ જેવા ઝેરી જીવ જંતુઓ પણ હોય ક્યારેક ત્યાં ભોજન કરવા બેઠેલા દર્દીઓ માટે જીવલેણ સાબિત થઈ શકે છે. ઉપરાંત ઉપર થી નીચે જમવા આવતા દર્દીઓ બિમાર હોવાથી કોઈ અશક્ત દર્દી ને તકલીફ વધે છે, માટે એક બાદ એક આવા જોહુકમી વાળા નિયમો લાગુ કરતા અધિકારીઓ દર્દીઓ ના હીત માં યોગ્ય નિર્ણય લે એ જરૂરી છે.

**આ મુદ્દે ઈન્ચાર્જ સિવિલ સર્જન ડો.હરેશ કોઠારી એ કહ્યું કે દાખલ દર્દીઓ ને તો ત્યાં વોર્ડ માં જ ખાવાનું અપાઈ છે અને ત્યાં જ જમે, દાખલ દર્દીઓ એ તો વોર્ડ છોડી ને બહાર જવાનું જ ના હોય પણ એમના સગા ને બહાર ખાવાનું આપવાનું હોય, કેમ કે ત્યાં બહુ ગંદકી અને ડિસ્ટર્બન્સ થાય અને સિક્યુરિટી બહુ નથી માટે સગા માટે અને બહાર વ્યવસ્થા કરી છે. છતાં કંઈ એવું હશે તો હું સૂચના આપી દઈશ.**

# નર્મદા જિલ્લાના મીડિયાકર્મીઓના આરોગ્યની ચિંતા કરતા મુખ્યમંત્રી

ભરત શાહ | રાજપીપળા

મીડિયા કર્મીઓના આરોગ્યની ચિંતા કરતા રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ ગુજરાત સરકાર, "ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી-ગુજરાત" અને માહિતી વિભાગના સંયુક્ત ઉપક્રમે અમદાવાદ ખાતેથી મેડિકલ ચેકઅપ કેમ્પનો શુભારંભ કરાયો હતો. રાજ્યના જુદા-જુદા જિલ્લાઓમાં આ કેમ્પ વિસ્તારવામાં આવ્યો છે. જેના અનુસંધાને 'ફીટ ઈન્ડિયા, ફિટ મીડિયા' ના થીમ હેઠળ નર્મદા જિલ્લાના પ્રિન્ટ-ઈલેક્ટ્રોનિક મીડિયાના કર્મીઓ અને માહિતી વિભાગના અધિકારી, કર્મીઓએ જુની જનરલ હોસ્પિટલ રાજપીપલા ખાતે સવારે ૮ થી ૧૨ દરમિયાન યોજાયેલા નિ:શુલ્ક આરોગ્ય તપાસણી કેમ્પનો લાભ લઈને પોતાના પ્રાથમિક આરોગ્ય તપાસ, ઈસીજી, એક્સ રે, બ્લડ સહિતની આરોગ્યની તપાસ ભૂખ્યા પેટે કરાવી હતી. આ પ્રસંગે નાયબ માહિતી નિયામક અરવિંદભાઈ મછારે જણાવ્યું કે, લોકશાહીના ચોથા સ્તંભ તરીકે પત્રકારની ભૂમિકા ખુબ મહત્વપૂર્ણ છે. પત્રકારની તંદુરસ્તી સમાજને જાગૃત રાખવાનું કાર્ય કરે



છે. સરકારની પ્રજાલક્ષી ઝુંબેશો, કાર્યક્રમો અને કલ્યાણકારી યોજનાઓનો લાભો છેવાડાના માનવી સુધી પહોંચે તે માટે જિલ્લા માહિતી કચેરી નર્મદા અને જિલ્લાના મીડિયાકર્મીઓની કામગીરી પ્રશંસનીય છે. રોજબરોજની વ્યસ્તતા વચ્ચે પોતાના આરોગ્યનો ખ્યાલ રાખવાના ઉદ્દેશ્ય સાથે સરકારે પણ આ બાબતને મહત્વ આપીને આ આયોજન કર્યુ હતુ. જેમાં પત્રકાર મિત્રો અને માહિતીના સ્ટાફમિત્રોએ ઉત્સાહભેર ભાગ લઈને આરોગ્યની તપાસ કરાવી હતી. નર્મદા જિલ્લાના મીડિયાકર્મીઓ તથા માહિતી વિભાગ સરકારની કલ્યાણકારી યોજનાઓની માહિતી, ઝુંબેશો, કાર્યક્રમોને છેવાડાના માનવી સુધી સારી રીતે પહોંચાડે છે.

# હળાહળ કળયુગમાં હજુ પણ પ્રમાણિકતા જીવે છે



મહેશ એલ.સોની | નખત્રાણા

આજનાં હળાહળ કળયુગમાં આપણે સોશીયલ મિડીયાના માધ્યમ થકી જોતા આવતાં હોઈ એ છિએ કે સોનાની ચેનો ,મોબાઈલ કે અન્ય કિમતી વસ્તુઓ ગઠીયાઓ આંચકીને લઈ જતા હોય છે. ત્યારે રસ્તામાં પડેલ મોંઘી કિંમતનો એક મોબાઈલ નખત્રાણાના બસ સ્ટેશન સામે આવેલી રસરાજ સ્વીટ નામની સ્વીટ- ફરસાણ ની દુકાનમાં કામ કરતા વિનોદ ભાઈ સોનીને મળતાં તેમણે એક વોટ્સ ગ્રુપ દ્વારા મોટી અરલના મોબાઈલ માલિક લખધીર સિંહ રાઠોડને મોબાઈલ પરત કરી પ્રામાણિકતાનું ઉત્કૃષ્ઠ ઉદાહરણ પુરૂ પાડયું હતું.

નખત્રાણાના 'નગરની નવાજૂની' નામના વોટ્સ એપ ગ્રુપના માધ્યમ થકી મોબાઈલના માલિકને મોબાઈલ મળી જતાં તેમણે વિનોદભાઈ સોની તથા રસરાજ સ્વીટના વિશાલભાઈ જોશી તથા રાજનભાઈ જોશી તેમજ નગરની નવાજૂની વોટ્સ એપ ગ્રુપના સંચાલક પત્રકાર લખનભાઈ દેસાઈનો આભાર વ્યક્ત કર્યો હતો.

## NEWS BRIEF

### મહારાષ્ટ્રમાંથી ગુજરાતમાં દારૂ પહોંચાડનાર બુટલેગરને પકડી પાડતી સાગબારા પોલીસ



ભરત શાહ | રાજપીપળા

નર્મદા જીલ્લામાં દાખલ થયેલ ગુનામાં સંડોવાયેલ આરોપીને પકડી પાડી પરીણામલક્ષી કામગીરી કરવા જિલ્લા પોલીસ વડા ની સુચનાઓ મુજબ પી.જે.પંડયા સર્કલ પોલીસ ઈન્સ્પેકટર ડેડીયાપાડા નાઓના માર્ગદર્શન હેઠળ સી.ડી.પટેલ પોલીસ સબ ઈન્સ્પેકટર સાગબારા પો.સ્ટે. તથા પોલીસ સ્ટાફના માણસોએ સાગબારા પો.સ્ટે. માં વિદેશી દારૂની પેટી નંગ-૯૪૬ કવાટરીયા નંગ-૪૫, ૪૦૮ કિ.રૂ.૪૫, ૪૦, ૮૦૦/- નો પ્રોહી. મુદ્દામાલ સપ્લાયર તરીકે સંડોવાયેલ મુકેશ અર્જુન ચૌધરી, રહે. અનાકવાડે પોસ્ટ.હસાવદ તા.શાહદા જી.નંદુરબાર (મહારાષ્ટ્ર ) હાલ રહે.નંદુરબાર જગતાપવાડી કામનાથ મહાદેવ મંદિર નજીક તા.જી. નંદુરબાર (મહારાષ્ટ્ર)ને હ્યુમન શોર્સીગ બાતમી આધારે નંદુરબાર (મહારાષ્ટ્ર) ખાતેથી પકડી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે.

### ચાર ચપ્પુ સાથે પકડ્યા : નર્મદા પોલીસ ચપ્પુ લઈને ફરતા શખ્સોને પકડવા મહેનત કરે છે

ભરત શાહ | રાજપીપળા

નર્મદા પોલીસ હવે જિલ્લા માં ચપ્પુ લઈને ફરતા લોકો પર બાઝ નજર રાખી રહી હોય એમ એક બાદ એક આવા લોકો ને ઝડપી ગુના દાખલ કરે છે, જેમાં તાજેતર માં રાજપીપળા અને આમલેથા પોલીસ સ્ટેશન માં ચપ્પુ સાથે પકડાયેલા ચાર વિરૂદ્ધ ગુનો દાખલ થયો હતો અને હાલમાં વધુ બે લોકો વિરૂદ્ધ ગુનો નોંધાયો છે. પ્રાપ્ત વિગતો અનુસાર રાજપીપળા પોલીસે રંગ અવધૂત મંદિર પાસેથી ભીખાભાઈ કીશનભાઈ કહાર, રહે. નવાફળીયા રાજપીપલા ને રંગઅવધુત મંદિર પાસે રોડ ઉપર કોઈ કોગ્નીઝેબલ ગુનો કરવાના ઈરાદે પોતાની પાસે ચપ્પુ જેવું હથિયાર સાથે રાખી પકડાઈ જતા ગુનો દાખલ કર્યો છે. જ્યારે બીજા ગુનામાં રાજપીપલા નિઝામશાહ દરગાહ પાસે થી પોલીસે મહમદ સહીદ ઈકબાલ શેખ, રહે. નિઝામશાહ દરગાહ પાસે સબ જેલની પાછળ, રાજપીપલા ને પણ ચપ્પુ જેવું હથિયાર સાથે પકડી ગુનો દાખલ કર્યો હતો.

### ચાણસ્મા ખાતે ડોડીયા પરિવાર વિકાસ ટ્રસ્ટ દ્વારા સંવિધાન દિવસની ઉજવણી કરાઈ



નિતીન ઠાકર | ચાણસ્મા

સંવિધાન ના રચયિતા ડૉ બાબા સાહેબ ની પ્રતિમા ને કાર્યકર્તાઓએ પુષ્પાજંલિ અર્પણ કરી શ્રધ્ધાંજલિ અર્પણ કરી. ૨૬ મી નવેમ્બર ના દિવસ ને ભારત સરકાર દ્વારા સંવિધાન દિવસ તરીકે જાહેર કર્યો છે ત્યારે દેશભર માં દલિત સમાજ ની વિવિધ સંસ્થાઓ દ્વારા સંવિધાન દિવસ ની ઉજવણી કરાઈ રહી છે ત્યારે ચાણસ્મા નગરમાં ઉગમણા દરવાજા બહાર ડૉ. બાબા સાહેબ આંબેડકર ના પવિત્ર નામ સાથે જોડાયેલા આંબેડકર ચોક ખાતે ડોડીયા પરિવાર ટ્રસ્ટ અને અનુસુચિત યુવાનો દ્વારા ડૉ. બાબાસાહેબ આંબેડકર જી ની પ્રતિમા ને પુષ્પાજલિ અર્પણ કરી શ્રદ્ધાંજલિ અર્પણ કરાઈ હતી જેમાં ડોડીયા પરિવાર ટ્રસ્ટ ના કાર્યકરો પદાધિકારી ઓ સહિત મોટી સંખ્યા માં લોકો જોડાયા હતા આંબેડકર ખાતે પાલિકા દ્વારા ડૉ. બાબાસાહેબની પ્રતિમા મુકવામાં આવે તેવી મા અનુસુચિત જાતી ના યુવાનો એ માંગ કરતી લાગણી વ્યકત કરાઇ હતી.

### નાંદોદ તાલુકાનાના કરાઠા ગામ પાસે દીપડો દેખાતા લોકોમાં ભયનો માહોલ વ્યાપ્યો



ભરત શાહ | રાજપીપળા

નર્મદા જિલ્લાના નાદોદ તાલુકાના અનેક ગામોમાં દીપડા વારંવાર દેખાઈ આવે છે. અને તિલકવાડા તાલુકા ના અનેક ગામો માં દીપડા એ જાણે આતંક મચાવ્યો હતો ત્યારે વન વિભાગ ને એક દીપડા ને પકડવામાં સફળતા મળી હતી પરંતુ હજુ આ તરફ ઘણા દીપડા ફરતા હોવાનું લોકો કહી રહ્યા છે. હાલ માં વડીયા ગામ પાસે ના કરાઠા ગામ નજીક એક કદાવર દીપડો દેખાતા લોકો માં ભય ફેલાયો છે. નાંદોદ તાલુકાના અનેક ગામોમાં દીપડા લટાર મારવાની ઘટના માં કેટલાય મૂંગા જાનવરો અને કેટલાક લોકો પર દીપડાઓ એ હુમલા કરી ઈજા કરી છે અને કેટલાક ના જીવ પણ ગયા છે માટે આ બાબતે તંત્ર એ નક્કર પગલાં લઈ લોકો માંથી ભય અને જીવના જોખમ ને દૂર કરવા પ્રયત્ન કરવા જોઈએ.

### ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન લિમીટેડના

# CSR ફંડના માધ્યમથી દાહોદ જિલ્લામાં દિવ્યાંગ સાધન સહાય અંગે કેમ્પ યોજાયો

દિપક રાવલ | દાહોદ

ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશનના સહયોગથી બ્લાઈન્ડ વેલ્ફેર કાઉન્સિલ દાહોદ ખાતે જિલ્લા કલેકટરશ્રી યોગેશ નિરગુડેની અધ્યક્ષતા તેમજ જિલ્લા પંચાયત પ્રમુખશ્રી કરણસિંહ ડામોરની પ્રેરક ઉપસ્થિતિ હેઠળ દિવ્યાંગજન સાધન સહાય વિતરણ કેમ્પ યોજવામાં આવ્યો હતો.



આ કેમ્પ દરમ્યાન ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન લિમીટેડના કોર્પોરેટ સોસીયલ રિસ્પોન્સિબિલિટી (CSR) ની કુલ રૂ.૫૪.૯૬ લાખની રકમમાંથી દાહોદ જિલ્લાના કુલ ૧૬૭ દિવ્યાંગ ભાઈઓ - બહેનોને કુલ ૨૧૩ જેટલાં સાધન સહાયનું વિતરણ કરવામાં આવ્યું હતું. જેમાં બેલકીટ, મોટરાઈઝ ટ્રાઈસિકલ, વ્હીલચેર, વોકિંગ સ્ટીક, સ્માર્ટફોન વગેરેનો દિવ્યાંગ સાધનોનું વિતરણ દિવ્યાંગ લાભાર્થીઓને કરવામાં આવ્યું હતું.

આ કેમ્પ દરમ્યાન ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન લિમિટેડના જી. એમ. (એચ. આર. શૈલેન્દ્ર સિંહ જાડેજા, ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન લિમિટેડના ચીફ મેનેજરશ્રી રાજેશ કરણીકર, સમાજ સુરક્ષા અધિકારીશ્રી એચ. એમ. રામાણી, ચીફ ઓફિસરશ્રી રમેશભાઈ ખાટા તેમજ જિલ્લા બાળ સુરક્ષા અધિકારીશ્રી એસ.કે.તાવિયાડ ઉપસ્થિત રહ્યા હતા.

આ કેમ્પ નિમિતે લીગલ કમ પ્રોબેશન ઓફિસરશ્રી એ.જી. કુરેશી દ્વારા નશા મુક્ત ભારત અભિયાન અંતર્ગત નશા મુક્ત ભારતની શપથ લેવડાવવામાં આવ્યા હતા. કાર્યક્રમના અંતે આભાર વિધિ બ્લાઈન્ડ વેલ્ફેર સંસ્થા મંત્રીશ્રી યુસુફી કાપડિયા દ્વારા કરવામાં આવી હતી.

# દાહોદ જિલ્લાના ગરબાડા તાલુકાના પ્રગતિશીલ ખેડૂત નવલસિંહ પસાયાએ શાળાના બાળકોને પ્રાકૃતિક ખેતી વિશે સમજ આપી

દિપક રાવલ | દાહોદ

પ્રાકૃતિક કૃષિ થકી દેશના ખેડૂતોની આર્થિક પરિસ્થિતિ ઉન્નત બને, દેશનો પ્રત્યેક નાગરિક સ્વસ્થ અને તંદુરસ્ત બને તેમજ પ્રાકૃતિક ખેતીનો વ્યાપ વધે તે હેતુસર ગામ દીઠ ૭૫ ખેડૂતો પ્રાકૃતિક કૃષિ અપનાવતા થાય તે માટે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા આહવાન કરવા આવ્યું છે. રાજ્યના ખેડૂતો પ્રાકૃતિક ખેતી કરતા થાય તે દિશામાં રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીના સીધા માર્ગદર્શન હેઠળ ઝુંબેશના સ્વરૂપમાં સમગ્ર



દેશમાં પ્રાકૃતિક ખેતી અભિયાન કામગીરી કરવામાં આવી રહી છે.

દાહોદ જિલ્લાના ખેડૂતોમાં પણ પ્રાકૃતિક કૃષિ અંગે વ્યાપક જાગરૂકતા લાવી દાહોદ જિલ્લાના આત્મા પ્રોજેક્ટ દ્વારા અનેકો ખેડૂતોને તાલીમ દ્વારા પ્રાકૃતિક કૃષિ અંગે જાણકારી આપી પ્રાકૃતિક ખેતીના આ અભિયાનમાં જોડવાનુ કાર્ય પૂરજોશમાં ચાલી રહ્યું છે. જે અંતર્ગત શાળાઓના વિદ્યાર્થીઓ પણ પ્રાકૃતિક ખેતીની મહત્વતા જાણે, સમજે અને પોતાના માતા - પિતાને પ્રાકૃતિક ખેતી અપનાવવા માટે સમજાવવા માટેની પહેલ કરે તે હેતુસર ગરબાડા તાલુકાના પ્રગતિશીલ ખેડૂતશ્રી નવલસિંહ પસાયાએ વિદ્યાર્થીઓને તાલીમ આપીને પ્રાકૃતિક ખેતીથી થતા લાભ અને રાસાયણિક ખેતી પદ્ધતિથી થતા ગેરલાભ વિશે વિસ્તાર પૂર્વક માહિતી આપી હતી.

# ભાજપ સરકારનો પોસ્ટ મેટ્રીક શિષ્યવૃત્તિ રદ કરવાના તઘલખી નિર્ણયનો કોંગ્રેસ દ્વારા વિરોધ

ભરત શાહ | રાજપીપળા

નર્મદા જિલ્લા કોંગ્રેસ દ્વારા આજરોજ નર્મદા કલેકટરને ઉદ્દેશીને લખવામાં આવેલ આવેદનપત્ર નર્મદા કલેકટર કચેરી ખાતે કોંગ્રેસ આગેવાનોએ નિવાસી નાયબ કલેકટરને પાઠવી ભારતીય જનતા પાર્ટીને નીતિ રીતિનો ભારે વિરોધ કર્યો હતો.

કોંગ્રેસ દ્વારા પાઠવવામાં આવેલા આવેદનપત્રમાં જણાવ્યું હતું કે ભારતીય જનતા પાર્ટીની ગરીબ આદિવાસી અને દલિત વિરુદ્ધની માનસિકતાનો વધુ એક પરચો તાજેતર માં આપવામાં આવ્યો છે. આદિવાસી સમાજના બાળકો મેટ્રિક પછી વધારેમાં વધારે સારા કોર્સમાં અભ્યાસ કરી શકે તે માટે જ્યારે કેન્દ્રમાં કોંગ્રેસની સરકાર હતી ત્યારે ૧ જુલાઈ, ૨૦૧૦થી પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિની યોજના બનાવવામાં આવી હતી અને આ યોજના મુજબ કેન્દ્ર સરકાર ૭૫% અને ૨૫% રાજ્ય સરકારે ભોગવવાના અને યોજનામાંથી આદિવાસી સમાજના એટલે કે અનુસૂચિત જનજાતિ(ST)ના વિદ્યાર્થીઓ માટે મેટ્રિક પછી અભ્યાસમાં શિષ્યવૃત્તિની યોજના જાહેર કરવામાં આવી હતી. આ યોજનાની એક મોટી બાબત એ હતી કે મેનેજમેન્ટ કોટામાં પણ આદિવાસી સમાજનો બાળક પ્રવેશ મેળવે તો તે શિષ્યવૃત્તિને હકદાર બને. આ યોજનાના



**નર્મદા જિલ્લા કોંગ્રેસે કલેકટરને આવેદનપત્ર પાઠવી આદિવાસી બાળકો માટે મેનેજમેન્ટ કોટામાં પ્રવેશ મેળવ્યા બાદ મળતી શિષ્યવૃત્તિને પુનઃ બહાલ કરવાની કરી માંગ**

કારણે ગુજરાત અને દેશના લાખો બાળકોને મેટ્રિક પછીના અભ્યાસમાં ખૂબ મોટી સહાય શિષ્યવૃત્તિ દ્વારા પ્રાપ્ત થઈ રહી હતી. ભારતીય જનતા પાર્ટીની કેન્દ્રમાં અને ગુજરાતમાં રહેલી સરકારે આદિવાસી સમાજના બાળકોને મળતી આ શિષ્યવૃત્તિને બંધ કરીને આદિવાસી બાળકોને ખૂબ મોટો અન્યાય કરેલો છે. ગુજરાત સરકારે તાજેતરમાં એક પરિપત્ર બહાર પાડીને હવે પછી કોઈપણ આદિવાસી બાળક (અનુસૂચિત જનજાતિનો વિદ્યાર્થી) મેટ્રિક પછી મેનેજમેન્ટ કોટામાં ઉપર પ્રવેશ મેળવે તો તેને શિષ્યવૃત્તિ નહીં આપવાનો નિર્ણય કર્યો છે. ગુજરાત સરકારના ૨૮ ઓક્ટોબર, ૨૦૨૪ના રોજ જાહેર સરકારના આ ઠરાવ મુજબ થયેલા નિર્ણયથી ગુજરાતના આદિવાસી સમાજમાંથી આવતા અનેક તેજસ્વી બાળકો મેટ્રિક પછી નર્સિંગ, ફાર્મસી, ડિગ્રી ઈજનેરી, ડિપ્લોમા ઈજનેરી, એમ. બી.એ.. એમ.સી.એ., એમ.ઈ. અને એમ.ફાર્મથી લઈને અનેક પેરામેડીકલ કોર્સમાં મેટ્રિક પછી દાખલ થઈને શિષ્યવૃત્તિનો લાભ લેતા હતા. આવા લાભ લેનારા મેનેજમેન્ટ કોટામાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓનું ભવિષ્ય શિષ્યવૃત્તિના કારણે ભણી શકવાથી ઉજ્જવળ બનતું હતું. આવા હજારો વિદ્યાર્થીઓના ભવિષ્યને અંધકારમય કરી દેનારો ભારતીય જનતા પાર્ટીની સરકારનો નિર્ણય સંપૂર્ણપણે નીંદનીય છે. ખાલી ટેકનીકલ કોર્સમાં જ આ વર્ષે જોઈએ તો આદિવાસી સમાજમાંથી આવતા એસટી કેટેગરીના ૩૭૦૦ વિદ્યાર્થીઓએ પ્રવેશ લીધેલો છે, જેઓને હવેથી શિષ્યવૃત્તિ નહીં મળે. સરકાર તાત્કાલિક પોતાનો આ તઘલખી નિર્ણય રદ્દ કરે અને આદિવાસી સમાજમાંથી આવતા બાળકોને કોંગ્રેસના સમયથી મળતી આવતી શિષ્યવૃત્તિ પુનઃ શરૂ કરવામાં આવે.

# પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ દાહોદના પરિવારને મળ્યુ પોતાનુ ઘર



દિપક રાવલ | દાહોદ

દાહોદ જિલ્લાના ધાનપુર તાલુકાના અગાસવાણી ગામના વતની અને વર્ષોથી પોતાના પરિવાર સાથે કાચા મકાનમા રહેતા રાઠોડ નારણભાઇ પોતે ખેતી કરીને તેમજ નાનુ-મોટુ છુટક કામ કરીને પોતાના પરિવારનુ ભરણ-પોષણ કરે છે, તેમના બાળકોની પણ ઘણીયે ઈચ્છા હતી કે, તેઓનુ પણ પોતાનુ કહી શકાય એવુ એક સરસ મઝાનુ ઘર હોય, જેમા તેઓ આરામથી પોતાનો અભ્યાસ કરી શકે તેમજ દરેક તહેવાર અન્ય લોકોની જેમ પોતાના ઘરમાં ખુશીથી ઉજવી શકે.

ખેતી પર નિર્ભર એવા નારણભાઈની આર્થિક સ્થિતિ એટલી તો સારી નહોતી કે, તેઓ પોતાના બાળકોનુ ઘર માટેનુ આ સપનુ સાકાર કરી શકે. લાભાર્થી નારણભાઇ પોતાની પહેલાની પરિસ્થિતિને યાદ કરતા કહે છે કે, ખેતીમા તો સીઝન અને વાતાવરણ મુજબ બદલાવ આવતા રહે છે, ક્યારેક પાક સારો થાય તો બજાર ભાવ ઓછો હોય અને ક્યારેક પાક ઓછો પાકે ત્યારે બજાર ભાવ વધુ હોય, જેના કારણે આર્થિક તંગી ઘણી નડતી હતી, આવા કપરા સમયે અમે ઘર તો ક્યાંથી ઉભુ કરી શકીએ..!

પહેલા અમારુ નળીયા વાળુ કાચુ મકાન હતુ, દરેક ઋતુમા કોઈને કોઇ નવી મુસીબત ઘરમા આવતી, શિયાળામા ઠંડીમા ચારેબાજુથી પરિવાર ઠુંઠવાતો તો ચોમાસામા છત પરથી વરસાદનુ પાણી નેવાળાની જેમ આખાયે ઘરમાં પડતુ, આગળ-પાછળ એમ ચારેબાજુથી પાણીની ધારો ઘરમા વહી આવતી, ઘરમા રહેલા કપડા, બાળકોના ચોપડા, ઘર-વખરી તેમજ અનાજ બધુય પલળી જતુ ને એય ઓછુ હોય તેમ નાના-મોટા જીવ-જંતુઓ ઘરમા પેસી જતા ને આસ-પાસ જંગલ-ઝાડીઓ હોવાના કારણે જનાવરોનો ડર તો પાછો કાયમનો, જેના કારણે ઘણીવાર તો રાત્રે જાગવુ પણ પડતુ હતુ.

પરંતુ સરકારની પ્રધાનમંત્રી આવાસ યોજનાની જાણકારી અમને ગામના સરપંચ થકી મળી, જે અમારા જેવા જરૂરિયાતમંદ લોકો માટે આશિર્વાદરૂપ છે. આ આવાસ યોજનાના કારણે અમને આ તમામ મુશ્કેલીઓમાંથી છુટકારો મળ્યો છે. હવે મારો પરિવાર ઘરમા ચિંતા વગર આરમથી સુઇ શકે છે, સરકારે મારા બાળકોએ સેવેલુ પોતાના ઘરનુ સપનુ પ્રધાનમંત્રી આવાસ યોજના થકી સાકાર કર્યુ છે, એ માટે સરકારનો આભાર જેટલો માનુ એટલો ઓછો છે એમ લાભાર્થી રાઠોડ નારણભાઈએ જણાવ્યુ હતુ.

# મહીસાગર જિલ્લાના ૭૭ અમૃત સરોવર પર બંધારણ દિવસની ઉજવણી કરાઇ



જગદીશ ત્રિવેદી | લુણાવાડા

૨૬ નવેમ્બર બંધારણ દિવસ નિમિત્તે જિલ્લા કલેકટર શ્રીમતી નેહા કુમારી અને જિલ્લા વિકાસ અધિકારીશ્રી સી એલ પટેલની ઉપસ્થિતિમાં લુણાવાડા તાલુકાના નાની પાલ્લી ગામે આવેલ અમૃત સરોવરના ખાતે બંધારણ દિવસની ઉજવણી કરવામાં આવી. જિલ્લા કલેકટર શ્રી અને જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ ડો. બાબાસાહેબ આંબેડકરની પ્રતિમાને સુતરની આંટી પહેરાવી નતમસ્તક કર્યા બાદ ગ્રામજનો સાથે સંવાદ કર્યો હતો.

ઉલ્લેખનીય છે કે, મહીસાગર જિલ્લાના બાલાસિનોર, કડાણા, ખાનપુર, લુણાવાડા, સંતરામપુર અને વીરપુર તાલુકામાં આવેલ ૭૭ અમૃત સરોવર પર બંધારણ દિવસની ઉજવણી કરવામાં આવી અને દરેક અમૃત સરોવરના સ્થળ પર બંધારણના આમુખનું વાંચન કરવામાં આવ્યું. આ પ્રસંગે જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી નિયામક શ્રીમતી ચંદ્રિકાબેન ભાભોર, લુણાવાડા તાલુકા વિકાસ અધિકારીશ્રી તથા જિલ્લા વહીવટી તંત્રના અધિકારીશ્રીઓ, કર્મચારીશ્રીઓ, પદાધિકારીશ્રીઓ, ગામના આગેવાનો, ભાઈઓ તથા બહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.



# બાળકને શરદી માટે પ્રાકૃતિક ઉપચારના સરળ માર્ગો

**લસણની માળા |** પાચ-છ લસણની કડીને દોરીમાં પરોવીને તેની માળા બનાવીને ગળામાં છાતી સુધી પહોંચે તે રીતે પહેરાવવી. આનાથી બાળકને છાતીમાં ગરમાવો રહે છે અને સર્દીમાં રાહત મળે છે.

**કપૂરી પાનનો શેક |** કપૂરી પાન પર સરસવનું તેલ બંને બાજુ લગાવીને ધીમો તાપે શેકી લેવું અને તેને બાળકની છાતી પર રાખવું. જો બાળક ત્રણ મહિનાથી મોટું હોય તો પતલા કપડાથી ઢીલું ઢીલું બાંધી લેવું

**ડુંગળીનો રસ |** ડુંગળીને છીણીને તેનો રસ કાઢીને તેને ગરમ કરીને તે રસ બાળકના હાથના નખમાં અને પગના નખમાં લગાવી શકાય અને છાતી પર પણ લગાવી શકાય.

**અજમાની પોટલી |** થોડો અજમો અને ત્રણ-ચાર લસણની કડી લઈને તવી પર થોડી વાર ધીમા તાપે શેકી લેવા. તેમાં બે-ત્રણ કપૂરની ગોળી મૂકીને એક સ્વચ્છ કપડામાં બાંધી લેવી અને બાળકની છાતી પર થોડો શેક કરવો. આ પોટલીને બાળકના તકિયા પાસે રાખવી અને અડધા અડધા કલાકે બાળકને સૂંઘાડવી. આનાથી બાળકને બંધ નાકમાં આરામ મળે છે

**જાયફળની પેસ્ટ |** જાયફળને ઘસીને તેની પેસ્ટ બનાવી લેવી. જો બાળક છ મહિનાથી નાનું હોય તો તે પેસ્ટને માથા અને છાતી પર લગાવવી અને જો બાળક છ મહિનાથી મોટું હોય તો તે પેસ્ટમાં થોડું પાણી ઉમેરી એક ચમચી બાળકને દિવસમાં એક વાર આપવું.



**બેબી રબ |** બેબી રબ બનાવવા માટે એક ચમચી ઘી ગરમ કરી તેમાં ચાર-પાંચ કપૂરની ગોળી નાખી ઓગાળીને એક ડબ્બીમાં ભરી લેવું. પંદર દિવસથી નાનાં બાળકોને ખાલી પગના તળિયે લગાવવું અને પંદર દિવસથી મોટા બાળકોને પગના તળિયે અને છાતી પર પણ લગાવી શકાય છે. સરસવના તેલમાં થોડો અજમો અને લસણની ચાર-પાંચ કડી નાખીને સારી રીતે ઉકાળી લેવું. તે તેલને ઠંડું થવા દઈ તેનાથી માલિશ કરવી. આઠ મહિનાથી મોટા બાળકને ગોળ આપી શકાય. અડધી બદામ ઘસીને દૂધમાં પેસ્ટ બનાવીને આપી શકાય. એક જામફળને શેકીને ઉપરની ચલ કાઢીને મેશ કરીને આપી શકાય. દાડમનો રસ તથા વેજિટેબલ સૂપ પણ આપી શકાય.


## ત્વચાને સુંદર રાખવા ગુડ ફૂડ ઇન્ટેક પણ જરૂરી



ત્વચાને સુંદર રાખવા માટે હેલ્ધી ફૂડ ખૂબ જ જરૂરી છે. આપણે મોંઘી ક્રીમનો ઉપયોગ તો કરી લઈએ છીએ, પણ મૂળ જે જરૂરી છે એ જ ભૂલી જઈએ છીએ. જેમ કે, ખોરાકમાં જંક ફૂડ અને સુગરથી બને એટલા વધારે દૂર રહેવું જોઈએ, કેમ કે સુગર શરીર માટે ઝેરનું કામ કરે છે. ગ્લોઇંગ સ્કિન માટે શેનું સેવન ખૂબ લાભદાયી છે એ જાણી લઈએ. ઓમેગા-3 ફેટી એસિડ, વિટામિન ડી અને પ્રોટીન આ ત્રણેય કમ્પાઉન્ડ્સ સ્કિનને સ્વસ્થ રાખવા માટે જરૂરી છે. આ ત્રણ પોષકતત્ત્વો ત્વચાને ગ્લોઇંગ બનાવે છે, પિગ્મેન્ટેશન, ડાઘ-ધબ્બાને દૂર રાખવામાં મદદ કરે છે. આ માટે તમે ચીયા સીડ્સનું સેવન કરી શકો છો. ચીયા સીડ્સને હેલ્ધી જ્યૂસ કે ફ્રૂટ ચાટ સાથે પણ ખાઇ શકાય છે. એવાકાડોમાં હેલ્ધી ફેટ્સ ઉપરાંત વિટામિન ઈ અને સી ભરપૂર માત્રામાં રહેલું જે ત્વચાને હાનિકારક સૂર્યકિરણોથી બચાવે છે. રિસર્ચ અનુસાર એવાકાડોમાં ગ્લુટાથિયોન (Glutathione) નામનું એન્ટિ ઓક્સિડન્ટ્સ રહેલું છે, જે સ્કિન લાઇટનિંગ એજન્ટ છે. ગ્લુટાથિયોન યુક્ત એવાકાડોના સેવનથી ત્વચાનો રંગ નિખરે છે. ગાજરનું સેવન કરવાથી ત્વચામાં નિખાર આવે છે. ગાજરમાં બીટા કેરોટિનની માત્રા રહેલી છે જે ત્વચાને સ્વસ્થ બનાવવામાં મદદ કરે છે, સાથે જ તેમાં રહેલું ફોટોપ્રોટેક્ટિંગ તત્ત્વ ત્વચાને હાનિકારક સૂર્યકિરણોથી પણ બચાવે છે. જો તમે ઉંમર પહેલાં દેખાતી કરચલીઓ કે ફાઇન લાઇન્સથી બચવા ઇચ્છો છો તો ગાજરનું સેવન અચૂક કરો.

# ગોર્જિયસ લુક માટે ડિફરન્ટ આઉટફિટ સાથે બાંધણીના દુપટ્ટાને કરો કેરી

**બાંધણી એક યુનિક ટાઇપની ટાઇ એન્ડ ડાઇ છે, જે ઇન્ડિયન ટ્રેડિશનલ ક્લોધિંગમાં જોવા મળે છે. બાંધણી શબ્દનો અર્થ છે બાંધવું. કોટન, શિફોન, જ્યોર્જટ, સિલ્ક વગેરે ફેબ્રિક પર બંધેજનું કામ કરવામાં આવે છે. બાંધણીનો એક અલગ જ ગ્રેસ છે. બાંધણીની સાડી ઓલ ટાઇમ હોટ ફેવરિટ છે. સાડી ઉપરાંત બાંધણીમાંથી લહેંગા, ઇન્ડોવેસ્ટર્ન, અનારકલી, કુરતી અને સલવાર સૂટ દ્વારા બાંધણી ટ્રેન્ડને આગળ વધારવામાં આવી રહ્યો છે. આ ઉપરાંત બાંધણીના દુપટ્ટાને તમે ડિફરન્ટ રીતે પણ કેરી કરી શકો છો, જેનાથી તમારો લુક એલિગન્ટ લાગશે.**



### શોર્ટ કુરતી સાથે

અત્યારે પ્રસંગોમાં કંઈક અલગ પહેરવાનો ટ્રેન્ડ છે. તમે શોર્ટ કુરતી અને સ્કર્ટ પહેરી રહ્યા હોવ તો તેની સાથે મિક્સ મેચ થાય એવો બાંધણીનો દુપટ્ટો પહેરી શકો છો. એનાથી તમને ડબલ શેડ કલર મળી જશે. તે પહેરવામાં સુંદર લાગે છે. એને તમે સાડી સ્ટાઇલમાં પહેરી શકો છો. શોર્ટ કુરતીની સાથે સ્કર્ટ ન પહેરવું હોય તો સ્કર્ટ ટાઇપ પ્લાઝો અત્યારે ઇન ટ્રેન્ડ છે તેને પણ કેરી કરી શકો છો.

### પ્લેન લહેંગાની સાથે

પ્રસંગમાં તમે પ્લેન લહેંગા અને બ્લાઉઝ પહેરી રહ્યા હોવ તો તેની સાથે મેળ ખાય એવો બાંધણીનો સિલ્કનો અથવા જ્યોર્જટનો દુપટ્ટો કેરી કરી શકો છો. એનાથી એલિગન્ટ લુક મળશે. જો હેવી લુક મેળવવો હોય તો બાંધણીના દુપટ્ટાની ફરતે હેવી બોર્ડર મુકાવી દો અથવા સ્મોલથી માંડીને બ્રોડ બોર્ડરવાળા બાંધણીના દુપટ્ટા સરળતાથી મળી જશે.

### સ્ટાઇલ કરો પ્લાઝો સૂટ સાથે

નાના પ્રસંગોમાં તમે ટ્રેડિશનલ લુક મેળવવા માટે પ્લાઝો સૂટ કેરી કરી રહ્યાં હોવ તો તેની સાથે બાંધણી પ્રિન્ટનો દુપટ્ટો પહેરી શકો છો. આ પ્રકારનો દુપટ્ટો પહેરવામાં વધારે સુંદર લાગે છે. તમે શ્રગ સ્ટાઇલમાં પણ તેને પહેરી શકો છો. જેકેટ સ્ટાઇલમાં પણ કેરી કરી શકાય છે. એનાથી લુક સંપૂર્ણ રીતે ચેન્જ થઇ જશે.

### પ્લેન સૂટ સાથે

પૂજામાં અથવા નાના પ્રસંગમાં એથનિક આઉટફિટ પહેરો એ સ્વાભાવિક છે, પરંતુ ટોળામાં અલગ તરી આવવા પ્લેન એથનિક સૂટની સાથે બાંધણીના દુપટ્ટાને કેરી કરો. વ્હાઇટ પ્લેન સૂટ પહેર્યો હોય તો તેની સાથે રેડ સિફોન કે સિલ્ક બાંધણીનો દુપટ્ટો કેરી કરો. રાણી કલરનો પ્લેન સૂટ પહેર્યો હોય તો બ્લૂ કલરનો બાંધણીનો દુપટ્ટો લઇ શકો.

### અનારકલી સૂટ સાથે સ્ટાઇલ કરો

પ્રસંગોમાં અત્યારે અનારકલી સૂટ ઇન ટ્રેન્ડ છે. તમે પ્લેન અનારકલી સૂટ સાથે એને સ્ટાઇલ કરી શકો છો. એનાથી તમે વધુ સુંદર લાગશો. આ લુકને કમ્પ્લીટ કરવા હેરમાં મેસ્સી હેર સ્ટાઇલ કરી સાથે મિનિમલ મેકઅપ કરો.



## એક્સરસાઇઝ કર્યા વિના પણ ઘટાડી શકાય છે



શું તમે પણ દિવસ દરમિયાન કસરત કરવા માટે સમય કાઢી શકતા નથી? તો તમારે કેટલીક ટિપ્સને નિયમિત ફોલો કરવાનું શરૂ કરી દેવું જોઈએ. આ પ્રકારની ટિપ્સ ફોલો કરી તમે તમારા વધતા વજન પર કાબુ કરી શકો છો. આ સિવાય તમારે કેટલીક અનહેલ્ધી વસ્તુથી દૂર રહેવું પડશે, ત્યારે તમારી વજન ઘટાડવાની યાત્રા સરળ બની જશે.

હૂંફાળું પાણી પીવો- દરરોજ સવારે નવશેકું પાણી પીવાથી તમારા મેટાબોલિઝમને ઘણી હદ સુધી વેગ મળે છે. આ જ કારણ છે કે સ્થૂળતાથી છુટકારો મેળવવા માટે ઘણીવાર હૂંફાળું પાણી પીવાની સલાહ આપવામાં આવે છે.

ખાંડવાળી વસ્તુથી રહો દૂરઃ તમારે ખાંડથી દૂર રહેવું જોઈએ. હકીકતમાં ખાંડ વજન વધવાનું કારણ બની શકે છો. જો તમને સ્વીટ વસ્તુ ખાવાનું ક્રેવિંગ છે તો તમે ખાંડની જગ્યાએ ગોળનો મર્યાદિત ઉપયોગ કરી શકો છો.

જરૂરી છે ફિઝિકલ એક્ટિવિટીઃ તમે એક્સરસાઇઝ કરી શકતા નથી તો કોઈ વાત નહીં. પરંતુ તમારી વેટ લોસ જર્નીને સરળ બનાવવા માટે તમારે કોઈને કોઈ ફિઝિકલ એક્ટિવિટીને તમારા ડેલી રૂટીનનો ભાગ બનાવવો જોઈએ. તમે વોકિંગ કે સીડીઓ ચડવાનું શરૂ કરી શકો છો.

બેલેન્સ્ડ ડાયટ પ્લાનઃ શરીરમાં જમા એક્સ્ટ્રા ફેટ બર્ન કરવા માટે હેલ્ધી અને બેલેન્સ્ડ ડાયટ પ્લાનને ફોલો કરવો ખુબ જરૂરી છે. મોટાપાથી છુટકારો મેળવવા માટે તમે ફાઇબર રિચ ફૂડ આઈટમ્સની મદદ પણ લઈ શકો છો.

# શિયાળામાં લીલી ભાજીનું સેવન સ્વાસ્થય માટે ખૂબ જ જરૂરી



લીલી લીલી ભાજી આવી ભાજીશિયાળા ની ભાજી મેથી,પાલક,સરસવદસ ની ઝૂડીશિયાળા ની શરૂઆત થતાંજ શાકભાજી બઝાર માં લીલોતરી,શાક અને વિવિધ પ્રકારની ભાજીઓ નિહાળતા જ તનમન ખુશ ખુશાલ થઈ જાય છે.ખરેખર તો શાકભાજી માંના રિયલ પોષક તત્વો તો શિયાળુ શાકભાજીમાંજ વધારે મળતા હોય છે. સાચું કહું મને તો લીલી ભાજીઓ પ્રત્યે ખાસ લગાવ છે શાક માર્કેટ માં લીલી ભાજીઓ નિહાળતા થાય છે કે લારી માની બધીજ ભાજીઓ ખરીદી લાવું. તાંદળજો,પાલક, મૂળાની ભાજી,મેથીની, સરસવ ની ભાજી, લીલી ડુંગળી ની ભાજી,કોથમીર ધણા ની ભાજી,લીલા લસણની ભાજી,સવા ની ભાજી, લાલમ ની ભાજી, ખાટી ની વગેરે વગેરે કેટકેટલી લીલી ભાજી ના નામ ગણાવું. આપણા ને તો બધીજ ફેવરિટ છે.મગની દાળ અને સવાની ભાજી નું શાક ટેસ્ટ ના કર્યું હોય તો અવશ્ય કરજો. સરસવની ભાજી અને પાલક ની ભાજીના શાક ને પનીર સાથે મસ્ત દોસ્તી હોય છે.પનીર વાળી ભાજીઓ નો ટેસ્ટ જ બદલાઈ જાય છે. લીલી ભાજીઓ માં મિનરલ્સ સાથે આયર્ન નું પ્રમાણ વધારે હોવાથી સ્વાસ્થ્ય માટે ભાજીઓ ખૂબજ જરૂરી હોય છે. આ ઉપરાંત લીલી ભાજીઓ માં વિટામિન્સ, ફોલિક એસિડ, પોટેશિયમ, ફોસ્ફરસ,મેગ્નેશિયમ વગેરે જેવા પોષકતત્ત્વો ભરપુર માત્રા ઉપલબ્ધ હોય છે.જો તમે ઓવર વેઇટ છો ને ઘણું કર્યા બાદ પણ વેઇટ કન્ટ્રોલ માં નથી આવતું તો નિયમિત ડાયટ માં લીલી ભાજીઓને અન્ય ખોરાક સાથે સામેલ કરો.ભાજીઓ માં રહેલ ખાસ તત્વ ના લીધે ભાજી નો નિયમિત ભોજન માં ઉપયોગ કરવાથી રોગ પ્રતિકારક શકિત માં વધારો થાય છે.

અત્યારે શિયાળાની શરૂઆત માં જ શાક માર્કેટ માં તાંદળજો,પાલક,મેથી, મૂળા ની ભાજી, લેટ્યુસ ની ભાજી, સરસવ,ડુંગળી,લસણ,સરગવા ની ભાજી,રાયડા ની વગેરે ભાજીઓ મોટા પ્રમાણમાં જોવા મળે છે. ભાજીઓ નિયમિત શું કામ ભોજન માં લેવી જોઈએ?ભાજીઓ નિયમિત ભોજન માં લેવાથી શું શું ફાયદો થાય છે? લીલી ભાજી સ્વાસ્થ્ય વર્ધક કેમ છે? વગેરે જાણવા ચાલો વિગતવાર લીલી ભાજીઓ નો અભ્યાસ કરીએ



**મેથીની ભાજી :** મેથી ની ભાજી ભલે સ્વાદે કડવી હોય છે પરંતુ એ પોષક તત્વો નો ભંડાર માનવામાં આવે છે.મેથીની ભાજી માંથી વિટામિન b ૬, આયર્ન,સોડિયમ, પોટેશિયમ અને મેગ્નેશિયમ ભરપુર પ્રમાણ માં પ્રાપ્ત થાય.મેથી ના પાન માં ઘણી ન્યુટ્રિશનલ વેલ્યુ હોવાથી એનો કુદરતી ઔષધિ પ્રમાણે ન્યુટ્રિશનલ સપ્લીમેન્ટરી તરીકે ઉપયોગ કામ વધારે આવે છે. ડ્રાય મેથી ના દાણા નો ઉપયોગ આર્થરઈટીસ,કેલેસ્ટ્રોલ,ડાયાબિટીસ ના દર્દીઓ માટે અત્યંત ફાદાકારક સાબિત થયા છે. આ ઉપરાંત ખરતા વાળ અટકાવી ને એનો ગ્રોથ વધારે છે ઓઈલી સ્કિન કે ડ્રાય સ્કિન જેવી સમસ્યા થી રાહત અપાવે છે.

લીલી મેથી ના પાન માંથી થેપલા,મુઠીયા,ભજીયા વગેરે ફરસાણ ખુબજ સ્વાદિષ્ટ બને છે.મેથી ફ્લાવર, મેથી પનીર,મેથી પોટેટો,લીલી મેથી અને લીલી ડુંગળી નું ચણા ના લોટ વાળું શાક ખુબજ સ્વાદિષ્ટ બને છે.

શિયાળા માં ઠંડી ના રોગો થી રાહત મેળવવા મોટાભાગ ના લોકો સ્વાદ માં કડવી મેથી નો મેથી પાક બનાવતા હોય છે.ચાલો મેથી પાક ની રેસીપી વિશે માહિતી મેળવી એ

**મેથી પાક:** ડ્રાય મેથી નો ગ્રાઉન્ડર ગ્રાઈન્ડ કરીને પાવડર બનાવી લ્યો. શિયાળા ના ખાસ વસાણાં મસાલા બજાર માં ઉપલબ્ધ હોય છે એ લઈ રાખો. ગેસ પર ઘી ગરમ કરીને ગોળ ને ઓગળી નાખો,ગોળ ઓગળતી વખતે ચાસણી ના થઈ જાય એનું ધ્યાન રાખજો. ગેસ પરથી નીચે કડાઈ ઉતારી ને ગરમ ઘી ગોળ ના મિશ્રણ માં મેથી પાવડર ધીમે ધીમે ઉમેરો. તવેથા થી મેથી પાવડર,ગોળ અને ઘી ના મિશ્રણ ને એકરસ કર્યા બાદ વસાણાં મસાલા એક ટી સ્પૂન ઉમેરી ને ફરી મિશ્રણ એકરસ કરો. મિશ્રણ ને થાળી મા ઘી લગાડી ને એમાં પાથરી દયો. તૈયાર મેથી પાક ઉપર કોપરા નું છીણ ભભરાવી ને એકસરખા પીસ કરીને ઠંડુ પડે ત્યાં સુધી રાહ જુવો..



**પાલક ની ભાજી :** કહેવાય છે કે પાલક એ આયર્ન નો સંપૂર્ણ સ્ત્રોત છે. પાલક ની ભાજી માં મિનરલ્સ અને વિટામિન્સ ભરપુર હોવાના લીધે એ દરેક સીઝન માં વપરાતી ભાજી છે.શિયાળા માં પાલક નો જ્યુસ કે સૂપ સૌથી વધારે પીવાય છે.વર્તમાન સમયમાં નાના બાળકો કે યુવાનો નું મન પસંદ ફૂડ પીઝા બર્ગર નુડલ્સ વધારે રહેતું હોવાથી લીલી ભાજીઓ કે શાકભાજી પરત્વે નીરસતા દાખવે છે. જેટલા બાળકો સ્માર્ટ એટલી મમ્મીઓ પણ સ્માર્ટ બની ગઈ છે,બાળકો ના પેટ સુધી લીલી ભાજીઓ અને શાક ઉમેરવા અવનવી રેસિપી અપનાવે છે. પાલક પનીર રેસિપી માં લીલી પાલક ની ભાજી સાથે લીલી ડુંગળી ની ભાજી,લસણની ભાજી નું મિશ્રણ પણ ભળતું હોય છે પરંતુ બાળકો કે યુવાનો ને ટેસ્ટ સાથે મતલબ રહેતો હોવાથી આજકાલ બધાની પાલક પનીર ફેવરિટ રેસિપી બની ચૂકી છે.પાલક ની ભાજી માં રહેલ ફોલેટ એ લોહીને લાલ બનાવે છે.નિયમિત પાલક નો ઉપયોગ કરવાથી હિમોગ્લોબીન ને લગતી સમસ્યા માંથી ખાસ્સી રાહત મળી શકે છે. પાલક માં ડાયટરી ફાઈબર અને ભરપુર માત્રા માં ફોલિક એસિડ અને વિટામિન c હોવાથી કેન્સર અને હાર્ટ એટેક જેવી ગંભીર બીમારી થી દૂર રાખે છે.



**લીલી ભાજી**

**- રુપાલી દવે**



**લીલી ડુંગળીની ભાજી:** સામન્ય સંજોગો માં સૂકી ડુંગળી આખું વર્ષ મળતી રહે છે ને મોટાભાગ ના ખાદ્ય પદાર્થો માં ડુંગળી નો ઉપયોગ પારાવાર થાય છે. ડુંગળી એ હેલ્થ માટે ઉત્કૃષ્ટ સ્રોત છે શરીર ને વિવિધ એલર્જી ઓ થી બચાવે છે અને ચેપી રોગોમાં ચેપ લાગતો નથી. ડુંગળી માં વિટામિન k.c.a ભરપુર માત્રા માં રહેલું હોય છે.લીલી ડુંગળી માત્ર શિયાળા માં જ મળતી હોય છે સૂકી ડુંગળી કરતા લીલી ડુંગળી વધારે સ્વાદિષ્ટ હોય છે. લીલી ડુંગળી અને ગાઠીયા ના શાક સાથે ચપાટી ની મજા જ અલગ છે.ખાસ સૌરાષ્ટ્ર ના કાઠિયાવાડ માં લીલી ડુંગળી ની કાઢી અને બાજરા ના રોટલા નો ગજબ ના સ્વાદ ને લીધે શહેર ના ઘણા ખરા રેસ્ટોરન્ટ એ લોકો ના સ્વાદ અનુસાર ડુંગળી ની કાઢી પણ મનું માં અન્ય ફૂડ સાથે સમાવેશ કર્યો છે.

**લીલું લસણ :** આયુર્વેદ વિજ્ઞાન એ લસણ ને શરીર ની બેસ્ટ ઔષધિ તરીકે માન્યતા આપી છે. લસણમાં રહેલ ખાસ પોષક તત્વ ના લીધે હાર્ટ, લંગ્સ,ફેફસાં ને લગતી બીમારીઓ ક્યારેય થતી નથી ને બેડ કેલેસ્ટ્રોલ ને કન્ટ્રોલ માં રાખી ગુડ કેલેસ્ટ્રોલ વધારે છે.લીલા લસણ ને ઘી માં સાંતળી ને સહેજ નમક નાખી ને ખાવાથી શિયાળા મા ઠંડી થી રાહત થાય છે.ક્યારેક મહારાષ્ટ્ર મા ફેવરિટ લીલું લસણ,મરચા, ધાણા ની ભાજી, લીલા મરચા,નાનકડો કટકો આદું,શીંગદાણા દાળિયા વગેરે ને ખરલ માં ફૂટી ને ચટણી બનાવજો.ચટણી નો ટેસ્ટ ચાખી ને અને ચટણી નો રિયલ ટેસ્ટ સમજાશે.

**સરસવ અને રાયડા ની ભાજી :** બન્ને લીલી ભાજીઓ શરીર માંથી ટોકસિન બહાર ફેંકે છે ને શરીર ને સ્ફૂર્તિલું અને તાજગી સભર બનાવે છે.વિટામિન એ, સી અને મેગ્નેશિયમ ના ભરપુર સ્ત્રોત ના લીધે કેલેસ્ટ્રોલ પર કાબૂ મેળવી ને હદય રોગ ની સમસ્યા ઘટાડી ને તંદુરસ્તી અર્પે છે. શિયાળા માં આવતી લીલી ભાજીઓ નિયમિત ખોરાક માં લેવાથી વર્ષ આખુ શરીર તંદુરસ્ત રહે છે.

# સોનાક્ષી સિંહાએ 'દબંગ'ની કાસ્ટિંગનો કિસ્સો શેર કર્યો

## અરબાઝે અમૃતાના લગ્નમાં ફિલ્મ માટે પૂછ્યું હતું, જ્યારે તેણે ફિલ્મની ઓફર કરી ત્યારે મને લાગ્યું કે તે મજાક કરી રહ્યો છે...

(એજન્સી) મુંબઈ | તા.26

સોનાક્ષી સિંહાએ પોતાના ફિલ્મી કરિયરની શરૂઆત સલમાન ખાનની ફિલ્મ 'દબંગ'થી કરી હતી. તાજેતરમાં અભિનેત્રીએ જણાવ્યું કે 'દબંગ' માટે તેનું કાસ્ટિંગ કેવી રીતે કરવામાં આવ્યું. આ ફિલ્મ વર્ષ 2010માં સિનેમાઘરોમાં રિલીઝ થઈ હતી અને તે વર્ષની સુપરહિટ ફિલ્મોમાં તેનો સમાવેશ કરવામાં આવ્યો હતો. સોનાક્ષી સિંહા ફિલ્મ 'દબંગ'ની તમામ સિક્વન્સમાં મહત્ત્વની ભૂમિકામાં જોવા મળી છે.



'દબંગ' માટે સોનાક્ષીનું કાસ્ટિંગ કેવી રીતે થયું? કરીના કપૂરના પોડકાસ્ટ 'વોટ વુમન વોન્ટ' સીઝન 5 પર વાત કરતી વખતે સોનાક્ષીએ કહ્યું- 'દબંગ બસ થઇ ગઈ, અમૃતા અરોરાના લગ્નમાં સલમાન ખાન અને અરબાઝ ખાને મને જોઈ હતી. ત્યાં સુધીમાં મારું ઘણું વજન ઘટી ગયું હતું. અરબાઝે મને કહ્યું કે તે કંઈક લખી રહ્યો છે અને તેણે કહ્યું કે હું તે રોલ માટે પરફેક્ટ હોઈશ. પછી મને લાગ્યું કે તે મજાક કરી રહ્યો છે. પણ પછી એક દિવસ તે મારા ઘરે સ્ક્રિપ્ટ સંભળાવવા આવ્યો. મારો આખો પરિવાર બેસીને સ્ક્રિપ્ટ સાંભળતો હતો. સ્ક્રિપ્ટનું વર્ણન કર્યા પછી, અરબાઝ અને મારા પરિવારે માથું હલાવ્યું, હાથ મિલાવ્યા અને તે ઊભો થઈ ગયો.

અભિનેત્રીએ કહ્યું- તે પછી મેં જોયું કે હું 'દબંગ'ના સેટ પર હતી. એવું લાગતું હતું કે જાણે કોઈના અરેન્જ્ડ મેરેજ હોય. પરંતુ એકવાર હું સેટ પર પહોંચી, મને સમજાયું કે હું આ જ કરવા માંગુ છું, અને ત્યારથી હું તે કરી રહી છું.

મેં પહેલા અઠવાડિયે ઝહીર સમક્ષ મારો પ્રેમ વ્યક્ત કર્યો - સોનાક્ષી આ દરમિયાન સોનાક્ષીએ કરીના સાથે તેના અને ઝહીર ઈકબાલના સંબંધો વિશે પણ વાત કરી હતી. પોતાની લવ સ્ટોરી શેર કરતી વખતે અભિનેત્રીએ કહ્યું- 'મેં ઝહીરને એક અઠવાડિયાની અંદર કહ્યું કે હું તને પ્રેમ કરું છું. હું ખૂબ જ ઉત્સાહિત હતો. અમે બંને એકબીજાને ટૂંક સમયમાં ઓળખી ગયા, મને લાગ્યું.

# અનન્યા પાંડેએ ટ્રોલિંગ વિશે વાત કરી...

## કહ્યું- સ્કૂલ ટાઈમમાં ટ્રોલ થઇ હતી, બાળકો મને ફ્લેટ ચેસ્ટેડ કહીને ચીડવતા હતા



(એજન્સી) મુંબઈ | તા.26

અનન્યા પાંડે અવારનવાર એક યા બીજી બાબત માટે ટ્રોલ થાય છે. તાજેતરમાં, એક્ટ્રેસે ટ્રોલિંગની ઘટનાને યાદ કરીને તેના શાળા સમયને યાદ કર્યો. અનન્યાએ કહ્યું કે, સ્કૂલ ટાઈમમાં મને ફ્લેટ ચેસ્ટ, ચિકન લેગ અને હેયરી કહેવામાં આવતી હતી. આટલું જ નહીં અનન્યા પાંડેએ જ્યારથી બોલિવૂડમાં ડેબ્યૂ કર્યું છે ત્યારથી તેને ઘણી વખત ટ્રોલનો સામનો કરવો પડ્યો છે. ટ્રોલિંગના કારણે તેને કરિયરની શરૂઆતમાં થેરાપી લેવી પડી હતી.

નકલી ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટથી પરેશાન- અનન્યા બરખા દત્તના શો 'વી ધ વુમન'માં અનન્યા સાથેની વાતચીત દરમિયાન, તેને પૂછવામાં આવ્યું કે તેણે ટ્રોલિંગના સંદર્ભમાં સૌથી ખરાબ કઈ બાબતનો સામનો કરવો પડ્યો. આના જવાબમાં અનન્યાએ કહ્યું, હું કોઈ એક ક્ષણ પસંદ કરી શકતી નથી કારણ કે મારા વિશે ઘણી બધી વાતો કહેવામાં આવી છે. મારી કારકિર્દીની શરૂઆતમાં, કોઈએ મારું એક નકલી ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ બનાવ્યું હતું અને તે તેના પર લખતો હતો કે તે મારી સાથે શાળામાં હતો અને મારા શિક્ષણ વિશે પણ ખોટું બોલતો હતો. પહેલા તો મને લાગ્યું કે કોઈ તેના પર વિશ્વાસ કરશે નહીં. પણ લોકો માની ગયા. કેટલીકવાર મને એવું લાગતું હતું કે સોશિયલ મીડિયા પર બિલકુલ ના રહું. 'તેઓ મને સ્કૂલમાં ફ્લેટ ચેસ્ટેડ કહીને ચીડવતા હતા' અનન્યાએ કહ્યું, જ્યારે હું સ્કૂલમાં હતી ત્યારે મને ફ્લેટ ચેસ્ટેડ, ચિકન લેગ અને હેયરી કહીને ચીડવતા હતા. પરંતુ ત્યારે લોકો સોશિયલ મીડિયા પર એટલા એક્ટિવ નહોતા અને હવે સોશિયલ મીડિયાના કારણે નાની નાની વાત પણ આખી દુનિયામાં ફેલાઈ શકે છે. આ ખૂબ જ ડરામણી છે.



કારકિર્દીની શરૂઆતમાં થેરાપી લેવી પડી અનન્યા પાંડેએ કહ્યું, 'મેં ભૂતકાળમાં પણ થેરાપી લીધી છે. મારી કારકિર્દીની શરૂઆતમાં મારે થેરાપી લેવી પડી હતી.

અનન્યાનું વર્ક ફ્રન્ટ અનન્યા પાંડેએ વર્ષ 2016માં ફિલ્મ 'સ્ટુડન્ટ ઓફ ધ યર 2'થી બોલિવૂડમાં એન્ટ્રી કરી હતી. અનન્યાના વર્ક ફ્રન્ટ વિશે વાત કરીએ તો, તે છેલ્લે એમેઝોન પ્રાઈમની સીરિઝ 'કોલ મી બે'માં જોવા મળી હતી. હવે તે આ શોની બીજી સીઝનનું શૂટિંગ કરી રહી છે.



# સામંથાએ એક્સ-હસબન્ડને ટોણો માર્યો

## મોંઘી ગિફ્ટ મોકલાવી પૈસાનો બગાડ હતો; એક્ટ્રેસ સો. મીડિયા પર ટ્રોલ થઈ

(એજન્સી) મુંબઈ | સાઉથ એક્ટ્રેસ સામંથા રૂથ પ્રભુ આ દિવસોમાં તેની નવી જાસૂસી-એક્શન સિરીઝ'સિટાડેલ: હની બન્ની' માટે ચર્ચામાં છે. આ દરમિયાન, એક્ટ્રેસનો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ રહ્યો છે, જેમાં તેણે કહ્યું હતું કે તે તેના એક્સને મોંઘી ભેટ મોકલવા માટે ખૂબ જ દુ:ખી છે. જો કે સામંથાએ કોઈનું નામ નથી લીધું, પરંતુ સોશિયલ મીડિયા પર યુઝર્સ તેને તેના પૂર્વ પતિ નાગ ચૈતન્ય સાથે જોડી રહ્યા છે.

ખરેખર, તાજેતરમાં એમેઝોન પ્રાઈમ વિડિયોએ બંને સ્ટાર્સનો એક ફની વીડિયો શેર કર્યો છે. આ વીડિયોમાં વરુણ ધવન અને સામંથા એકસાથે રેપિડ ફાયર કરતા જોવા મળી રહ્યા છે. આ દરમિયાન વરુણે સામંથાને પૂછ્યું કે એવી કઈ વસ્તુ છે જેના પર તમે સૌથી વધુ પૈસા ખર્ચ્યા અને તે નકામી છે. આ સવાલનો જવાબ આપતાં અભિનેત્રીએ કહ્યું કે તેના એક્સને મોંઘી ગિફ્ટ્સ આપવાનું, જોકે વરુણે તેની કિંમત જાણવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ અભિનેત્રીએ પ્રશ્ન ટાળ્યો હતો.

અભિનેત્રી સોશિયલ મીડિયા પર ટ્રોલ થઈ સામંથા રૂથ પ્રભુનો આ વીડિયો સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ રહ્યો છે. ઘણા લોકો તેના જવાબ માટે એક્ટ્રેસને ટ્રોલ કરી રહ્યા છે, તો કેટલાક લોકો તેને સપોર્ટ કરતા પણ જોવા મળી રહ્યા છે. સામંથા અને નાગ ચૈતન્યના 2021માં છૂટાછેડા થઈ ગયા સામંથાએ વર્ષ 2017માં સાઉથના સુપરસ્ટાર નાગાર્જુનના પુત્ર નાગ ચૈતન્ય સાથે લગ્ન કર્યા હતા. પરંતુ 2021માં તેમના છૂટાછેડા થઈ ગયા. આ પછી સામંથાને ઘણી સ્વાસ્થ્ય સમસ્યાઓનો પણ સામનો કરવો પડ્યો. તે જ સમયે, નાગ-શોભિતાની સગાઈ 8મી ઓગસ્ટના રોજ થઈ હતી અને નાગ ચૈતન્ય અને શોભિતા ધૂલીપાલાની સગાઈ ચાર દિવસ પહેલા 8મી ઓગસ્ટે થઈ હતી. આ પ્રાઈવેટ સેરેમનીની કેટલીક તસવીરો બંનેએ પોતાના સોશિયલ મીડિયા એકાઉન્ટ પર શેર કરી છે.

# 'પહેલી હિટ ફિલ્મ છતાં કામ ન મળ્યું'

## અલ્લુ અર્જુને કહ્યું- એક વર્ષ માટે કોઈએ ભાવ પણ નહોતો પૂછ્યો, સુકુમારે તેની ડૂબતી કારકિર્દી સંભાળી હતી...



(એજન્સી) મુંબઈ | તા.26

અલ્લુ અર્જુન અને રશ્મિકા મંદાનાની ફિલ્મ 'પુષ્પા-2' ટૂંક સમયમાં રિલીઝ થવા જઈ રહી છે. દરમિયાન, ચેન્નાઈમાં ફિલ્મની પ્રી-રીલીઝ ઈવેન્ટ યોજાઈ હતી, જેમાં અલ્લુ અર્જુને તેની ફિલ્મી કરિયરના શરૂઆતના દિવસો વિશે વાત કરી હતી. અભિનેતાએ કહ્યું કે પ્રથમ ફિલ્મ હિટ રહી હતી, પરંતુ એક વર્ષ સુધી કોઈએ તેને કોઈ ફિલ્મ માટે કાસ્ટ કર્યો ન હતો.

અલ્લુ અર્જુને કહ્યું, 'મેં ફિલ્મ 'ગંગોત્રી'થી લીડ એક્ટર તરીકે ડેબ્યૂ કર્યું હતું. આ ફિલ્મ હિટ સાબિત થઈ, પરંતુ હું અભિનેતા તરીકે કંઈ ખાસ કરી શક્યો નહીં. આટલું જ નહીં, મને આગામી એક વર્ષ સુધી કોઈ કામ મળ્યું નથી. મારી સાથે કામ કરવા કોઈ તૈયાર નહોતું. પછી એક નવા નિર્દેશકે મને ફિલ્મની ઓફર કરી, જેના પછી મારું જીવન બદલાઈ ગયું અને મેં ક્યારેય પાછળ વળીને જોયું નથી.

અલ્લુ અર્જુન નિર્દેશક સુકુમાર સાથેના તેના સંબંધો વિશે વાત કરે છે. અભિનેતાએ કહ્યું, 'જો હું મારી કારકિર્દીને જોઉં અને એક વ્યક્તિ વિશે વિચારું જેણે મારા જીવન પર સૌથી વધુ અસર કરી હોય, તો તે સુકુમાર હશે. તે હજુ પણ પોસ્ટ પ્રોડક્શનમાં વ્યસ્ત છે. તેમની હાજરી કરતાં તેમની ગેરહાજરી વધુ અસરકારક છે. હું તમને ખૂબ જ યાદ કરું છું, સુક્કુ. અમે બધા સાથે મળીને આ માર્ગ પર છીએ.

કાર્યક્રમમાં 'કિસિક' ગીત લોન્ચ કરવામાં આવ્યું હતું ઇવેન્ટ દરમિયાન, નિર્માતાઓએ 'પુષ્પા 2' માંથી એક ખાસ ડાન્સ નંબર 'કિસિક' લોન્ચ કર્યું, જેમાં શ્રીલીલા પ્રથમ વખત અલ્લુ અર્જુન સાથે જોવા મળી હતી.

2021ની સૌથી વધુ કમાણી કરનાર ફિલ્મ 'પુષ્પા: ધ રાઈઝ' હતી. 2021માં રિલીઝ થયેલી 'પુષ્પા: ધ રાઈઝ' એ વર્ષની સૌથી વધુ કમાણી કરનાર ભારતીય ફિલ્મ હતી. તમામ વર્ઝન સહિત, આ ફિલ્મે લાઈફ ટાઈમ ઈન્ડિયામાં રૂ. 313 કરોડ અને વિશ્વભરમાં રૂ. 350 કરોડનો બિઝનેસ કર્યો હતો. સૌથી વધુ કમાણી કરનાર તેલુગુ ફિલ્મોની યાદીમાં તે છઠ્ઠા નંબર પર છે. પુષ્પા-2 ફિલ્મ 5 ડિસેમ્બરે રિલીઝ થશે.



# દિલ્હી બની ફિલ્મ કેપિટલ: 12મો જાગરણ ફિલ્મ મહોત્સવ શરૂ

(એજન્સી) મુંબઈ | તા.26

ભારતના સૌથી મોટા પ્રવાસી ફિલ્મ મહોત્સવ *જાગરણ ફિલ્મ ફેસ્ટિવલ (જેએફએફ)*નું 12મું સંસ્કરણ 25 નવેમ્બર 2024ના રોજ નવી દિલ્હી સ્થિત સિરી ફોર્ટ ઓડિટોરિયમમાં ભવ્ય ઉદ્ઘાટન સાથે શરૂ થયું છે. 78 ભાષાઓ અને 111 દેશોના 292 શ્રેષ્ઠ ફિલ્મો સાથે, આ મહોત્સવ સિનેમાની કલા અને વિવિધતાનો ઉત્સવ છે. આ વર્ષે મહોત્સવમાં 102 ભારતીય અને આંતરરાષ્ટ્રીય ફિલ્મોનું પ્રદર્શન થશે, જેમાં કિરણ રાવની ઓસ્કાર એન્ટ્રી લાપતા લેડીઝ અને મરાઠી ફિલ્મ જિપ્સી જેવી ખાસ ફિલ્મો સાથે અનેક વર્લ્ડ પ્રીમિયર અને માસ્ટર ક્લાસનો સમાવેશ છે. નવી દિલ્હીમાં શરુ થતો આ મહોત્સવ 11 રાજ્યઓ અને 18 શહેરોમાં પ્રવાસ કરશે, જેનો સમાપન મુંબઈમાં ભવ્ય સમારોહ સાથે થશે.



આ મહોત્સવમાં પંકજ કપૂર, મનોજ બાજપેયી, ભૂમિ પેડનેકર, તાપસી પન્નૂ, મુકેશ છાબડા, સુધીર મિશ્રા અને રાજપાલ યાદવ જેવા પ્રતિષ્ઠિત કલાકાર ભાગ લેશે. ટોક શો, માસ્ટર ક્લાસ અને પેનલ ચર્ચાઓ દ્વારા સિનેમાના વિવિધ પાસાઓ પર ચર્ચા કરવામાં આવશે. જાગરણ પ્રકાશન જૂથના જણાવ્યા મુજબ, આ મહોત્સવ ગુણવત્તાસભર સિનેમાને દરેક વર્ગ સુધી પહોંચાડવાના તેના લક્ષ્ય પર અડગ છે. 5 થી 8 ડિસેમ્બર દરમિયાન નવી દિલ્હીના સિરી ફોર્ટ ઓડિટોરિયમમાં આ મહોત્સવમાં ભાગ લ્યો અને સિનેમાના આ અદભૂત પ્રવાસનો આનંદ માણો.

# 'ચેપ્ટર-1'ના ક્રૂ મેમ્બરોથી ભરેલી બસનો અકસ્માત

## શૂટિંગ બંધ થવાના સમાચાર પર મેકર્સે કહ્યું- આ અફવા છે, એક નાનો અકસ્માત થયો હતો, કોઈને ગંભીર ઈજા નથી પહોંચી




(એજન્સી) મુંબઈ | તા.26

રિષભ શેટ્ટીની ફિલ્મ કાંતારા: ચેપ્ટર-1ના શૂટિંગ સેટ પરથી મોટા સમાચાર સામે આવ્યા છે. એવા અહેવાલો છે કે એક બસ, જે ક્રૂ મેમ્બરોથી ભરેલી હતી, શૂટિંગ સ્થળ નજીક અકસ્માતનો ભોગ બની હતી. દુર્ઘટનામાં 20 ક્રૂ મેમ્બર ઘાયલ થયા છે. એવા પણ સમાચાર છે કે અકસ્માત બાદ શૂટિંગ બંધ કરવું પડ્યું હતું, જો કે હવે નિર્માતાઓએ એક સત્તાવાર નિવેદન જારી કરીને તેને એક નાનો અકસ્માત ગણાવ્યો છે.

અકસ્માત સમયે પહોંચેલા એક પોલીસ અધિકારીએ પીટીઆઈને જણાવ્યું કે ક્રૂ મેમ્બરોથી ભરેલી બસ મદુર, જડકલમાં શૂટિંગ પૂરું કરીને કોલ્લુર પરત ફરી રહી હતી. અકસ્માત થયો ત્યારે મિની બસમાં 20 જુનિયર કલાકારો હાજર હતા. ઘાયલોને જડકલ અને કુંદરપુરની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. ન્યૂઝ 18ના અહેવાલ મુજબ, દુર્ઘટનામાં 6 ક્રૂ મેમ્બર્સ ગંભીર રીતે ઘાયલ થયા છે, જેમને જડકલ મહાલક્ષ્મી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

નિર્માતાઓએ સ્પષ્ટતા કરી હતી કે તે એક નાનો અકસ્માત હતો. એક તરફ એવા અહેવાલો છે કે કાંતારા; ચેપ્ટર-1નું શૂટિંગ બંધ કરી દેવામાં આવ્યું છે. બીજી તરફ, ફિલ્મ સાથે જોડાયેલા લોકોએ સત્તાવાર નિવેદન જારી કરીને તેને એક નાનો અકસ્માત ગણાવ્યો છે. નિવેદનમાં લખવામાં આવ્યું છે કે, જે સમાચાર હેડલાઈન્સમાં છે તે ખોટા છે. કાંતારા: ચેપ્ટર 1 ની ટીમે આજે સવારે 6 વાગ્યાથી શૂટિંગ શરૂ કર્યું છે અને બધું સામાન્ય રીતે ચાલી રહ્યું છે. શૂટિંગ લોકેશનથી 20 કિલોમીટર દૂર એક નાનો અકસ્માત થયો હતો, જેમાં કાંતારા ટીમના કેટલાક સભ્યો લોકલ બસમાં હાજર હતા, પરંતુ અકસ્માતમાં કોઈને ઈજા થઈ ન હતી.

ફિલ્મ કાંતારા: ચેપ્ટર 1 વર્ષ 2022માં રિલીઝ થયેલી જંગી હિટ ફિલ્મ કાંતારાની પ્રીક્વલ બનવા જઈ રહી છે. આ ફિલ્મનું શૂટિંગ ગયા વર્ષે નવેમ્બરમાં શરૂ કરવામાં આવ્યું હતું. થોડા સમય પહેલા ફિલ્મના એક્ટર અને ડાયરેક્ટર ઋષભ શેટ્ટીએ જણાવ્યું હતું કે ફિલ્મ કાંતારા; ચેપ્ટર 1 આવતા વર્ષે 2 ઓક્ટોબરે રિલીઝ થશે. આ ફિલ્મનો ફર્સ્ટ લુક પણ રિલીઝ થઈ ગયો છે.

# આલિયા ભટ્ટને કિશોર કુમાર કોણ છે એ ખબર જ ન હતી...



મુંબઈ : આલિયા ભટ્ટને પોતે પહેલીવાર મળ્યો ત્યારે તેને કિશોર કુમાર વિશે કોઈ જ માહિતી ન હતી તેવો ઘટસ્ફોટ ખુદ રણબીર કપૂરે કર્યો છે. ગોવામાં ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલમાં રણબીરના આ ઘટસ્ફોટ બાદ અનેક લોકોએ સોશિયલ મીડિયા પર આલિયાને ટ્રોલ કરી હતી. જોકે, કેટલાક લોકોએ આલિયાનો એમ કહીને બચાવ કર્યો હતો કે રણબીર આલિયાને પહેલીવાર મળ્યો ત્યારે તે નવ વર્ષની જ હતી. એ સમયે એક બાળક તરીકે તેને બોલીવૂડ વિશે અને ખાસ તો ભૂતકાળના સ્ટાર્સ વિશે ખાસ જાણકારી ન હોય તે બનવા જોગ છે. રણબીર કેવી રીતે જૂના કલાકારોને લોકો ભૂલી જતા હોય છે તે જણાવી રહ્યો હતો તે સંદર્ભમાં જ તેણે આ વાત કરી હતી. આ દરમિયાન રણબીરે રાજકપૂર ફિલ્મ ફેસ્ટિવલની ઘોષણા કરી હતી. રણબીરે પોતાના દાદા રાજ કપૂરને શ્રદ્ધાંજલિ આપતાં જણાવ્યું હતુ કે, રાજ કપૂર ફિલ્મ ફેસ્ટિવલ ૧૩ ડિસેમ્બરથી ૧૫ ડિસેમ્બર સુધી ચાલશે. જેમાં તેમની જૂની ફિલ્મો રીલિઝ કરાશે.

# યશસ્વી-રાહુલની ઓપનિંગ બની ગેમચેન્જર્સ

## પર્થમાં ભારતની જીતનાં ટોપ-5 ફેક્ટર્સ; સ્થિતિનો લાભ ઉઠાવ્યો

(એજન્સી) પર્થ | તા 26

બોર્ડર-ગાવસ્કર ટ્રોફીમાં ભારતે જીત સાથે શરૂઆત કરી છે. ટીમે પર્થના ઓપ્ટસ સ્ટેડિયમમાં રમાયેલી પ્રથમ ટેસ્ટમાં ઓસ્ટ્રેલિયાને 295 રનથી હરાવ્યું હતું. ઓસ્ટ્રેલિયન ટીમ આ સ્ટેડિયમમાં પ્રથમ વખત હારી છે.

આ મેચ પહેલાં ઘણા ભારતીય ખેલાડીઓ ખરાબ ફોર્મ સાથે સંઘર્ષ કરી રહ્યા હતા. ટીમને ઘરઆંગણે ન્યૂઝીલેન્ડના હાથે 0-3થી હારનો સામનો કરવો પડ્યો હતો. તેમ છતાં ભારતીય ટીમે સમગ્ર મેચમાં ઓસ્ટ્રેલિયાને ટકી રહેવા દીધું ન હતું. વાંચો પર્થની આ ઐતિહાસિક જીતનાં ટોપ-5 ફેક્ટર્સ... 1. કેપ્ટન બુમરાહનો બોલ્ડ નિર્ણય, પ્રથમ બેટિંગ કરવાનું પસંદ કર્યું પર્થની પીચ સ્પીડ અને બાઉન્સ માટે જાણીતી છે. આ મેદાનમાં ભારતીય પીચો કરતાં 13 સેમી વધુ બાઉન્સ છે. મેચ પહેલાં પીચ-ક્યુરેટર આઈઝેક મેકડોનાલ્ડે કહ્યું હતું- 'પીચમાં બાઉન્સ-પેસ હશે.' પીચ પર 9 મિમી ઘાસ બાકી હતું. આવી સ્થિતિમાં એવું માનવામાં આવતું હતું કે ટોસ જીતનારી ટીમ પહેલા બોલિંગ કરવાનો નિર્ણય લેશે. ભારતીય કેપ્ટન જસપ્રિત બુમરાહે ટોસ જીતીને બેટિંગ કરવાનો સાહસિક નિર્ણય લીધો હતો. આખરે આ નિર્ણય સાચો સાબિત થયો. 2. બોલર્સે બાઉન્સ બેક કરાવ્યા ભારતીય ટીમ પ્રથમ દાવમાં 150 રનના સ્કોર સુધી મર્યાદિત રહી હતી. આ પછી કેપ્ટન બુમરાહના નેતૃત્વમાં ભારતીય બોલરોએ ઓસ્ટ્રેલિયાને 51.2 ઓવરમાં 104 રનમાં ઓલઆઉટ કરી દીધું હતું. અહીં ભારતને નાના સ્કોર છતાં 46 રનની લીડ મળી હતી. આનાથી ભારતીય ટીમને સાયકોલોજિકલ એડવાન્ટેજ મળ્યો અને ઓસ્ટ્રેલિયાની ટીમ મેચમાં રિકવર કરી શકી નહીં.



**રાહુલ, પંત અને રેડ્ડીએ મહત્ત્વપૂર્ણ પ્રસંગોએ રન બનાવ્યા :** ઓપનર કેએલ રાહુલ, ઋષભ પંત અને નીતિશ રેડ્ડીએ મહત્તવની ક્ષણોમાં રન બનાવ્યા હતા. રાહુલે પ્રથમ દિવસની પડકારજનક સ્થિતિમાં 26 રન ઉમેર્યા હતા. ત્યાર બાદ પંતે 37 રન અને રેડ્ડીએ 48 રનનું યોગદાન આપ્યું હતું. બંનેએ 48 રનની મહત્ત્વપૂર્ણ ભાગીદારી કરી હતી. આ ભાગીદારીથી ભારત પ્રથમ દાવમાં 150 રન સુધી પહોંચી ગયું હતું. ત્યાર બાદ બીજા દાવમાં રાહુલે યશસ્વી સાથે મળીને ટીમને મજબૂત શરૂઆત અપાવી હતી. કોહલીએ 100 રન અને નીતિશ રેડ્ડીએ 38 રન ફટકારીને ટીમનો સ્કોર 487 સુધી પહોંચાડ્યો હતો.

**મારી પાસે મારા પુત્રને કહેવા માટે ઘણી બધી વાર્તાઓ હશે :** બુમરાહે કહ્યું, 'મારો પુત્ર અને પત્ની અહીં મેચ જોવા આવ્યા છે. તે T20 વર્લ્ડ કપ જોવા પણ આવ્યો હતો. તે હજુ ખૂબ નાનો છે, પરંતુ જ્યારે તે મોટો થશે, ત્યારે મારી પાસે તેને કહેવા માટે ઘણી વાર્તાઓ હશે.' બોલર્સે બાઉન્સ બેક કરાવ્યા ભારતીય ટીમ પ્રથમ દાવમાં 150 રનના સ્કોર સુધી મર્યાદિત રહી હતી. આ પછી કેપ્ટન બુમરાહના નેતૃત્વમાં ભારતીય બોલરોએ ઓસ્ટ્રેલિયાને 51.2 ઓવરમાં 104 રનમાં ઓલઆઉટ કરી દીધું હતું.

### પીચનો મૂડ બદલાયો, શરતોએ ફાયદો ઉઠાવ્યો

પહેલા દિવસે ખતરનાક દેખાતી પીચનો મિજાજ બીજા દિવસે સંપૂર્ણપણે બદલાઈ ગયો હતો. પીચ ધીમી થવા લાગી અને ઉછાળ પણ ઓછો થયો. ભારતીય ઓપનરોએ બદલાયેલા સંજોગોનો ભરપૂર ફાયદો ઉઠાવ્યો હતો. પ્રથમ સેશનમાં આવેલી આ વિકેટ પર બીજા દિવસે માત્ર 3 વિકેટ પડી હતી. ભારતીય ઓપનરોએ આખો દિવસ બેટિંગ કરી હતી.

### યશસ્વી-રાહુલની ઓપનિંગ ભાગીદારી

યશસ્વી જયસ્વાલે પીચની બદલાતી પરિસ્થિતિઓનો ભરપૂર ફાયદો ઉઠાવ્યો હતો. બંનેએ 201 રનની રેકોર્ડ ઓપનિંગ ભાગીદારી કરી હતી. યશસ્વીએ 161 રન બનાવ્યા હતા, જ્યારે રાહુલે 67 રનનું યોગદાન આપ્યું હતું. ત્યાર બાદ વિરાટ કોહલી (100*)એ પણ સદી ફટકારી હતી. નીચલા ક્રમમાં નીતિશ રેડ્ડીએ 38 રનનું યોગદાન આપ્યું હતું. તેણે પ્રથમ દાવમાં પણ 41 રન બનાવ્યા હતા.

### 5821 દિવસ બાદ ઓસ્ટ્રેલિયા સામેની હારનો બદલો લીધો

ટીમ ઈન્ડિયા માટે આ મેચમાં યશસ્વી જયસ્વાલ અને વિરાટ કોહલીએ બીજી ઈનિંગમાં શાનદાર સદી ફટકારી હતી, જ્યારે કેપ્ટન જસપ્રીત બુમરાહે મેચમાં સૌથી વધુ 8 વિકેટ ઝડપી હતી. તેના આધારે ભારતે પર્થના ઓપ્ટસ સ્ટેડિયમમાં 5821 દિવસ બાદ ઓસ્ટ્રેલિયા સામેની હારનો બદલો લીધો હતો. આ પહેલા 2018માં ઓસ્ટ્રેલિયાએ આ જ મેદાન પર રમાયેલી પ્રથમ ટેસ્ટમાં ટીમ ઈન્ડિયાને હરાવ્યું હતું. તે આ મેદાન પર રમાયેલી પ્રથમ ટેસ્ટ મેચ હતી. હવે ભારતે ઓસ્ટ્રેલિયા સાથે સ્કોર સેટલ કરી લીધો છે. આ જીતમાં ટીમ ઈન્ડિયા અને કેપ્ટન જસપ્રીત બુમરાહે ઘણા શાનદાર રેકોર્ડ બનાવ્યા. ત્યાર બાદ પંતે 37 રન અને રેડ્ડીએ 48 રનનું યોગદાન આપ્યું હતું. બંનેએ 48 રનની મહત્ત્વપૂર્ણ ભાગીદારી કરી હતી.આ મેચ પહેલાં ઘણા ભારતીય ખેલાડીઓ ખરાબ ફોર્મ સાથે સંઘર્ષ કરી રહ્યા હતા.

# વર્લ્ડ ચેસ ચેમ્પિયનશિપ-ગુકેશ પ્રથમ મેચ હારી ગયો

## ડિફેન્ડિંગ ચેમ્પિયન ડીંગ લિરેને હાર આપી; ચીનના ખેલાડીએ 1-0ની લીડ મેળવી

(એજન્સી) સિંગાપોર | તા 26

ભારતીય ગ્રાન્ડમાસ્ટર ડી ગુકેશ સિંગાપોરમાં ચાલી રહેલી વર્લ્ડ ચેસ ચેમ્પિયનશિપની પ્રથમ મેચ હારી ગયો છે. તેને ડિફેન્ડિંગ ચેમ્પિયન ડીંગ લિરેનથી હરાવ્યો હતો. આ હાર બાદ ભારતીય સ્ટાર 14 મેચ સુધી ચાલેલી મેચમાં 0-1થી પાછળ રહી ગયો છે. વર્લ્ડ ચેસ ચેમ્પિયનશીપના ઈતિહાસમાં આ પ્રથમ વખત છે કે જ્યારે બે એશિયન ખેલાડીઓ વિશ્વ ચેમ્પિયન બનવા માટે એકબીજા સામે સ્પર્ધા કરી રહ્યા છે. 18 વર્ષના ગુકેશે વ્હાઈટ પીસથી શરૂઆત કરી. તેણે રમતની શરૂઆતમાં રાજાના આગળના પ્યાદાને બે ઘરો ખસેડીને ભૂલ કરી. લિરેને 'ફ્રેન્ચ ડિફેન્સ' સાથે જવાબ આપ્યો. ગુકેશે એ જ વ્યૂહરચના અપનાવી હતી જે વિશ્વનાથન આનંદે 2001માં સ્પેનના એલેક્સી શિરોવ સામે પ્રથમ વર્લ્ડ ચેમ્પિયનશિપ ટાઈટલ જીતી ત્યારે અપનાવી હતી. ગુકેશને 12મી ચાલ સુધી અડધો કલાકનો ફાયદો હતો, પરંતુ 8 ચાલ પછી લિરેનને વધારાની મિનિટો મળી, જેનાથી સાબિત થયું કે તેણે તેના પ્રારંભિક પડકારને પાર કરી લીધો છે. આ પછી તેણે જોરદાર કમબેક કર્યું અને 42 ચાલમાં જીત મેળવી. ગુકેશે એપ્રિલમાં ટોરોન્ટોમાં કેન્ડીડેટ્સ ચેસ ટુર્નામેન્ટ જીતી હતી. આવું કરનાર તે સૌથી યુવા ખેલાડી (17 વર્ષ) બન્યો. ગુકેશ પહેલા રશિયન ખેલાડી ગેરી કાસ્પારોવે 1984માં 22 વર્ષની સૌથી નાની ઉંમરમાં આ ટુર્નામેન્ટ જીતી હતી.



### ફાઈનલ મેચમાં 14 રાઉન્ડ થશે

ફાઈનલમાં 14 રાઉન્ડ હશે, જો જરૂરી હોય તો ટાઈબ્રેકર સાથે. ગુકેશ અને ડીંગને ગેમ જીતવા બદલ 1 પોઈન્ટ અને ડ્રો માટે 0.5 પોઈન્ટ મળશે. ચેમ્પિયનશિપ જીતવા માટે 7.5 પોઈન્ટની જરૂર છે. જો 14 રાઉન્ડ પછી સ્કોર ટાઈ રહે છે, તો ઝડપી સમય નિયંત્રણ સાથે ટાઈબ્રેકર દ્વારા વિજેતા જાહેર કરવામાં આવશે.

### કોણ છે ડી ગુકેશ?

ગુકેશ ડીનું પૂરું નામ ડોમરાજુ ગુકેશ છે અને તે ચેન્નઈનો રહેવાસી છે. ગુકેશનો જન્મ 7 મે 2006ના રોજ ચેન્નઈમાં થયો હતો. તેણે 7 વર્ષની ઉંમરે ચેસ રમવાનું શરૂ કર્યું. તેને શરૂઆતમાં ભાસ્કર નગૈયાએ કોચિંગ આપ્યું હતું.

# એન્ટોનસેને જોનાથાન ક્રિસ્ટીને હરાવીને વર્ષનું ચોથું ટાઈટલ જીત્યું



(એજન્સી) લંડન | તા 26

એન્ટોનસેને 51 મિનિટમાં ટાઈટલ જીતી ચાઈના ઓપન માસ્ટર્સ બેડમિન્ટનની મેન્સ સિંગલ્સમાં એન્ડેર્સ એન્ટોનસેને જોનાથાન ક્રિસ્ટીને હરાવીને ટાઈટલ જીતનાર ડેનમાર્કના પ્રથમ ખેલાડી બનવાની સિદ્ધિ મેળવી હતી. યૂરોપિયન ચેમ્પિયન એન્ટોનસેને 51 મિનિટમાં પોતાના હરીફને 21-15, 21-13થી હરાવીને ચાલુ વર્ષ પોતાનું ચોથું ટાઈટલ જીત્યું હતું.

ફાઈનલ્સ રેન્કિંગના ટોચના ક્રમે પહોંચવાની રેસમાં તેણે પોતાનો દાવો વધારે મજબૂત કર્યો છે. એશિયન ચેમ્પિયન જોનાથાન સામે એન્ટોનસેને 10 મુકાબલામાં ચોથો વિજય હાંસલ કર્યો છે.પેરિસ ઓલિમ્પિકમાં ગોલ્ડ મેડલ જીત્યા બાદ પોતાની પ્રથમ પ્રોફેશનલ ટૂર્નામેન્ટ રમનાર એન સેયોંગે ચીનની સ્થાનિક ખેલાડી ગાઓ ફેંગજેઈને હરાવીને ટાઈટલ પોતાના નામે કર્યું હતું. 22 વર્ષીય કોરિયન ખેલાડીએ 38 મિનિટમાં કોઈ પણ મુશ્કેલી વિના ફાઈનલ 21-12, 21-8ના સ્કોરથી જીતી લીધી હતી. તેણે સિઝનમાં ચોથું અને કારકિર્દીમાં 27મું ટાઈટલ પોતાના નામે કર્યું હતું. વિમેન્સ ડબલ્સમાં ઓલ ચાઈનીઝ ફાઈનલમાં ઓલિમ્પિક સિલ્વર મેડાલિસ્ટ લિયૂ સેંગસૂ અને તાન નિંગેએ લિ યિજિંગ અને લુઓ ઝયુમિનને હરાવીને હતી. બંનેએ ચાલુ વર્ષ છઠ્ઠું ટાઈટલ જીત્યું છે.

# બુમરાહે કહ્યું- મારી નજરમાં યશસ્વી પ્લેયર ઓફ ધ મેચ



(એજન્સી) પર્થ | તા 26

ભારતીય કેપ્ટન જસપ્રીત બુમરાહે પર્થમાં યશસ્વી જયસ્વાલની સદીને તેની સર્વશ્રેષ્ઠ ટેસ્ટ ઈનિંગ્સ ગણાવી હતી. કેપ્ટને કહ્યું કે તેની નજરમાં યશસ્વી પ્લેયર ઓફ ધ મેચ છે. તેણે વિરાટ કોહલીની પણ પ્રશંસા કરી હતી. ભારતની બીજી ઈનિંગમાં યશસ્વીએ 161 રન અને કોહલીએ અણનમ 100 રન બનાવ્યા હતા.

બોર્ડર-ગાવસ્કર ટ્રોફીની પ્રથમ ટેસ્ટમાં ભારતે ઓસ્ટ્રેલિયાને 295 રનથી હરાવ્યું હતું. ટીમે 5 મેચની ટેસ્ટ સિરીઝમાં 1-0ની લીડ મેળવી લીધી છે.

યશસ્વીની આ સર્વશ્રેષ્ઠ ટેસ્ટ ઈનિંગ્સ સોમવારે મેચ બાદ પ્રેસ કોન્ફરન્સમાં બુમરાહે કહ્યું, 'જો મારે મેન ઓફ ધ મેચ આપવો હોત તો હું યશસ્વી જયસ્વાલને આપત. મારી દૃષ્ટિએ આ તેની સર્વશ્રેષ્ઠ ટેસ્ટ ઈનિંગ્સ હતી. કારણ કે તે આક્રમક રમત રમે છે, પરંતુ તેણે જે રીતે ખરાબ બોલ છોડ્યો અને લાંબા સમય સુધી પકડી રાખ્યો તેનાથી અમને ખરેખર મદદ મળી.'

કોહલીને અમારી જરૂર નથી, અમને તેની જરૂર છે તેણે આગળ કહ્યું, 'વિરાટ કોહલીને અમારી જરૂર નથી, અમને તેની જરૂર છે. તે એક અનુભવી ખેલાડી છે. આ તેનો ચોથો કે પાંચમો ઓસ્ટ્રેલિયન પ્રવાસ છે. તે પોતાની રમત સારી રીતે જાણે છે.'

મારા માટે આ ખૂબ જ ખાસ જીત છે બુમરાહે કહ્યું, 'મારા માટે આ ખૂબ જ ખાસ જીત છે. કેપ્ટન તરીકે આ મારી પ્રથમ ટેસ્ટ જીત છે. અમે દબાણમાં હતા પરંતુ બધાએ જવાબદારી બતાવી અને ટીમે કમબેક કર્યું. કેએલ રાહુલ જે રીતે બેટિંગ કરી તેનાથી ખુશ છું.'

મારી પાસે મારા પુત્રને કહેવા માટે ઘણી બધી વાર્તાઓ હશે બુમરાહે કહ્યું, 'મારો પુત્ર અને પત્ની અહીં મેચ જોવા આવ્યા છે. તે T20 વર્લ્ડ કપ જોવા પણ આવ્યો હતો. તે હજુ ખૂબ નાનો છે, પરંતુ જ્યારે તે મોટો થશે, ત્યારે મારી પાસે તેને કહેવા માટે ઘણી વાર્તાઓ હશે.'

# પાંચ વખતની ચેમ્પિયન મુંબઈની કાંઈક આવી છે નવી ટીમ આવી

(એજન્સી) મુંબઈ | તા 26


રિટેન્શન બાદ મુંબઈ ઈન્ડિયન્સે મેગા ઓક્શનમાં એક નવી ટીમ બનાવી છે. જાણો નવી સિઝન માટે મુંબઈ ઈન્ડિયન્સની આખી ટીમ કેવી છે? પાંચ વખત ચેમ્પિયન રહ્યા બાદ નવી ટીમ સાથે ફરી એક વખત ચેમ્પિયન બનવા મુંબઈ ઈન્ડિયન્સની ટીમ તૈયાર છે. ઓક્શન પહેલા 5 ભારતીય ખેલાડીઓ રોહિત શર્મા, હાર્દિક પંડ્યા, જસપ્રિત બુમરાહ અને તિલક વર્માને રિટેન કરવાની જાહેરાત કરવામાં આવી હતી. જસપ્રીત બુમરાહને સૌથી વધુ 18 કરોડ રૂપિયા આપવામાં આવ્યા છે. સૂર્યકુમાર યાદવને 16.35 કરોડમાં રિટેન કરવામાં આવ્યો હતો. હાર્દિક પંડ્યાને પણ 16.35 કરોડમાં રિટેન કરવામાં આવ્યો હતો. રોહિત શર્માને 16.30 કરોડમાં રિટેન કરવામાં આવ્યો હતો. તિલક વર્માને 8 કરોડમાં રિટેન કરવામાં આવ્યા છે.મુંબઈ ઈન્ડિયન્સ આઈપીએલના મેગા ઉતરી હતી. પહેલા દિવસે મુંબઈએ 4 ખેલાડીઓને ખરીદ્યા હતા. જેમાં ટ્રેન્ટ બોલ્ટ સૌથી મોંઘો ખેલાડી રહ્યો હતો. કુલ 4 ખેલાડીમાં ટ્રેન્ટ બોલ્ટ, નમન ધીર, રોબિન મિન્જ અને કરન શર્માનો સમાવેશ થાય છે.

# ટેસ્ટ સિરીઝ વચ્ચે ગંભીર છોડશે ટીમ ઈન્ડિયાનો સાથ

(એજન્સી) પર્થ | તા 26

ટીમ ઈન્ડિયા આ દિવસોમાં ઓસ્ટ્રેલિયાના પ્રવાસે છે. જ્યાં બોર્ડર ગાવસ્કર ટ્રોફીમાં બંને ટીમો વચ્ચે 5 મેચની ટેસ્ટ સિરીઝ રમાઈ રહી છે. સિરીઝની પ્રથમ મેચ પર્થમાં રમાઈ હતી, જે ટીમ ઈન્ડિયાએ 295 રનથી જીતીને સિરીઝમાં 1-0ની લીડ મેળવી હતી. હવે એવા અહેવાલો સામે આવી રહ્યા છે કે પર્થ ટેસ્ટ બાદ ટીમ ઈન્ડિયાના મુખ્ય કોચ અચાનક ભારત પરત ફરી રહ્યા છે. જેનું મુખ્ય કારણ સામે આવી રહ્યું છે.

એક અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે કોચ ગૌતમ ગંભીર ગંભીર પારિવારિક કારણોસર અચાનક ભારત પરત ફરી રહ્યા છે. જો કે બીજી ટેસ્ટ મેચ પહેલા ગંભીર ફરી ઓસ્ટ્રેલિયા પહોંચીને ટીમ ઈન્ડિયા સાથે જોડાશે. બીજી ટેસ્ટ મેચ પહેલા ટીમ ઈન્ડિયાને કેનબેરામાં બે દિવસીય પ્રેક્ટિસ મેચ રમવાની છે, જેમાં ગંભીર ટીમ સાથે નહીં હોય. આ પ્રેક્ટિસ મેચ 30 નવેમ્બરથી શરૂ થશે. પર્થમાં રમાયેલી પ્રથમ ટેસ્ટ મેચ એક દિવસ પહેલા જ ખતમ થઈ ગઈ હતી. જે બાદ બીજી ટેસ્ટ મેચ માટે ઘણો સમય બાકી છે. બીજી મેચ 6 ડિસેમ્બરથી એડિલેડમાં રમાશે. આ મેચ પહેલા ગૌતમ ગંભીર ટીમ ઈન્ડિયા સાથે જોડાઈ જશે. આ મેચમાં ટીમ ઈન્ડિયાનો કેપ્ટન રોહિત શર્મા પણ વાપસી કરી રહ્યો છે. જે બાદ રોહિત ફરીથી ભારતીય ટીમની કેપ્ટનશિપ કરતો જોવા મળશે. પર્થ ટેસ્ટમાં ભારતીય ટીમની કમાન જસપ્રીત બુમરાહના હાથમાં હતી. આ મેચમાં ટીમનું પ્રદર્શન શાનદાર રહ્યું હતું. બોલિંગથી લઈને બેટિંગમાં ટીમ ઈન્ડિયા યજમાન ઓસ્ટ્રેલિયા કરતા ઘણી આગળ હતી. પર્થ ટેસ્ટમાં યશસ્વી જયસ્વાલ અને વિરાટ કોહલીએ સદી ફટકારી હતી. આ સિવાય જસપ્રીત બુમરાહને મેન ઓફ ધ મેચ પસંદ કરવામાં આવ્યો હતો.



# 13 વર્ષનો છોકરો બન્યો કરોડપતિ, પહેલીવાર IPLમાં મચાવશે ધમાલ

(એજન્સી) દુબઈ | તા 26

બિહારના 13 વર્ષના ખેલાડી વૈભવ સૂર્યવંશીને રાજસ્થાન રોયલ્સે ખરીદ્યો હતો. આ ડાબા હાથના બેટ્સમેનને રાજસ્થાન રોયલ્સે 1 કરોડ 10 લાખ રૂપિયામાં ખરીદ્યો હતો. વૈભવ સૂર્યવંશીનું નામ આવતા જ દિલ્હી અને રાજસ્થાનની ટીમો તેને ખરીદવા માટે કૂદી પડી હતી. બિહારના 13 વર્ષના ખેલાડી વૈભવ સૂર્યવંશીને રાજસ્થાન રોયલ્સે ખરીદ્યો હતો. આ ડાબા હાથના બેટ્સમેનને રાજસ્થાન રોયલ્સે 1 કરોડ 10 લાખ રૂપિયામાં ખરીદ્યો છે. વૈભવની બેઝ પ્રાઈસ 30 લાખ રૂપિયા હતી અને હવે તે પહેલીવાર IPLમાં રમતા જોવા મળશે. વૈભવ સૂર્યવંશી માત્ર 13 વર્ષનો છે પરંતુ તેની બેટિંગમાં પાવર છે.IPL 2025ની હરાજીમાં વૈભવ સૂર્યવંશીનું નામ આવતાની સાથે જ દિલ્હી અને રાજસ્થાનની ટીમો તેને ખરીદવા માટે કૂદી પડી હતી. આ બંને ટીમોએ તેની સાથે વાત કરી હતી. દિલ્હીએ વૈભવનો ટ્રાયલ આ ખેલાડીનો ટેલિફોનિક ઈન્ટરવ્યુ લીધો હતો. વૈભવ સૂર્યવંશી બિહારના તાજપુરમાં રહે છે. આ ખેલાડી 7 વર્ષની ઉંમરથી ક્રિકેટ રમી રહ્યો છે અને તે અઠવાડિયામાં ચાર વખત 3 કલાક પટના સુધી ટ્રેનમાં જતો હતો.

# આરસીબીએ તૈયાર કરી દમદાર ટીમ



## IPL 2025ની ફાઈનલમાં પહોંચવાનું લગભગ નિશ્ચિત!

(એજન્સી) દુબઈ | તા 26

IPL 2025 મેગા ઓક્શનમાં લેવામાં આવેલા નિર્ણયોને કારણે રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરની ભારે ટીકા થઈ રહી છે. વિલ જેક્સને ન ખરીદવાથી ચાહકો ખૂબ જ નિરાશ છે, પરંતુ જો આપણે સમગ્ર બેંગલુરુ ટીમ પર નજર કરીએ તો, આ ટીમ શાનદાર પ્લેઈંગ ઈલેવન કોમ્બિનેશન તૈયાર કરી શકે છે. તમને જણાવી દઈએ કે મેગા ઓક્શન પહેલા RCBએ વિરાટ કોહલી, યશ દયાલ અને રજત પાટીદારના રૂપમાં 3 ખેલાડીઓને રિટેન કર્યા હતા. બેંગલુરુમાં વિરાટ કોહલી છે, જે આ વખતે પણ ઓપનિંગ કરતા જોવા મળી શકે છે. IPLમાં અત્યાર સુધી 8,000 રનનો આંકડો પાર કરનાર તે એકમાત્ર બેટ્સમેન છે. ફિલ સોલ્ટ તેની સાથે ઓપનિંગ કરતા જોઈ શકાય છે, જેમણે IPL 2024માં KKR તરફથી રમતા 435 રન બનાવ્યા હતા. આગામી સિઝનમાં રજત પાટીદારને ત્રીજા સ્થાને પ્રમોટ કરવામાં આવી શકે છે, જ્યારે જીતેશ શર્મા ચોથા સ્થાનની જવાબદારી સંભાળી શકે છે. જીતેશે 40 મેચ રમીને અત્યાર સુધી તેની IPL કરિયરમાં 730 રન બનાવ્યા છે. લિયામ લિવિંગસ્ટોન અને ટિમ ડેવિડ પાંચમા અને છઠ્ઠા સ્થાને રમી શકાય છે. આ બંને પણ્યે બોલિંગ કરી શકે છે. અને આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં શાનદાર બેટિંગ કરી રહ્યા છે અને પોતપોતાની ટીમો માટે મોટો સ્કોર બનાવી રહ્યા છે. આ વખતે RCBએ કૃણાલ પંડ્યાને પણ પોતાની ટીમમાં સામેલ કર્યો છે.

# અંબાણીએ કેમ ચાલુ ઓક્શનમાં RCB મેનેજમેન્ટ સાથે મિલાવ્યો હાથ?

(એજન્સી) નવી દિલ્હી | તા 26

IPL 2025 ના મેગા ઓક્શનમાં ઘણા આશ્ચર્યજનક નિર્ણયો જોવા મળ્યા હતા પરંતુ સૌથી વધુ ચર્ચા એ હતી કે RCB વિલ જેક્સ માટે RTM કાર્ડનો ઉપયોગ ન કરે. મુંબઈ ઈન્ડિયન્સ (MI) એ આ તકનો લાભ લીધો અને વિલ જેકને 5.25 કરોડ રૂપિયામાં પોતાની ટીમમાં સામેલ કર્યો. IPL 2024માં વિલ જેક્સનું શાનદાર પ્રદર્શન વિલ જેક્સે IPL 2024માં RCB માટે ઘણી શાનદાર ઈનિંગ્સ રમી હતી. તેને ગત સિઝનમાં 8 મેચોમાં 230 થી વધુ રન બનાવ્યા હતા અને કેટલાક પ્રસંગોએ પ્રદર્શનને કારણે ફેન્સને પૂરી આશા હતી કે RCB તેને કોઈપણ કિંમતે પોતાની ટીમમાં રાખશે. મેગા ઓક્શનમાં, RCBએ વિલ જેક્સને છોડ્યો અને તેના માટે RTM (રાઈટ ટુ મેચ) કાર્ડનો ઉપયોગ કર્યો ન હતો. આરટીએમ કાર્ડનો ઉપયોગ કરીને, ટીમ જૂના ખેલાડીને તેમની બિડ સમાપ્ત થયા પછી તેમની ટીમમાં પાછા સમાવી શકે છે. ફેન્સ અને ક્રિકેટ નિષ્ણાતોને આશા હતી કે આરસીબી ચોક્કસપણે વિલ જેક્સ માટે આરટીએમ કાર્ડનો ઉપયોગ કરશે, પરંતુ એવું થયું નહીં. આ નિર્ણયથી RCB મેનેજમેન્ટની વ્યૂહરચના પર સવાલો ઉઠાવ્યો. MIએ ઓક્શનમાં વિલ જેક્સને 5.25 કરોડ રૂપિયામાં ખરીદ્યો હતો. મુંબઈ ઈન્ડિયન્સના માલિક આકાશ અંબાણીએ આ ખરીદી બાદ RCB મેનેજમેન્ટનો આભાર માન્યો, કારણ કે તેણે RTM કાર્ડનો ઉપયોગ કર્યો ન હતો.

### ઢાકા યુનિવર્સિટીમાં વિરોધ કરી રહેલા હિન્દુઓ પર હુમલો, 20થી વધુ ઘાયલ

# બાંગ્લાદેશ ઈસ્કોનના ચિન્મય પ્રભુને છોડાવવા માટે પ્રદર્શન




## ડીબી પોલીસે કોઈ ધરપકડ વોરંટ દર્શાવ્યું નથી, ઘાયલોમાં 3ની હાલત ગંભીર

**ચિન્મય કૃષ્ણદાસની ધરપકડ કરવામાં આવી હતી**

બાંગ્લાદેશ પોલીસે સોમવારે ઢાકાના હઝરત શાહજલાલ ઈન્ટરનેશનલ એરપોર્ટ પરથી ચિન્મય કૃષ્ણદાસ બ્રહ્મચારીની ધરપકડ કરી હતી. તેઓ ચટગાંવ જઈ રહ્યા હતા. ઘટનાસ્થળે હાજર ઈસ્કોનના સભ્યોએ જણાવ્યું હતું કે ડીબી પોલીસે કોઈ ધરપકડ વોરંટ દર્શાવ્યું નથી. તેઓએ ફક્ત કહ્યું કે તેઓ વાત કરવા માગે છે. આ પછી તેઓ તેને માઈક્રોબસમાં લઈ ગયા.ઢાકા મેટ્રોપોલિટન પોલીસની ડિટેક્ટિવ બ્રાન્ચ (ડીબી)ના એડિશનલ પોલીસ કમિશનર રેઝાઉલ કરીમ મલિકે જણાવ્યું હતું કે પોલીસની વિનંતીને પગલે ચિન્મય કૃષ્ણદાસની ધરપકડ કરવામાં આવી હતી. ચિન્મય દાસને કાયદાકીય પ્રક્રિયા માટે સંબંધિત પોલીસ સ્ટેશનને સોંપવામાં આવશે.

(એજન્સી) ઢાકા | તા 26

બાંગ્લાદેશ ઈસ્કોન સાથે સંકળાયેલા ધાર્મિક નેતા ચિન્મય કૃષ્ણદાસ પ્રભુની મુક્તિ માટે દેશના અલગ-અલગ વિસ્તારોમાં પ્રદર્શન શરૂ થયા હતા. પ્રદર્શનકારીઓએ ઢાકા, ચાડગાંવ અને દિનાજપુરમાં રસ્તાઓ બંધ કરી દીધા હતા અને પ્રભુની વહેલી મુક્તિની માંગણી સાથે સૂત્રોચ્ચાર કર્યા હતા. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, ચિન્મય દાસ પ્રભુ વિરુદ્ધ દેશદ્રોહ અને સાંપ્રદાયિક સૌહાર્દને ખલેલ પહોંચાડવાનો કેસ ચાલી રહ્યો છે. ઢાકાના શાહબાગમાં પ્રદર્શન કરી રહેલા પ્રદર્શનકારીઓ પર કેટલાક લોકોએ લાકડીઓ વડે હુમલો કર્યો હતો. આ હુમલામાં 20થી વધુ લોકો ઘાયલ થયા છે. તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. જ્યાં હિંદુઓ પર હુમલો થયો તે સ્થળ શાહબાગ પોલીસ સ્ટેશનથી માત્ર 30 મીટર દૂર છે. ઈસ્કોનના સભ્યોએ જણાવ્યું હતું કે ડીબી પોલીસે કોઈ ધરપકડ વોરંટ દર્શાવ્યું નથી. તેઓએ ફક્ત કહ્યું કે તેઓ વાત કરવા માગે છે. આ પછી તેઓ તેને માઈક્રોબસમાં લઈ ગયા.

### આઝાદી સ્તંભ પર ભગવો ધ્વજ ફરકાવવાનો આરોપ

25 ઓક્ટોબરે નતન જાગરણ મંચે 8 મુદ્દાની માંગણીઓ સાથે ચિટગાંવના લાલદીઘી મેદાનમાં રેલી યોજી હતી. ચિન્મય કૃષ્ણદાસે પણ આ વાતને સંબોધી હતી. આ દરમિયાન કેટલાક લોકોએ ન્યૂ માર્કેટ ચોકમાં આઝાદી સ્તંભ પર ભગવો ધ્વજ ફરકાવ્યો હતો. આ ધ્વજ પર આમી સનાતની લખેલું હતું. રેલી બાદ 31 ઓક્ટોબરે બેગમ ખાલિદા જિયાની BNP પાર્ટીના નેતા ફિરોઝ ખાને ચિટગાંવમાં ચિન્મય કૃષ્ણદાસ સહિત 19 લોકો વિરુદ્ધ દેશદ્રોહનો કેસ દાખલ કર્યો હતો. તેના પર રાષ્ટ્રધ્વજનું અપમાન કરવાનો આરોપ છે. બાંગ્લાદેશના ચિત્તાગોંગમાં આઝાદી સ્તંભ પર ભગવો ધ્વજ લગાવવામાં આવ્યો હતો, જેને બાદમાં હટાવી દેવામાં આવ્યો હતો.

### ઈસ્કોન મંદિર પર હુમલો કરવામાં આવ્યો હતો

બાંગ્લાદેશના ચિત્તાગોંગમાં આઝાદી સ્તંભ પર ભગવો ધ્વજ લગાવવામાં આવ્યો હતો, જેને બાદમાં હટાવી દેવામાં આવ્યો હતો. બાંગ્લાદેશમાં સત્તાસંઘર્ષ દરમિયાન 6 ઓગસ્ટના રોજ ખુલના જિલ્લામાં એક ઈસ્કોન મંદિરને નિશાન બનાવવામાં આવ્યું હતું. જેમાં ભગવાન જગન્નાથની મૂર્તિઓનું દહન કરવામાં આવ્યું હતું. આ હુમલા બાદ ચિન્મય દાસે કહ્યું હતું કે ચટગાંવમાં ત્રણ અન્ય મંદિરો પણ ખતરામાં છે. હિંદુ સમુદાય તેમની સુરક્ષા માટે સાથે મળીને કામ કરી રહ્યો છે. ઈસ્કોનના સભ્યોએ જણાવ્યું હતું કે ડીબી પોલીસે કોઈ ધરપકડ વોરંટ દર્શાવ્યું નથી. તેઓએ ફક્ત કહ્યું કે તેઓ વાત કરવા માગે છે. આ પછી તેઓ તેને માઈક્રોબસમાં લઈ ગયા.

### બાંગ્લાદેશમાં ઈસ્કોનનાં 77થી વધુ મંદિરો

બાંગ્લાદેશમાં ઈસ્કોનનાં 77થી વધુ મંદિરો છે. દેશના લગભગ દરેક જિલ્લામાં ઈસ્કોન મંદિર છે. અંદાજ મુજબ 50 હજારથી વધુ લોકો તેની સાથે જોડાયેલા છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, ચિન્મય દાસ પ્રભુ વિરુદ્ધ દેશદ્રોહ અને સાંપ્રદાયિક સૌહાર્દને ખલેલ પહોંચાડવાનો કેસ ચાલી રહ્યો છે. ઈસ્કોનના સભ્યોએ જણાવ્યું હતું કે ડીબી પોલીસે કોઈ ધરપકડ વોરંટ દર્શાવ્યું નથી. તેઓએ ફક્ત કહ્યું કે તેઓ વાત કરવા માગે છે. આ પછી તેઓ તેને માઈક્રોબસમાં લઈ ગયા.ઢાકા ઢાકાના શાહબાગમાં પ્રદર્શન કરી રહેલા પ્રદર્શનકારીઓ પર કેટલાક લોકોએ લાકડીઓ વડે હુમલો કર્યો હતો. આ હુમલામાં 20થી વધુ લોકો ઘાયલ થયા છે. તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. જ્યાં હિંદુઓ પર હુમલો થયો તે સ્થળ શાહબાગ પોલીસ સ્ટેશનથી માત્ર 30 મીટર દૂર છે.

### ત્રિપુરા અને બંગાળ થઈને ભારતમાં આશ્રય લઈ રહ્યા

બાંગ્લાદેશ ઈસ્કોન સાથે જોડાયેલા ધાર્મિક નેતા ચિન્મય કૃષ્ણદાસ પ્રભુ સતત હિંદુઓ વિરુદ્ધ હિંસાના મામલા ઉઠાવી રહ્યા હતા. દાસે કહ્યું કે હિંસાથી બચવા માટે હિંદુઓ ત્રિપુરા અને બંગાળ થઈને ભારતમાં આશ્રય લઈ રહ્યા છે. ચિન્મય દાસ લાંબા સમયથી હિંદુ મંદિરોની સુરક્ષાનો મુદ્દો ઉઠાવી રહ્યા છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે જ્યારે કટ્ટરપંથીઓ શાંતિપૂર્ણ રીતે વિરોધ કરી રહેલા લોકો પર હુમલો કરી રહ્યા હતા, ત્યારે પ્રશાસન અને પોલીસે તેમને રોકવા માટે કોઈ કાર્યવાહી કરી ન હતી. ઈસ્કોનના સભ્યોએ જણાવ્યું હતું કે ડીબી પોલીસે કોઈ ધરપકડ વોરંટ દર્શાવ્યું નથી. તેઓએ ફક્ત કહ્યું.

# જાપાનના એપ્સીલોન એસ રોકેટમાં લોન્ચ દરમિયાન ભયાનક વિસ્ફોટ

### જાપાનના મિશનને મોટો ઝટકો, આ પરીક્ષણ દક્ષિણ-પશ્ચિમ તનેગાશિમા સ્પેસ સેન્ટરના રિઝર્વ એરિયામાં થઈ રહ્યું હતું

(એજન્સી) ટોકિયો | તા 26



જાપાનમાં સેટેલાઈટ લોન્ચિંગ દરમિયાન એપ્સીલોન એસ રોકેટના એન્જિનમાં આગ લાગી હતી. આ રોકેટ જાપાન સરકારની સ્પેસ ઓટોનોમી અને સેટેલાઈટ લોન્ચિંગ માર્કેટમાં તેની સ્થિતિ મજબૂત કરવાની મહત્વાકાંક્ષી યોજનાનો એક ભાગ છે.


બુધવારે જાપાનમાં સેટેલાઈટ લોન્ચિંગ દરમિયાન એપ્સિલન એસ રોકેટના એન્જિનમાં આગ લાગી હતી. જોકે આ ઘટનામાં રોકેટના બહારના ભાગને કોઈ નુકસાન થયું નથી. એપ્સિલન એસ રોકેટ સાથે બીજી વખત આ ઘટના બની છે. કેબિનેટના મુખ્ય સચિવ યોશિમાસા હયાશીએ કહ્યું કે આ પરીક્ષણ દક્ષિણ-પશ્ચિમ જાપાનમાં તનેગાશિમા સ્પેસ સેન્ટરના રિઝર્વ એરિયામાં થઈ રહ્યું હતું. જાપાન એક્સપ્લોરેશન એજન્સી (JAXA) આ ઘટનાની તપાસ કરી રહી છે.

ગયા વર્ષે પણ આ જ રોકેટના પરીક્ષણ દરમિયાન આવો જ વિસ્ફોટ થયો હતો. નિષ્ણાંતોએ સતત બીજી વખત આવી ઘટના પર ચિંતા વ્યક્ત કરી છે.

### 12 મહિનામાં ઊર્જા અને વીજળીના ભાવમાં અડધોઅડધ ઘટાડો કરશે

# ભારતના બે દુશ્મનોને પાઠ ભણાવશે, પદ સંભાળતા જ કરશે નિર્ણય

(એજન્સી) અમેરિકા તા 26




ડોનાલ્ડ ટ્રમ્પે ચીન, કેનેડા અને મેક્સિકોથી આવતા સામાન પર ટેરિફ લાદવાની વાત કરી છે. તેમણે કહ્યું કે સત્તા સંભાળ્યા બાદ તેઓ ચીનથી આવતા સામાન પર 10% અને કેનેડા-મેક્સિકોથી આવતા સામાન પર 25% ટેરિફ લાદશે.

અમેરિકી રાષ્ટ્રપતિની ચૂંટણીમાં પોતાની ઐતિહાસિક જીત બાદથી ડોનાલ્ડ ટ્રમ્પ એક પછી એક જાહેરાતો કરી રહ્યા છે. તાજેતરની જાહેરાત ભારતના બે દુશ્મન દેશો વિશે છે. ટ્રમ્પે ચીન અને કેનેડાથી આવતા સામાન પર ટેરિફ લાદવાની વાત કરી છે. તેમણે કહ્યું કે સત્તા સંભાળ્યા બાદ તેઓ ચીનથી આવતા સામાન પર 10% અને કેનેડાથી આવતા સામાન પર 25% ટેરિફ લાદશે. રાજ્યાભિષેક પછી તરત જ તેના પર સહી કરશે.

ખુરશી સંભાળતાની સાથે જ સહી કરીશ: ટ્રમ્પ અમેરિકાના નવા ચૂંટાયેલા રાષ્ટ્રપતિ ટ્રમ્પે તેમના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ટ્રુથ પર એક પછી એક ટ્વીટમાં આની જાહેરાત કરી. તેમણે કહ્યું કે 20 જાન્યુઆરીએ પદ સંભાળ્યા પછી તેમનું પ્રથમ કાર્ય ત્રણ દેશો પર ટેરિફ લાદવાના આદેશો પર હસ્તાક્ષર કરવાનું રહેશે. ટ્રમ્પે ચીન અને કેનેડા તેમજ મેક્સિકોથી આવતા સામાન પર ટેરિફ (25%) લાદવાની વાત કરી છે.તેમણે કહ્યું કે બધા જાણે છે કે મેક્સિકો અને કેનેડાથી હજારો લોકો અમેરિકા આવી રહ્યા છે. તેઓ અહીં ગુનાખોરી અને ડ્રગ્સને એવા સ્તરે લઈ જઈ રહ્યા છે જે પહેલાં ક્યારેય નહોતું જોવા મળ્યું.

હું મેક્સિકો અને કેનેડાથી યુએસમાં આવતા તમામ ઉત્પાદનો પર 25% ટેરિફ લાદીશ.ડ્રગ્સ અને ગુના પર આધારિત નિર્ણય ચીન પર આરોપ લગાવતા ટ્રમ્પે કહ્યું કે તેમણે આ મુદ્દે ચીનના પ્રતિનિધિઓ સાથે વાત કરી છે.

# ભારતીયો બે દેશોની નાગરિકતા ધરાવી શકે છે? જાણો શું કહે છે કાયદો

(એજન્સી) લંડન તા 26

દેશમાં આવા ઘણા કિસ્સા પ્રકાશમાં આવ્યા છે જ્યારે ભારતમાં રહેતા વ્યક્તિ પાસે પણ વિદેશી નાગરિકતા હતી અને આ મામલો ચર્ચામાં આવ્યો હતો. આવી પરિસ્થિતિમાં સવાલ એ છે કે શું ભારતમાં રહેનાર વ્યક્તિ બે દેશોની નાગરિકતા સાથે રહી શકે છે? તેને ભારતીય નાગરિક ગણવામાં આવશે કે નહીં? આ પ્રશ્નનો જવાબ ભારતીય બંધારણમાં જોવા મળે છે, જે જણાવે છે કે દેશમાં બેવડી નાગરિકતા અંગેના નિયમો શું છે. ભારતીય બંધારણના અનુચ્છેદ 8 મુજબ, વિદેશીને પણ ભારતીય નાગરિકતા આપી શકાય છે, પરંતુ તેના માટે કેટલીક શરતો જરૂરી છે, પરંતુ સવાલ એ છે કે જો કોઈ ભારતીય વ્યક્તિ પાસે પણ વિદેશી નાગરિકતા હોય તો શું તેને અહીં રહેવાની મંજૂરી આપવામાં આવશે? જાણો કાયદો શું કહે છે.

રાખી શકાય? ભારતીય નાગરિકતા અધિનિયમ 1995 આ પ્રશ્નનો જવાબ આપે છે કે શું ભારતીયો બેવડી નાગરિકતા ધરાવી શકે છે કે નહીં. કાયદો કહે છે કે, ભારત કોઈપણ ભારતીયને બેવડી નાગરિકતા રાખવાની મંજૂરી આપતું નથી. જો તમારી પાસે ભારતીય પાસપોર્ટ છે અને તમે અન્ય દેશનો પાસપોર્ટ મેળવવા માંગો છો.

### ઈરાનની મદદથી રિવર્સ એન્જિનિયરિંગ કરીને તૈયાર કરી

# હિઝબુલ્લાહનો પોતાની નકલ કરેલી મિસાઈલથી ઈઝરાયેલ પર હુમલો

(એજન્સી) બેરૂત તા 26

લેબનનનું લડાયક જૂથ હિઝબુલ્લાહ ઈઝરાયલ સામે અદ્યતન મિસાઈલ અલમાસનો ઉપયોગ કરી રહ્યું છે. ખાસ વાત એ છે કે હિઝબુલ્લાહે આ મિસાઈલ ઈઝરાયલની એન્ટી ટેન્ક મિસાઈલ સ્પાઈકને રિવર્સ એન્જિનિયરિંગ કરીને તૈયાર કરી છે. ન્યૂયોર્ક ટાઈમ્સ અનુસાર, હિઝબુલ્લાહે 2006માં ઈઝરાયલની સ્પાઈક મિસાઈલ જપ્ત કરી હતી અને તેને રિવર્સ એન્જિનિયરિંગ માટે ઈરાન મોકલી હતી. ઈરાને આ મિસાઈલોનું રિવર્સ એન્જિનિયરિંગ કર્યું.



### હિઝબુલ્લાહ પાસે રશિયન મિસાઈલો પણ છે

બે મહિના પહેલા લેબનનમાં લડાઈ શરૂ થઈ ત્યારથી ઈઝરાયલી સેનાએ હિઝબુલ્લાહ સાથે જોડાયેલા હથિયારોનો મોટો જથ્થો જપ્ત કર્યો છે. આમાં અલમાસ મિસાઈલનો પણ સમાવેશ થાય છે. જપ્ત કરાયેલા શસ્ત્રોમાં રશિયન કોર્નેટ એન્ટી ટેન્ક મિસાઈલોનો પણ સમાવેશ થાય છે. વોલ સ્ટ્રીટ જર્નલ અનુસાર, ઈઝરાયલી દળોને દક્ષિણ લેબનનમાં રશિયન હથિયારોનો મોટો જથ્થો મળ્યો છે. હિઝબુલ્લાહ નવી પેઢીના ચોથા સંસ્કરણનો ઉપયોગ કરી હુમલો હિઝબુલ્લાહના ટોચના કમાન્ડર મોહમ્મદ હૈદરને મારવા માટે કરવામાં આવ્યો હતો.

**ઈઝરાયલ માટે ખતરો બની અલમાસ :** અરબી અને ફારસી ભાષામાં અલમાસ એટલે હીરા. આ ગાઈડેડ મિસાઈલને વાહનો, ડ્રોન, હેલિકોપ્ટર અને ખભા પર મૂકીને ફાયર કરી શકાય છે. બાજુ પર અથડાવાને બદલે તે સીધા તેના લક્ષ્યની ઉપર પડે છે. ઈઝરાયલના અધિકારીઓના જણાવ્યા અનુસાર, અલમાસ ઈઝરાયલી દળો અને લેબનીઝ સરહદ નજીક ટેન્ક જેવા લડાયક વાહનો માટે ખતરો છે. અલમાસના ત્રણ વર્ઝન છે.

### બેરૂત પર ઈઝરાયલનો હવાઈ હુમલો

ઈઝરાયલ અને હિઝબુલ્લાહ વચ્ચે હુમલાઓ અને વળતા હુમલાઓનો સિલસિલો ચાલુ છે. ઈઝરાયલે ગયા શનિવારે મોડી રાત્રે લેબનનની રાજધાની બેરૂત પર હવાઈ હુમલો કર્યો હતો. આ હુમલામાં એક રહેણાંક મકાનને નિશાન બનાવવામાં આવ્યું હતું, જેમાં 20 લોકોના મોત થયા હતા. ઈઝરાયલના અધિકારીઓના જણાવ્યા.

# અમેરિકાના આ શહેરમાં બે મહિના સુધી નહીં નીકળે સૂર્ય, જાણો શું છે કારણ

(એજન્સી) ન્યૂયોર્ક | તા 26



અમેરિકાના આ શહેરમાં લગભગ 2 મહિના પછી સૂર્યોદય થશે. છેલ્લી વખત 18 નવેમ્બરના રોજ આ શહેરમાં સૂર્યોદય થયો હતો. હવે આ શહેરમાં સૂર્ય બરાબર 64 દિવસ પછી એટલે કે 22 જાન્યુઆરીએ ઉગશે. આ શહેર 64 દિવસ સુધી અંધારામાં રહેશે. શું તમે ક્યારેય વિચાર્યું છે કે જો તમારી આસપાસ બે મહિના સુધી સૂર્ય ન નીકળે તો શું થાય ? તમે તમારા રોજિંદા કાર્યો કેવી રીતે કરી શકો ? સૂર્યપ્રકાશ વિના જીવન કેવું હશે, તે પણ કડકડતી ઠંડીમાં ? તમે વિચારતા હશો કે આ કેવી રીતે શક્ય છે કે કે બે મહિના સુધી સૂર્યોદય ના થાય.

પરંતુ આ વાત સાચી છે કે, અમેરિકાના અલાસ્કામાં એક નાનકડું શહેર છે, જેનું નામ Utqiagvik છે. આ શહેરમાં લગભગ 2 મહિના પછી સૂર્યોદય થશે. છેલ્લી વખત 18 નવેમ્બરના રોજ આ શહેરમાં સૂર્યોદય થયો હતો. હવે આ શહેરમાં સૂર્ય બરાબર 64 દિવસ પછી એટલે કે 22 જાન્યુઆરીએ ઉગશે. આ શહેર 64 દિવસ સુધી અંધારામાં રહેશે. અલાસ્કાના આ શહેરમાં 2 મહિના નહીં નીકળે સૂર્ય લગભગ 5 હજાર લોકો Utqiagvikમાં રહે છે, જે બેરો તરીકે ઓળખાય છે, જે આર્ક્ટિક ઢોળાવમાં આવેલું છે. તેના આત્યંતિક ઉત્તરીય સ્થાનને કારણે શહેર દર વર્ષે સૂર્યોદય વિના ઘણા દિવસો વિતાવે છે. 18 નવેમ્બરે સ્થાનિક સમય મુજબ બપોરે 1:27 વાગ્યે સૂર્ય આથમ્યો હતો, હવે 64 દિવસ પછી 22 જાન્યુઆરીએ સૂર્ય લગભગ 1:15 વાગ્યે ઊગશે, તે પણ માત્ર 48 મિનિટ માટે, ત્યાર બાદ દિવસો ઝડપથી લાંબા થશે.

# પાકિસ્તાનમાં ઈમરાનના સમર્થકો દ્વારા હિંસક પ્રદર્શન



**પ્રદર્શનકારીઓ પાકિસ્તાનના ડી ચોક સુધી પહોંચવા માંગે છે**

ખૈબર-પખ્તુનખ્વાના મુખ્યમંત્રી અલી અમીન ગંડાપુર અને ઈમરાન ખાનની પત્ની બુશરા બીબીનો કાફલો રવિવારે નીકળ્યો હતો. તેઓ રાજધાની ઈસ્લામાબાદ તરફ આગળ વધી રહ્યા હતા. તેમનો ઉદ્દેશ ડી ચોક પર પહોંચીને વિરોધ પ્રદર્શન કરવાનો છે. ડી ચોક ઈસ્લામાબાદનો સૌથી હાઈપ્રોફાઈલ વિસ્તાર છે. રાષ્ટ્રપતિ ભવન, પીએમ ઓફિસ, સંસદ ભવન અને સુપ્રીમ કોર્ટ આ વિસ્તારમાં છે.

(એજન્સી) ઈસ્લામાબાદ | તા 26

પાકિસ્તાનમાં શ્રીનગર હાઈવે પર પ્રદર્શનકારીઓ અને પોલીસ વચ્ચે ઘર્ષણ થયું હતું. આ વીડિયો ઈમરાન ખાનની પાર્ટી પીટીઆઈએ સોશિયલ મીડિયા પર જાહેર કર્યો છે. પાકિસ્તાનમાં પૂર્વ વડાપ્રધાન ઈમરાન ખાનની મુક્તિની માંગને લઈને રવિવારે શરૂ થયેલો વિરોધ ગયો છે. જિયો ટીવી અનુસાર, ઈમરાન ખાનના સેંકડો સમર્થકો ઈસ્લામાબાદમાં પ્રવેશ્યા છે. સેનાએ શિપિંગ કન્ટેનર મૂકીને રાજધાની તરફ જતા હાઈવેને બંધ કરી દીધો હતો.

### પ્રદર્શનકારીઓએ શ્રીનગર હાઈવે પર સુરક્ષા દળો પર હુમલો

જેમાં 4 સૈનિકો અને 2 પોલીસકર્મીઓ માર્યા ગયા. આ ઘટનામાં 5 જવાનો અને 2 પોલીસકર્મી પણ ઘાયલ થયા છે. રિપોર્ટ અનુસાર, હિંસામાં અત્યાર સુધીમાં 100થી વધુ પોલીસકર્મીઓ ઘાયલ થયા છે. મોટાભાગનાની હાલત ગંભીર છે. ઈમરાન ખાનની પાર્ટીએ દાવો કર્યો છે કે હિંસક વિરોધ પ્રદર્શનમાં તેના કાર્યકરો પણ ઘાયલ થયા છે. રાજધાની ઈસ્લામાબાદમાં હિંસા રોકવા માટે કલમ 245 લાગુ કરવામાં આવી છે. પ્રદર્શનકારીઓને જોતા જ ગોળી મારવાના આદેશ આપવામાં આવ્યા છે. પાકિસ્તાની સેનાને કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે કોઈપણ વિસ્તારમાં કર્ફ્યુ લગાવવાનો અધિકાર આપવામાં આવ્યો છે.

# સમય કરતાં કલાકો મોડી પડે છે ટ્રેન, 4G ઈન્ટરનેટના પણ વાંધા...જાપાનની રીલ લાઈફ vs રીયલ લાઈફ

(એજન્સી) ટોકિયો | તા 26

લોકો જાપાનની લાઈફ સ્ટાઈલ અને સુવિધાઓના વખાણ કરતાં થાકતા નથી. ત્યારે આ બધાની વચ્ચે જાપાનની વાસ્તવિકતા દર્શાવતો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. સોશિયલ મીડિયા હેન્ડલ 'X' પર BALA નામના યુઝર એકાઉન્ટથી આ વીડિયો અપલોડ કરવામાં આવ્યો છે. ાપાન વિશે તમે ઘણું સાંભળ્યું હશે કે પછી સોશિયલ મીડિયામાં ત્યાંના વીડિયો જોયા હશે. લોકો જાપાનની લાઈફ સ્ટાઈલ અને સુવિધાઓના વખાણ કરતાં થાકતા નથી. ત્યારે આ બધાની વચ્ચે જાપાનની વાસ્તવિકતા દર્શાવતો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. સોશિયલ મીડિયા હેન્ડલ 'X' પર BALA નામના યુઝર એકાઉન્ટથી આ વીડિયો અપલોડ કરવામાં આવ્યો છે. વીડિયોમાં એક યુવક જણાવી રહ્યો છે, કે જાપાનમાં પણ ટ્રેનો મોડી પડવાની સમસ્યા છે. તેણે જણાવ્યું કે, અમે લોકો છેલ્લા દોઢ કલાકથી બુલેટ ટ્રેનની રાહ નથી. તેના સમય કરતાં મોડી ચાલી રહી છે અને હજુ તેને આવવામાં કેટલો સમય લાગશે એ પણ નક્કી નથી. તેમ છતાં લોકો સોશિયલ મીડિયામાં દાવો કરતા હોય છે, કે જો જાપાનમાં ટ્રેન એક મિનિટ પણ મોડી પડે છે, તો સત્તાવાળાઓ માફી માંગે છે, પરંતુ હકીકત જૂદી જ છે, અહીંયા પણ ઈન્ડિયા જેવી જ હાલત છે.અમીર છે? IPL Auction : ઋષભ પંત પર 27 કરોડ રૂપિયા ખર્ચનાર સંજીવ ગોયંકા કેટલા અમીર છે?

### રૂપિયાનું યોગદાન આપીને એક અનોખું ઉદાહરણ સ્થાપિત કરવામાં આવ્યું

# લોઢા ગ્રુપના અભિષેક લોઢાએ જન કલ્યાણ માટે 20 હજાર કરોડ રૂપિયાનું દાન કર્યું

(એજન્સી) મુંબઈ । તા. 26

ભારતની સૌથી મોટી રિયલ એસ્ટેટ કંપનીઓમાંની એક લોઢા ગ્રૂપના મેનેજિંગ ડિરેક્ટર અભિષેક લોઢા અને તેમના પરિવારે તેમના બિઝનેસ યુનિટ 'મેક્રોટેક ડેવલપર્સ'માંથી રૂ. 20,000 કરોડ એકત્ર કર્યા છે. લોકકલ્યાણ અને સામાજિક વિકાસના કામો માટે પોતાનો હિસ્સો દાન કરીને અનોખું ઉદાહરણ સ્થાપિત કર્યું છે. નોંધનીય છે કે અભિષેક લોઢા મહારાષ્ટ્ર સરકારના કેબિનેટ મંત્રી મંગલ પ્રભાત લોઢા અને જાણીતા સાહિત્યકાર અને સામાજિક કાર્યકર ડૉ. શ્રીમતી મંજુ લોઢાના પુત્ર છે અને તેમના સારા પારિવારિક મૂલ્યોને કારણે આ મહત્વપૂર્ણ સામાજિક પહેલની વ્યાપક પ્રશંસા થઈ રહી છે. આ સંદર્ભમાં માહિતી આપતાં શ્રી અભિષેક લોઢાએ જણાવ્યું કે ટાટા ગ્રૂપમાંથી પ્રેરણા લઈને તેમણે અને તેમના પરિવારે તેમની કંપની 'મેક્રોટેક ડેવલપર્સ'માં લગભગ રૂ. 20,000 કરોડનું રોકાણ કર્યું છે. સખાવતી હેતુઓ માટે શેર ટ્રાન્સફર કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. આ ક્રમમાં, અભિષેક લોઢા અને તેમના પરિવારે, લોઢા ગ્રૂપના માલિકો અને પ્રમોટર્સ તરીકે, તેમની લિસ્ટેડ એન્ટિટી 'મેક્રોટેક ડેવલપર્સ' પાસેથી આશરે રૂ. 20,000 કરોડ એકત્ર કર્યા છે. હિસ્સો કંપનીની પરોપકારી પહેલ 'લોધા ફિલાન્થ્રોપી ફાઉન્ડેશન (LPF)' ને ટ્રાન્સફર કરવામાં આવ્યો છે, જે એક બિન-લાભકારી સંસ્થા છે. તેની તમામ આવક અને સંપત્તિનો ઉપયોગ આ સંસ્થા દ્વારા માત્ર રાષ્ટ્રીય અને સામાજિક હેતુઓ માટે કરવામાં આવે છે. તેની સંપત્તિનો નોંધપાત્ર હિસ્સો રાષ્ટ્રીય અને સામાજિક હેતુઓ માટે ફાળવવાના પરિવારના નિર્ણય પર ટિપ્પણી કરતાં, લોઢા ગ્રૂપના MD અને CEOએ જણાવ્યું હતું કે લગભગ 100 વર્ષ પહેલાં, ટાટા પરિવારે તેના એન્ટરપ્રાઈઝમાં તેના હિસ્સાનો મોટો હિસ્સો ટાટા ટ્રસ્ટ્સને ટ્રાન્સફર કર્યો હતો. ને આપી હતી. તેમની આ જાહેર કલ્યાણકારી પહેલની ભારતીય સમાજ પર ઊંડી અસર પડી. તેમણે કહ્યું કે



ટાટા ટ્રસ્ટ દ્વારા કરવામાં આવેલ આ સારું અને ઉમદા કાર્ય હંમેશા મારા માટે એક મહાન પ્રેરણા રહ્યું છે. તેથી, અમે છેલ્લા કેટલાક વર્ષોથી આ ચેરિટેબલ ફાઉન્ડેશનની પ્રવૃત્તિઓને સતત આગળ ધપાવી રહ્યા છીએ. અમે માનીએ છીએ કે 2047 સુધીમાં ભારતને વિકસિત રાષ્ટ્ર બનાવવાના માનનીય વડાપ્રધાનના વિઝનને સાકાર કરવામાં આ ફાઉન્ડેશનને સાર્થક કરવા માટે સક્ષમ કરવા માટે હવે અમારી પાસે યોગ્ય કાર્યક્રમ, નેતૃત્વ અને ટીમ છે. તેમણે કહ્યું કે લોઢા ફિલાન્થ્રોપી ફાઉન્ડેશન તમામ 1.5 અબજ ભારતીયોના સપનાનું પ્રતિનિધિત્વ કરે છે, જેના પરિણામે સમગ્ર ભારત હવે લોઢા જૂથની વૃદ્ધિ અને સફળતામાં સહભાગી બનશે અને તમામ ભારતીયોને લાભ થશે. તેમણે કહ્યું કે જનભાગીદારીની ભાવના સાથે રાષ્ટ્ર નિર્માણમાં આ અમારું નમ્ર યોગદાન છે. તેમણે માહિતી આપી હતી કે લોઢા ફિલાન્થ્રોપી ફાઉન્ડેશન ચાર મુખ્ય ફોકસ ક્ષેત્રો ધરાવે છે, જેમાં મહિલાઓ, બાળકો, પર્યાવરણ અને ભારતીય સંસ્કૃતિનો સમાવેશ થાય છે.

# બંધારણમાંથી બિનસાંપ્રદાયિક અને સમાજવાદ શબ્દો નહીં હટે : સુપ્રીમ

(એજન્સી) નવી દિલ્હી । તા. 26


ભારતના બંધારણના આમુખમાંથી સમાજવાદી, બિનસાંપ્રદાયિક શબ્દો હટાવવાની માગણીને સુપ્રીમ કોર્ટે ફગાવી દીધી છે. ૧૯૭૬માં બંધારણમાં તત્કાલીન વડાંપ્રધાન ઈંદિરા ગાંધીની સરકાર દ્વારા સુધારા કરીને સોશિયાલિસ્ટ, સેક્યુલર અને ઈન્ટેગ્રિટી શબ્દો ઉમેરવામાં આવ્યા હતા, આ સમગ્ર સુધારાને રદ કરવાની માગ સાથે થયેલી અરજીઓનો સુપ્રીમ કોર્ટે નિકાલ કરી દીધો હતો સાથે જ સ્પષ્ટતા કરી હતી કે બિનસાંપ્રદાયિકતા તે ભારતીય બંધારણના ઢાંચાનો જ હિસ્સો છે. સુપ્રીમ કોર્ટમાં રાજ્યસભાના પૂર્વ સાંસદ સુબ્રમણ્યમ સ્વામી, વકીલ અશ્વિની ઉપાધ્યાય દ્વારા થયેલી અરજી મુદ્દે મુખ્ય ન્યાયાધીશ સંજીવ ખન્ના, ન્યાયાધીશ સંજય કુમારની બેંચે ૨૨ નવેમ્બરના રોજ પોતાનો ચુકાદો અનામત રાખ્યો હતો. મુખ્ય ન્યાયાધીશ ખન્નાએ અરજદારોને કહ્યું હતું કે વર્ષો વીતી ગયા હવે આ મુદ્દાને કેમ ઉઠાવી રહ્યા છો? સુપ્રીમે પોતાના ચુકાદામાં નોંધ્યું હતું કે બંધારણમાં બિનસાંપ્રદાયિક અને સમાજવાદી શબ્દો ઉમેરાયા તેના ૪૦ વર્ષ બાદ ૨૦૨૦માં આ અરજીઓ દાખલ કરાઇ હતી. સુપ્રીમ કોર્ટમાં અગાઉના ચુકાદામાં ઠેરવવામાં આવ્યું છે કે બિનસાંપ્રદાયિકતા ભારતના મૂળ ઢાંચાનો હિસ્સો છે, બિનસાંપ્રદાયિકતા દેશના નાગરિકો સાથે કોઇ પણ પ્રકારના ભેદભાવને રોકવા માટેની દેશની કટિબદ્ધતા દર્શાવે છે.

બેંચે ચુકાદામાં નોંધ્યું હતું કે બીજો શબ્દ સમાજવાદ ભારતીય સંદર્ભમાં તેનુ અર્થઘટ એનુ ના કરી શકાય કે તે ચૂંટાયેલી સરકારને નીતિઓ ઘડતા અટકાવે છે, સમાજવાદનો અર્થ સમાજને સમાન તકો અને સુખાકારીવાળુ જીવન આપવા માટેની કટિબદ્ધતાની દ્રષ્ટીએ જોવો જોઇએ.

# રોગનું નિવારણ અને સારવાર : ફેફસાના કેન્સર અંગે જાગૃતિ માસ દરમિયાન મૈરિંગો CIMS હોસ્પિટલ દ્વારા તેની નાબૂદી અભિયાનનું નેતૃત્વ કરવામાં આવી રહ્યું છે

(એજન્સી) અમદાવાદ । તા. 26

નવેમ્બર મહિનો એ "લંગ કેન્સર અવેરનેસ મન્થ" (ફેફસાના કેન્સર માટે જાગૃતિ માસ) છે, અને ફેફસાના કેન્સર સામેની લડાઈમાં નિવારણથી લઈને વિશ્વભરમાં સૌથી સામાન્ય અને સૌથી ઘાતક આ કેન્સર મુદ્દે જ્ઞાન અને શિક્ષણ આપવા માટે મૈરિંગો CIMS હોસ્પિટલ એ મહત્વપૂર્ણ સફરનું નેતૃત્વ કરે છે. ફેફસાંનું કેન્સર વિશ્વભરમાં કેન્સર-સંબંધિત મૃત્યુનું મુખ્ય કારણ હોવાથી, મૈરિંગો CIMS હોસ્પિટલ, આ જીવલેણ રોગનું વહેલું નિદાન, નિવારણ અને સારવારમાં પ્રગતિના મહત્વ વિશે જાગૃતિ લાવવા માટે પ્રતિબદ્ધ છે. મૈરિંગો CIMS હોસ્પિટલ એ વાત પર પણ ભાર મૂકે છે કે વ્યાપક અભિગમ દ્વારા લોકોને શિક્ષિત કરવાથી લઈને અદ્યતન સારવારના વિકલ્પો પ્રદાન કરવાથી આ રોગને નાથવામાં પરિણામો સુધારો થઈ શકે છે અને લોકોના જીવન બચાવી શકાય છે. આ સારવારની રચના માટે સમર્પિત પ્રોટોકોલ માટે MDT મીટિંગમાં, થોરાસિક ઓન્કો સર્જન, ડૉ. સરવ શાહ, મેડિકલ ઓન્કોલોજિસ્ટ ડૉ. ભાવેશ પારેખ, અને રેડિયેશન ઓન્કોલોજિસ્ટ ડૉ. ડો. દેવાંગ ભાવસાર સતત સહયોગ કરી રહ્યા છે.



ફેફસાના કેન્સરથી વૈશ્વિક સ્તરે કેન્સર સંબંધિત થતાં 5 માંથી લગભગ 1 મૃત્યુ થાય છે, જેના લીધે તે જાહેર આરોગ્યની ચિંતાનો વિષય છે. ધૂમ્રપાન એ આ રોગ માટે અગ્રણી જોખમ પરિબળ છે, પણ સાથે સાથે વાયુ પ્રદૂષણ, વ્યવસાયિક જોખમો અને આનુવંશિક વલણ જેવા પરિબળોને કારણે ધૂમ્રપાન ન કરનારાઓમાં પણ વધુને વધુ આ રોગનું નિદાન થઈ રહ્યું છે. ફેફસાના કેન્સર માટે જાગૃતિ મહિનો વધતી જતી આરોગ્ય કટોકટી તરફ ધ્યાન દોરે છે અને તે સિગારેટના ધૂમ્રપાન જેવા પરંપરાગત જોખમ પરિબળો સિવાય પણ પરિબળો પર ધ્યાન આપે છે. ધૂમ્રપાન એ ફેફસાના કેન્સરનું એક નોંધપાત્ર કારણ છે, ત્યારે વાયુ પ્રદૂષણની અસરને વધુને વધુ મુખ્ય ફાળો આપનાર પરિબળ તરીકે ગણવામાં આવે છે. દિલ્હી જેવા શહેરી વિસ્તારોમાં હવાની ગુણવત્તા એટલી બધી નબળી છે કે ત્યાં રહેવું એ એક દિવસમાં 50 સિગારેટ પીવા સમાન છે. આ ચિંતાજનક આંકડા ફેફસાના કેન્સરના જોખમમાં યોગદાન આપતા પર્યાવરણીય પરિબળોને સંબોધિત કરવાની તાત્કાલિક જરૂરિયાત પર ભાર મૂકે છે. નોંધનીય રીતે, ક્યારેય ધૂમ્રપાન ન કરનારાઓ અને 40 ના દાયકાની શરૂઆતની ઉંમરના વ્યક્તિઓમાં ફેફસાના કેન્સરના કેસોમાં વધારો થઈ રહ્યો છે.

# હિન્દુસ્તાન પેન્સિલ બાળ દિવસ પર 10,000 થી વધુ પછાત બાળકો માટે ખુશી લાવ્યું

(એજન્સી) અમદાવાદ । તા. 26

બાળ દિવસની ઉજવણીમાં, ભારતના સ્ટેશનરી ઉદ્યોગમાં અગ્રણી હિન્દુસ્તાન પેન્સિલે એક પહેલ શરૂ કરી, જેણે દેશભરમાં 10,000 થી વધુ પછાત બાળકોના જીવન પર અસર કરી હતી. આ અભિયાન દ્વારા, કંપનીએ શૈક્ષણિક વિકાસને પ્રોત્સાહન આપવા અને યુવાનોમાં ઉત્સાહ લાવવા માટે આવશ્યક સ્ટેશનરી પુરવઠો પૂરો પાડ્યો હતો અને આકર્ષક પ્રવૃત્તિઓનું આયોજન કર્યું હતું. શિક્ષણને સમર્થન અને સમાનતાને પ્રોત્સાહન આપવા માટે હિન્દુસ્તાન પેન્સિલની પ્રતિબદ્ધતા આ પહેલના હાર્દમાં રહેલી છે. હિન્દુસ્તાન પેન્સિલના અધ્યક્ષ પ્રદીપ



ઉગડેએ જણાવ્યું હતું, 'અમારું માનવું છે કે દરેક બાળકને મોટા સપના જોવાની તક મળવી જોઈએ, પછી ભલે તેના સંજોગો ગમે તે હોય.' 'શૈક્ષણિક સાધનોની વહેંચણી કરીને અને આ બાળકો સાથે જોડાઈને, અમે તેમની સંભવિતતાને પ્રજ્વલિત કરવાની અને તેમનો આત્મવિશ્વાસ વધારવાની આશા રાખીએ છીએ.' તેમનો ઉત્સાહ અમને પ્રેરણા આપે છે અને બદલામાં કંઈક આપવાની અમારી પ્રતિબદ્ધતાને મજબૂત બનાવે છે. " આ પહેલના ભાગરૂપે, કંપનીની ટીમે બાળકો માટે મનોરંજક અને અસરકારક અનુભવ કરવાના હેતુથી ઈન્ટરેક્ટિવ સેશન્સ, ક્રિએટિવ વર્કશોપ અને ગેમ્સનું આયોજન કર્યું હતું. સ્થાનિક શાળાઓ અને સામુદાયિક સંગઠનો સાથે જોડાણ કરીને, હિન્દુસ્તાન પેન્સિલે સુનિશ્ચિત કર્યું કે આ પહેલ જરૂરિયાતમંદ લોકો સુધી પહોંચે અને સમગ્ર ભારતના સમુદાયો સાથે કાયમી સંબંધો વિકસાવે.

### પરિવારમાં જ 32 સભ્યો, પણ વોટ મળ્યા શૂન્ય!

# EVM વિરુદ્ધ આંદોલન કરવાની તૈયારીમાં શરદ પવારનો પક્ષ

(એજન્સી) મુંબઈ | તા.26

મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીમાં કોંગ્રેસ, એનસીપી અને ઉદ્ધવ સેનાના ગઠબંધનને કારમી હારનો સામનો કરવો પડ્યો છે. પરિણામ આવ્યાને ત્રણ દિવસ થઈ ગયા છે, પરંતુ હજુ



સુધી મહાવિકાસ આઘાડીના નેતાઓ આ હાર સ્વીકારી શક્યા નથી. સંજય રાઉત સતત EVM પર સવાલો ઉઠાવી રહ્યા છે અને કહે છે કે ચૂંટણી બેલેટ પેપરથી થવી જોઈએ.

આ દરમિયાન શરદ પવારની એનસીપીના વરિષ્ઠ નેતા જીતેન્દ્ર આવ્હાડે પણ સવાલો ઉઠાવ્યા છે. તેમણે કહ્યું કે, 'અમે અમારી હારનું એક પણ કારણ સ્વીકારી શકતા નથી.' આટલું જ નહીં, આવ્હાડે કહ્યું કે, 'હું નથી માનતો કે લાડકી બહેન યોજનાની આટલી અસર થઈ શકે છે.'જીતેન્દ્ર આવ્હાડે આ અંગે વધુમાં કહ્યું કે, 'કોઈ એક કારણ બહાર નથી આવી રહ્યું. ચૂંટણી પછી કંઈ બદલાયું નથી. બેરોજગારી અને મોંઘવારી વધી છે. લાડકી બહેન યોજનાની બહુ અસર નથી. જેમ તમે જોશો, અમે ચંદ્રપુર બેઠક 2,40,000ના માર્જિનથી જીતી છે. હવે તમે જુઓ કે તે 2,40,000 વોટ તો ગયા જ ઉપરથી

1 લાખ વોટ કેવી રીતે હારી ગયા. આ ન હોઈ શકે. જીતેલા ધારાસભ્યોએ પણ કહ્યું કે સાહેબ અમે જીતી ગયા, પરંતુ ક્યાંકને ક્યાંક EVMનો મોટો મુદ્દો છે. સમગ્ર રાજ્યમાં તેની સામે આંદોલન ઊભું થઈ શકે છે. હજુ ઘણા ગામના લોકોનું કહેવું છે કે જ્યારે અમે વોટ નથી આપ્યો તો આટલા મત આવ્યા ક્યાંથી?'આવ્હાડે કહ્યું કે, 'એક પરિવારમાં 32 લોકો છે. તે તમામ લોકોએ તેમના ઘરના ઉમેદવારને મત આપ્યો છે. તેમ છતાં તેમને શૂન્ય મત દર્શાવવામાં આવ્યા છે. આ કેવી રીતે શક્ય બને?'

## સંજય રાઉતે પુનઃ ચૂંટણી કરાવવાની માંગ કરી

આ પહેલા સંજય રાઉતે માંગ ઉઠાવી હતી કે ફરીથી ચૂંટણી થવી જોઈએ અને બેલેટ પેપરથી મતદાન થવુ જોઈએ. રાઉતે કહ્યું, 'અમને EVM સંબંધિત લગભગ 450 ફરિયાદો મળી છે. વારંવાર વાંધો ઉઠાવવા છતાં આ બાબતે કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી. અમે કેવી રીતે કહી શકીએ કે આ ચૂંટણીઓ નિષ્પક્ષ રીતે હાથ ધરવામાં આવી હતી? તેથી મારી માંગ છે કે પરિણામો રદ કરવામાં આવે અને બેલેટ પેપર દ્વારા પુનઃ ચૂંટણી કરાવવામાં આવે.'

## સંજય રાઉતે કહ્યું- ઉમેદવારના પરિવારમાં 65 વોટ, પરંતુ મળ્યા માત્ર 4 જ

સંજય રાઉતે કહ્યું કે નાસિકમાં એક ઉમેદવારને માત્ર ચાર મત મળ્યા હતા, જ્યારે તેમના પરિવારમાં 65 સભ્યો છે. તેમણે કહ્યું કે ડોમ્બિવલીમાં EVM કાઉન્ટમાં વિસંગતતાઓ જોવા મળી હતી અને ચૂંટણી અધિકારીઓએ વાંધાઓ સ્વીકારવાનો ઈનકાર કર્યો હતો. શિવસેના યુબીટી નેતાએ કેટલાક ઉમેદવારોની જંગી જીતની વિશ્વસનીયતા પર પણ સવાલ ઉઠાવ્યા અને કહ્યું, 'તેઓએ એવું કયું ક્રાંતિકારી કામ કર્યું કે તેમને 1.5 લાખથી વધુ મત મળ્યા? તાજેતરમાં જ પક્ષ બદલનારા નેતાઓ પણ ધારાસભ્ય બન્યા છે. જેના કારણે શંકાઓ વધી રહી છે. પહેલીવાર શરદ પવારે ઈવીએમ પર શંકા વ્યક્ત કરી છે જેને અવગણી શકાય તેમ નથી.

## ભાજપનો વાયદો હતો કે શિંદે જ CM બનશેઃ શિવસેનાના સૂર બદલાયા, શું કરશે ભાજપ?

આજથી ચાર વર્ષ પહેલાં 2019માં મહારાષ્ટ્રમાં મુખ્યમંત્રીની ખુરશી માટે વિવાદ થયો અને રાજ્યની બે પ્રમુખ પાર્ટી ભાજપ અને શિવસેના એકબીજાથી અલગ થઈ ગયાં. ઉદ્ધવ ઠાકરેની પાર્ટીનું કહેવું હતું કે, અમિત શાહે વચન આપ્યું હતું કે, જો સત્તા મળી તો બંને પક્ષના અઢી-અઢી વર્ષ માટે મુખ્યમંત્રી બનાવવામાં આવશે. જોકે, ભાજપે આ દાવાને સ્પષ્ટ રીતે નકારી દીધો અને કહ્યું કે, આવું કોઈ વચન આપવામાં જ નથી આવ્યું અને સ્વાભાવિક રીતે વધારે બેઠક ધરાવતી પાર્ટીને જ સત્તા મળવી જોઈએ. આ વિષય પર સંઘર્ષ એટલો બધો વધી ગયો કે, ઉદ્ધવ ઠાકરેએ ભાજપ સાથે છેડો ફાડી નાંખ્યો અને તેઓએ કોંગ્રેસ તેમજ એનસીપી સાથે મળીને સરકાર બનાવી લીધી હતી. ત્યારબાદ આશરે અઢી વર્ષ સુધી તેઓ મુખ્યમંત્રી રહ્યાં.

## રિસર્ચ કરતાં વિદ્યાર્થીઓ માટે સરકારે શરૂ કરી વન નેશન વન સબ્સ્ક્રિપ્શન યોજના, આ રીતે લઈ શકાશે મેમ્બરશીપ

નવી દિલ્હી : માસ્ટર્સ, પીએચડી, કે સ્કોલર વિદ્યાર્થીઓએ હવે સરળતાથી પોતાનું રિસર્ચ કાર્ય પૂર્ણ કરી શકશે. કેન્દ્ર સરકારે વિદ્યાર્થીઓ, શિક્ષકો અને રિસર્ચર્સ માટે એક મહત્ત્વની સ્કીમ વન નેશન વન સબ્સ્ક્રિપ્શન રજૂ કરી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ યુનિયન કેબિનેટે આ યોજનાને મંજૂરી આપી છે.આ યોજના પાછળ સરકાર આશરે 6000 કરોડનો ખર્ચ કરશે. જેના માધ્યમથી આંતરરાષ્ટ્રીય સ્તરે કેવા અને કયાં રિસર્ચ થઈ રહ્યા છે, તેની જાણકારી એક જ ક્લિકમાં મેળવી શકાશે. આ યોજનામાં હાલ 30 ટોચના ઈન્ટરનેશનલ જર્નલ પબ્લિશર્સને સામેલ કરવામાં આવ્યા છે.વન નેશન વન સબ્સ્ક્રિપ્શન યોજનાનો લાભ કેન્દ્ર સરકાર દ્વારા માન્યતાપ્રાપ્ત તમામ ઊચ્ચ શિક્ષણ સંસ્થાઓ, યુનિવર્સિટી-કોલેજો, કેન્દ્ર સરકારની રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ સંસ્થાઓના વિદ્યાર્થીઓ, શિક્ષકો અને રિસર્ચર્સને મળશે.

## ગોધરા-વાવડી ખુર્દ સ્ટેશનો વચ્ચે ડબલિંગ કામને કારણે કેટલીક ટ્રેનો પ્રભાવિત રહેશે.

(એજન્સી) અમદાવાદ । તા. 26

પશ્ચિમ રેલવેના વડોદરા મંડળ ના આણંદ-ગોધરા સેક્શનના ગોધરા-વાવડી ખુર્દ સ્ટેશનો વચ્ચે ડબલિંગના નોન-ઈન્ટરલોકિંગ કામને કારણે લેવામાં આવેલા બ્લોકને કારણે મેમુ ટ્રેન રદ રહેશે. જેની વિગતો નીચે મુજબ છે. 1 ટ્રેન નંબર 09393 આણંદ – ગોધરા મેમુ ટ્રેન 27 નવેમ્બરથી 25 ડિસેમ્બર 2024 સુધી રદ રહેશે. 2 ટ્રેન નંબર 09396 ગોધરા – આણંદ મેમુ ટ્રેન 27 નવેમ્બરથી 25 ડિસેમ્બર 2024 સુધી રદ રહેશે. પરિવર્તિત માર્ગ થી ચાલનારી ટ્રેનઃ ટ્રેન નં. 19319 વેરાવળ – ઈન્દોર મહામના એક્સપ્રેસ ને 27.11.24, 04.12.24, 11.12.24, 18.12.24 અને 25.12.24ના રોજ પરિવર્તિત માર્ગ વાયા ગેરતપુર-આણંદ-બાજવા-છાયાપુરી – ગોધરા- થઈને ચલાવવામાં આવશે. રેલવે મુસાફરોને વિનંતી કરવામાં આવે છે ઉપરોક્ત ફેરફારોને ધ્યાનમાં રાખીને મુસાફરી કરે. . ટ્રેનના સંચાલન સમય, સ્ટોપેજ અને સંરચના વિશે વિગતવાર માહિતી માટે, મુસાફરો www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.

# આઠ હજાર કરોડના ખર્ચે ત્રણ મલ્ટીટ્રેકિંગ રેલવે પ્રોજેક્ટને મંજૂરી મોદી કેબિનેટનો મોટો નિર્ણય

(એજન્સી) નવી દિલ્હી । તા. 26

કેન્દ્રીય કેબિનેટની બેઠકમાં આજે કેટલાક મહત્ત્વપૂર્ણ નિર્ણયો લેવામાં આવ્યા હતાં. આજે લેવામાં આવેલા નિર્ણયોમાં નેશનલ મિશન ઓન નેચરલ ફાર્મિંગ, પેપરલેસ પાન સિસ્ટમની રચના, રાષ્ટ્રવ્યાપી એકેડમિક સબસ્ક્રીપ્શન સ્કીમ, હાઈડ્રોઈલેક્ટ્રિક પ્લાન્ટ અને રેલવેનું વિસ્તરણ જેવા નિર્ણયો સામેલ છે.કનેક્ટિવિટી વધારવા માટે કેબિનેટે ૭૯૨૭ કરોડ રૂપિયાના ખર્ચે ત્રણ મલ્ટી ટ્રેકિંગ રેલવે પ્રોજેક્ટને મંજૂરી આપી છે.કેન્દ્ર સરકારે નેશનલ મિશન ઓન નેચરલ ફાર્મિંગ માટે ૨૪૮૧ કરોડ રૂપિયાની ફાળવણી કરવાનો નિર્ણય લીધો છે. કેમિકલ મુક્ત ખેતીના પ્રસાર માટે આ મિશનની રચના કરવામાં આવશે અને તે ખેતી તથા ખેડૂતોના કલ્યાણ મંત્રાલયને આધીન કાર્ય કરશે.સંશોધનને વેગ આપવા માટે અટલ ઈનોવેશન મિશન (એઆઈએમ) ૨.૦ શરૂ કરવાને મંજૂરી આપવામાં આવી છે. ૩૧ માર્ચ, ૨૦૨૮ સુધી અમલીકરણ કરવા માટે ૨૭૫૦ કરોડ રૂપિયા ફાળવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. કેબિનેટે પાન-૨ પેપરલેસ એન્ડ ઓનલાઈન સિસ્ટમને પણ મંજૂરી આપવામાં આવી છે.

**પશ્ચિમ રેલવે-અમદાવાદ ડિવિઝન**

**વ્યાપક વાર્ષિક જાળવણી કોન્ટ્રાક્ટ**

**ટેન્ડર આમંત્રણ નોટિસ નં. – DRM-SnT-ADI-Sig 09 of 2024-25;** ભારતના રાષ્ટ્રપતિ માટે અને તેમના વતી કાર્યકારી DRM/S એન્ડ T ટેન્ડર નં. DRM-SnT-ADI-Sig 09 of 2024-25 સામે ઇ-ટેન્ડરો આમંત્રિત કરે છે બંધ થવાની તારીખ 23.12.2024, 15:00 બિડર્સ તેમની મૂળ / સંશોધિત બિડ ફક્ત છેલ્લી તારીખ અને સમય સુધી જ જમા કરાવી શકશે, આ ટેન્ડર સામે મેન્યુઅલ ઑફર્સની મંજૂરી નથી, અને આવી પ્રાપ્ત થયેલ કોઈપણ મેન્યુઅલ ઑફરને ધ્યાનમાં લેવામાં આવશે નહીં; **(1) કામનું નામ:** અમદાવાદ ડિવિઝન ના દસ સ્ટેશનોનું ત્રણ વર્ષ ના સમયગાળા માટે MEDHA Make બનાવટના ઇલેક્ટ્રોનિક ઇન્ટરલોકિંગ સિસ્ટમનું વ્યાપક વાર્ષિક જાળવણી કોન્ટ્રાક્ટ; **(2) કામનો અંદાજિત ખર્ચ:** ₹ 3,83,27,220.00/- (રૂપિયા ત્રણ કરોડ ત્યાંસી લાખ સતિયાવીસ હજાર બસ્સો વીસ માત્ર); **(3) અર્નેસ્ટ મની ડિપોઝિટ:** ₹ 3,41,600/- (રૂપિયા ત્રણ લાખ એકતાલીસ હજાર છસો માત્ર); **(4) બંધ થવાની તારીખ અને સમય:** 23.12.2024 ના 15:00 કલાકથી મોડા નહીં; **(5) ટેન્ડર ખોલવાની તારીખ અને સમય:** 23.12.2024 ના રોજ 15:30 કલાકે ખુલશે; **(6) ઈ-ટેન્ડરીંગની વેબ સાઈટ:** www.ireps.gov.in

અમને લાઇક કરો: facebook.com/WesternRly 246

**AVAILABLE FOR SALE**

| ASSET MAKE | MODEL | REG No. |
| --- | --- | --- |
| ATUL SHAKTI | 2023 | GJ-27-TE-1535 |
| MAHINDRA BOLERO MAXX CITY PICK UP | 2023 | GJ-01-KT-3457 |
| MARUTI SUPER CARRY | 2022 | GJ-27-TD-1863 |

IN " AS IS WHERE IS CONDITION"
**SUNDARAM FINANCE LTD.**
**212-214, B Wing, Sund West Bank Building, Opp. Vallabh Sadan, Ashram Road, Ahmedabad 380009**
**CONTACT : Within 3 Days**
**PH : 97237 08989**

AXIS BANK

મહત્વની જાહેરાત

**અમે સ્થળાંતર કરી રહ્યા છીએ**

એક્સિસ બેંકની ઓસ્લો શાખા
સ્થળાંતર થઈ રહી છે નવી જગ્યાએ
તા. ૯મી ડીસેમ્બર ૨૦૨૪થી.

**હાલનું સરનામું:**

**એક્સિસ બેંક લિ., ઓસ્લો શાખા**
**પ્લોટ નંબર ૩૩૨, સેક્ટર ૧/એ**
**સન પ્લાઝા બિલ્ડિંગ, ગાંધીધામ - ૩૭૦૨૦૧.**

**નવું સરનામું:**

**એક્સિસ બેંક લિ., ઓસ્લો શાખા**
**પ્લોટ નંબર ૪૪૨, સેક્ટર ૧/એ**
**ગાયત્રી મંદિર રોડ, ગાંધીધામ - ૩૭૦૨૦૧.**

અમે તમારું સ્વાગત કરવા આતુર છીએ.

# દાહોદમાં સીંગવડના પીપડીયા ગામે કૃષિ વિજ્ઞાન કેન્દ્રના વૈજ્ઞાનિક અને ફાર્મર માસ્ટર ટ્રેનર્સ તેમજ આત્મા પ્રોજેક્ટ દ્વારા કિસાન ગોષ્ઠી યોજાઈ

દિપક રાવલ : દાહોદ

પ્રાકૃતિક ખેતીને વેગ આપવા માટે સમગ્ર દાહોદ જિલ્લાના તમામ તાલુકાઓ પ્રમાણે પાંચ ગ્રામ પંચાયત દીઠ કલસ્ટર બેઝ પ્રાકૃતિક કૃષિ અંગેની તાલીમો યોજાઈ રહી છે. ત્યારે દાહોદ જિલ્લાના સીંગવડ તાલુકાના પીપડીયા ગામે કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, દાહોદના વૈજ્ઞાનિક અને ફાર્મર માસ્ટર ટ્રેનર્સ તેમજ આત્મા પ્રોજેક્ટ દ્વારા રવિ પાકોને ધ્યાને રાખીને કિસાન ગોષ્ઠી કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કિસાન ગોષ્ઠી કાર્યક્રમ દરમિયાન પ્રાકૃતિક ખેતીને કેન્દ્ર સ્થાને રાખીને રાસાયણિક ખાતરને બદલે જીવામૃત, ઘન જીવામૃત અને જીવાત નિયંત્રણ માટે નિમાસ્ત્ર, અગ્નિ અસ્ત્ર અને બ્રહ્માસ્ત્રનોનો ઉપયોગ કરવા સહિત મોર્ડન ખેતી કરવાથી થતા ફાયદા અંગેની માહિતી પણ પૂરી પાડવામાં



આવી હતી. સાથોસાથ ખેડૂતોને પ્રાકૃતિક ખેતી તેમજ રવિ પાકની વાવણી વિશે મૂંઝવતી બાબતોની પણ ચર્ચા કરી પ્રશ્નોતરી કરવામાં આવી હતી. આ ગોષ્ઠી દરમ્યાન કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, મુવાલિયા ફાર્મ, દાહોદના ફાર્મ મેનેજરશ્રી આર.બી. ભલાણીએ પ્રાકૃતિક કૃષિ અંતર્ગત રવિ ઋતુમાં વાવણી પહેલા ખેડૂત મિત્રોને માર્ગદર્શન આપ્યું હતું. રવિ ઋતુ દરમ્યાન પાકોમાં પ્રાકૃતિક કૃષિના આયામો અંતર્ગત વિશેષ માર્ગદર્શન આપ્યું હતું. ઉલ્લેખનીય છે કે, દાહોદ જિલ્લામાં આત્મા પ્રોજેક્ટ, બાગાયતી વિભાગ તેમજ ખેતીવાડી વિભાગના સંયુક્તક્રમે પ્રાકૃતિક ખેતી પદ્ધતિ અપનાવવા માટે નોંધનીય કામગીરી કરવામાં આવી રહી છે ત્યારે પ્રગતિશીલ ખેડૂતો દ્વારા પણ હવે પ્રાકૃતિક ખેતી પ્રત્યે અગ્રેસર રહી અન્ય ખેડૂતોને પણ પ્રાકૃતિક ખેતીનું માર્ગદર્શન આપીને એ તમામ ખેડૂત મિત્રોને પ્રાકૃતિક ખેતી અપનાવવા માટે પ્રોત્સાહિત કરવામાં આવી રહ્યા છે.

સિટી
એક્સપ્રેસ
WEDNESDAY 27 NOVEMBER-2024
AHMEDABAD

## દરજીની દુકાનનું લાઈટ બિલ રૂા. 86 લાખ આવ્યું!

વલસાડ | મળતી માહિતી મુજબ મુસ્લિમ અંસારી વલસાડના ચોરગઢી માર્કેટમાં ન્યુ ફેશન ટેલર નામની દરજીની દુકાન ધરાવે છે. મુસ્લિમ અંસારીની દુકાન 8 બાય 8 ફૂટની જ છે અને સામાન્ય રીતે તેનું વીજ બિલ રૂપિયા 1300થી 2500 દર મહિને આવતું હોય છે પણ આ વખતે મહિનાનું બિલ અધધ રૂપિયા 86,41,540 આવ્યું છે. ત્યારે પોતાના જીવન દરમિયાન એક સાથે આટલા પૈસા ન જોનારા મુસ્લિમ અંસારીની હાલત કફોડી બની ગઈ છે.જો કે, તેણે વિચાર્યું કે કદાચ મીટર રીડરની કોઈ ભૂલ છે, તેથી જ આટલું તગડુ બિલ આવ્યું છે.

## ગીર સોમનાથ જિલ્લામાં 3.2ની તીવ્રતાનો ભૂકંપ

ગીર સોમનાથ | ગુજરાતના સૌરાષ્ટ્રમાં મંગળવાર (26 નવેમ્બર 2024) સાંજે ભૂકંપના આંચકા અનુભવાયા હતા. ISRએ જણાવ્યું છે કે, રિક્ટર સ્કેલ પર ભૂકંપની તીવ્રતા 3.2 નોંધાઈ છે. ભૂકંપ સાંજે 6:08 મિનિટ પર આવ્યો હતો. ગીર સોમનાથ જિલ્લા તંત્રના જણાવ્યા અનુસાર, આ ભૂકંપથી કોઈ નુકસાની કે જાનહાનિ થવા પામી નથી. ISRના આંકડા અનુસાર, ભૂકંપનું કેન્દ્રબિંદુ ગીર સોમનાથ જિલ્લાના તલાલાથી અંદાજિત 2 કિલોમીટર દૂર હતું. ગુજરાતમાં ભૂકંપની ઘટના વચ્ચે જાપાનમાં પણ ભૂકંપ આવ્યો છે.



### JCPએ કહ્યું- PMJAYમાંથી 11 કરોડ રૂપિયાનું ટર્નઓવર કરાયું હતું

# ખ્યાતિ કાંડ મામલે આરોપીઓની ધરપકડ બાદ ખુલાસો




(એજન્સી) અમદાવાદ તા. 26 | અમદાવાદમાં આવેલી ખ્યાતિ હોસ્પિટલ હાલ ચર્ચામાં છે. હોસ્પિટલના તબીબોએ PMJAY હેઠળ દર્દીઓની બિનજરૂરી સર્જરી કરી હતી. જેના કારણે બે દર્દીઓના મોત નિપજ્યા હતાં. ડૉક્ટરો, સંચાલકો અને સ્ટાફ દ્વારા કરોડો રૂપિયાનું કૌભાંડ કર્યાનું સામે આવ્યું હતું. ત્યારે હવે આ મામલે અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચને મોટી સફળતા મળી છે. ખ્યાતિ હોસ્પિટલના CEO સહિત પાંચ ફરાર આરોપીઓની અલગ-અલગ જગ્યાએથી ધરપકડ કરવામાં આવી છે. આ આરોપીઓ મધ્ય ગુજરાતના ફાર્મ હાઉસમાં છૂપાયા હોવાની માહિતી સૂત્રો પાસેથી મળી હતી. જેમાં ચિરાગ રાજપૂતની ખેડાથી તેમજ અન્ય બે વ્યક્તિને ઉદયપુરથી ઝડપી પાડ્યા હતા. ત્યારે હવે આ મામલે JCPએ પ્રેસ કોન્ફરન્સ કરી હતી.

### હોસ્પિટલના માફિયાઓએ 16 કરોડથી વધુની રકમ 2 વર્ષમાં મેળવી

PMJAY કાર્ડ અંતર્ગત ખ્યાતિ હોસ્પિટલે કરોડો રૂપિયા ઘરભેગા કર્યા છે. ખ્યાતિ હોસ્પિટલે PMJAY કાર્ડના ઓપરેશનના નાણાં લીધા છે. માત્ર બે વર્ષમાં ખ્યાતિ હોસ્પિટલે 16 કરોડ રૂપિયા PMJAY કાર્ડ અંતર્ગત લીધા છે. ત્યારે ચોંકાવનારી વાત એ છે કે માત્ર એન્જિયોગ્રાફી અને એન્જિયો પ્લાસ્ટિકની જ 16 કરોડથી વધુની રકમ બે વર્ષમાં ખ્યાતિ હોસ્પિટલે મેળવી છે. આ સાથે જ અત્યાર સુધી 3,578 કાર્ડને પ્રિઓથ આપવામાં આવી હતી અને તેની અંદાજે ક્લેમની કિંમત 17.34 કરોડ રૂપિયા થાય છે. ખ્યાતિના કાંડ સામે આવ્યા ત્યાં સુધીમાં 3,513 ક્લેમ મંજુર કરવામાં આવ્યા છે.

### આરોપીઓને કોર્ટમાં રિમાન્ડ માટે રજૂ કરાશે

JCPએ જણાવ્યું હતું કે, ચિરાગ રાજપૂત, મિલિન્દ પટેલ, રાહુલ જૈન, પ્રતિક ભટ્ટ અને પિંકલ પટેલની ધરપકડ કરવામાં આવી છે. ચિરાગ રાજપૂતનો ગુનાહિત ઈતિહાસ છે. ચિરાગ રાજપૂતની નીચે એક ટીમ કામ કરતી હતી. ચિરાગનો મહિને સાત લાખ રૂપિયા પગાર હતો. જ્યારે મિલિન્દ પટેલ અગાઉ સાલ હોસ્પિટલમાં કામ કરતો હતો. તેની સામે અગાઉ બે ગુના નોંધાયેલા છે. રાહુલ જૈન હોસ્પિટલમાં ઓડિટ કામ કરતો હતો. આ તમામ ચાઈનીઝ એપથી એકબીજાના સંપર્કમાં હતા. આવતીકાલે તમામ આરોપીઓને રિમાન્ડ માટે કોર્ટમાં રજૂ કરાશે.

### 5 આરોપીઓ ઝડપાયા, 3 હજી પકડથી દૂર

પોલીસે 5 ફરાર આરોપીઓને ઝડપી પાડ્યા છે. ખ્યાતિ હોસ્પિટલના CEO ચિરાગ રાજપૂતને ઝડપી લેવામાં આવ્યો છે. આ સાથે જ CEO રાહુલ જૈન, મિલિન્દ પટેલ, પ્રતિક ભટ્ટ, પંકિલ પટેલ સહિત કુલ 5 લોકોની ધરપકડ કરવામાં આવી છે. અલગ-અલગ ટીમો બનાવીને આરોપીઓ ઝડપી લેવાનું ઓપરેશન પાર પાડવામાં આવ્યું છે. જો કે હજુ કાર્તિક પટેલ, સંજય પટોલિયા, રાજશ્રી કોઠારી પોલીસ પકડથી દૂર છે. ખ્યાતિના સંચાલક કાર્તિક પટેલ હજુ પોલીસ પકડથી દૂર છે. કાર્તિક સામે રેડ કોર્નર નોટિસની કાર્યવાહી કરવામાં આવી છે.

# સાત વાહનને અડફેટે લેનાર રિપલ પંચાલના જામીન મંજૂર

### અમદાવાદ ગ્રામ્ય કોર્ટે આરોપીને 15 હજારના જાત મુચરકા શરતી જામીન આપ્યા, પોલીસ લાઇસન્સ રદ કરશે




આરોપી રિપલ પંચાલને માત્ર 24 કલાકમાં જ જામીન પર મુક્ત કર્યો

(એજન્સી) અમદાવાદ | તા.26

અમદાવાદના એમ ડિવિઝન ટ્રાફિક-પોલીસ મથકે આરોપી રિપલ પંચાલ સામે BNSની કલમ 281, 324 (4), 125A અને મોટર વ્હીકલ એક્ટની કલમ 177, 184, 185 અને પ્રોહેબિશન એક્ટની કલમ 66 (1)(B) તેમજ ડેમેજ ટુ પબ્લિક પ્રોપર્ટી એક્ટની કલમ 3 અને 7 મુજબ ફરિયાદ નોંધાઈ હતી. એ સંદર્ભે આરોપીને આજે અમદાવાદ ગ્રામ્ય કોર્ટ ખાતે આવેલી મેજિસ્ટ્રેટ કોર્ટમાં રજૂ કરવામાં આવ્યો હતો, જ્યાં આરોપીએ જામીન અરજી મૂકી હતી. જોકે કોર્ટે બંને પક્ષોની દલીલોને ધ્યાનમાં લઈને આરોપીને 15 હજારના જાત મુચરકા શરતી જામીન આપ્યા હતા, એટલે કે ચાર્જશીટ ન થાય ત્યાં સુધી વાહન ચલાવી શકશે નહીં. જ્યારે પોલીસ આરોપીનું લાઈસન્સ રદ કરશે. ઉલ્લેખનીય છે કે ચાલુ વર્ષે આરોપી સામે આવા જ બે ગુના નોંધાયેલા છે.

### સરકારી વકીલે જામીન અરજીનો સખત વિરોધ કર્યો

આરોપી તરફથી રજૂઆત કરાઈ હતી કે અરજદાર અમદાવાદનો કાયમી રહેવાસી છે, જે ક્યાંય નાસી-ભાગી જાય એમ નથી. જેથી અરજદારને જામીન આપવા જોઈએ. સરકારી વકીલ આઇ.એ. નાગોરીએ અરજદારની જામીન અરજીનો સખત વિરોધ કરતાં દલીલ કરી હતી કે આરોપીએ જાહેર રોડ ઉપર લોકોની જિંદગી જોખમમાં મુકાય એવી રીતે ગાડી ચલાવી હતી. તેણે સ્વેચ્છાપૂર્વક નશો કરીને બેદરકારીપૂર્વક વાહન ચલાવ્યું હતું. આરોપીએ લોકોમાં ભયનું વાતાવરણ સર્જ્યું હતું. તેની સામે ચાલુ વર્ષે જ આગાઉ બે ગુના નોધાઈ ચૂક્યા છે, જેથી તેને જામીન આપવા જોઈએ નહિ.

### ‘મેં કાંઈ ખોટું નથી કર્યું’ : આરોપી રિપલ પંચાલ

બોપલ આંબલી વિસ્તારમાં અકસ્માત સર્જનાર આરોપી રિપલ પંચાલને પોલીસ સ્ટેશન લઈ જવાયો છતાં તેનો નશો ઉતર્યો નહોતો. મીડિયા દ્વારા ઘટના અંગે સવાલ કરવામાં આવતાં તેણે રોફ જમાવતાં જણાવ્યું હતું કે ’ મેં કાંઈ ખોટું નથી કર્યું, મારો વકીલ જવાબ આપશે’. તેને વારંવાર સવાલ કરવામાં આવ્યા હતા કે તમને ખબર છે કે તમે અકસ્માત સર્જ્યો છે? તમે નશામાં છો? તેણે માથું હલાવીને ના પાડી હતી અને કહ્યું હતું કે ‘હું નોર્મલ છું’.

### કોર્ટે આરોપીને 15 હજારના શરતી જામીન આપ્યા

જોકે મેજિસ્ટ્રેટ કોર્ટે બંને પક્ષોની દલીલોને ધ્યાને લઈને આરોપીને 15 હજારના જાત મુચરકા શરતી જામીન આપ્યા હતા. એ મુજબ આરોપી સામે આ કેસમાં ચાર્જશીટ ના થાય ત્યાં સુધી તે વાહન ચલાવી શકશે નહિ. ઉલ્લેખનીય છે કે આ વાહન અકસ્માત કેસમાં રિપલે જે નેક્સન ગાડીને અડફેટે લીધી હતી તે પોતે શેલા ખાતે રહે છે અને વ્યવસાયે CA છે, જેણે ફરિયાદ નોંધાવી હતી કે રિપલે અકસ્માત કરતાં એક મોપેડચાલક મહિલા રોડ ઉપર પટકાઈ હતી. ફરિયાદીની ગાડીની સાથે આરોપીએ અન્ય વાહનોને નુકસાન કર્યું હતું અને BRTS રેલિંગ પણ તોડી નાખી હતી. આરોપીની ગાડી ઊભી રહી ત્યારે તેના મોઢામાંથી શરાબની વાસ આવતી હતી.

### પૈસા વસૂલવા શિક્ષક મિત્રનું અપહરણ કરી ઢોરમાર માર્યો

# પૂર્વ ધારાસભ્યના ભત્રીજાએ સાડા ત્રણ કરોડનું ફૂલેકું ફેરવ્યું

(એજન્સી) અમદાવાદ | તા.26

અમદાવાદમાંથી એક વિચિત્ર કિસ્સો સામે આવ્યો છે. અમદાવાદમાં મણિનગરમાં ઓફિસ ધરાવતા શખસે નિકોલના વ્યક્તિ સાથે મળી સુરતના શિક્ષકની ઓળખાણ મારફતે પૂર્વ ધારાસભ્યના ભત્રીજાને ઉછીના 3.50 કરોડ આપ્યા હતાં. જોકે, પૂર્વ ધારાસભ્ય ધનજીપટેલના ભત્રીદા ચંદ્રેશ મકાસણાએ પૈસા પરત ન આપતા સુરતના શિક્ષકને મણીનગર બોલાવવામાં આવ્યો. શિક્ષકને પૈસા પરત ન મળતાં વિવિધ જગ્યાએ ગોંધી રાખી માર મારવામાં આવ્યો હતો. હાલ, પોલીસ સ્ટેશનમાં આ મામલે ફરિયાદ નોંધવામાં આવી છે.

**શું હતો સમગ્ર બનાવ?** : સુરતમાં રહેતા સંજય પટેલ અમરોલીની શાળામાં આચાર્ય તરીકે ફરજ બનાવે છે. આશરે આઠેક માસ પહેલાં નિકોલમાં સરકારી કોન્ટ્રાક્ટર તરીકે કામ કરતાં જીગ્નેશ બલદાણીયાની ઓળખ શિક્ષકના દુબઈ રહેતા મિત્ર ચંદ્રેશ મકાસણા સાથે થઈ. ચંદ્રેશ મકાસણા વઢવાણ વિધાનસભાના પૂર્વ ધારાસભ્ય ધનજી પટેલનો ભત્રીજો છે. જેનું મૂળ વતન સુરેન્દ્રનગર છે. જીગ્નેશની સંજય પટેલ અને ચંદ્રેશ મકાસણા સાથે મિત્રતા બંધાઈ ગઈ. ત્યારબાદ એકબીજા સાથે નાણાંકીય લેવડદેવડ પણ ચાલતી હતી.

### શિક્ષકને ગોંધી રાખી માર્યો ઢોરમાર

જીગ્નેશ અને કુલદીપે શિક્ષકને ઢોર માર માર્યો અને બળજબરી પૂર્વક તેના બે ફોન, પર્સ અને કાર પડાવી ઓફિસમાં ગોંધી રાખ્યા. ત્યારબાગદ કુલદીપે પોતાના ડ્રાઈવર અને રોકી નામના શખસ સાથે મળી શિક્ષકને તેની જ કારમાં બળજબરી પૂર્વક બેસાડી સુરેન્દ્રનગર વલઈ જવા નીકળ્યાં. તે દરમિયાન રસ્તા વચ્ચે ઉછીના નાણાં લેનાર જીગ્નેશ સાથે વાતચીત થતાં ફરી પોતાની ઓફિસે પહોંચ્યા હતાં.

# પોલીસ કસ્ટડીમાં પ્રોહિબિશન ગુનાના આરોપી યુવકનું મોત

(એજન્સી) અમદાવાદ | તા.26

અમદાવાદના ગોમતીપુર પોલીસની કસ્ટડીમાં આરોપીનું મોત થયું હોવાના આક્ષેપ. દર્શન ચૌહાણ નામના યુવકનું ગઈ કાલે રાત્રે મોત નીપજ્યું. 8 આરોપીઓને હોસ્પિટલમાં મેડિકલ ચેકઅપ માટે લઈ જતા સમયે મોત નીપજ્યું. 8 આરોપીઓને દારૂ પીધેલી હાલતમાં પકડવામાં આવ્યા હતા.



ગુજરાતમાં છેલ્લા ઘણા સમયથી હત્યા બળાત્કાર, ગુનાખોરી મોટા પ્રમાણમાં જોવા મળી રહે છે રાજ્યમાં દરિયાકિનારો પણ ખૂબ જ વિશાળ હોવાને કારણે નશીલા પદાર્થો પણ ગુજરાતમાં પ્રવેશ કરવામાં આવી રહ્યા છે. અમદાવાદના ગોમતીપુરમાં થોડા દિવસ પહેલા જ રહીશોએ દારુના વેચાણને લઈને પ્રદર્શન કર્યું હતું. દરેક જગ્યાએ દારુના વેચાણના પ્રતિબંધને લઈને બેનરો લગાવવામાં આવ્યા હતા.

તેમ છતા રહીશો આક્ષેપ કરી રહ્યા છે કે તંત્રને જાણ કરવા છતાં જાહેરમાં દારૂનું વેચાણ થઈ રહ્યું છે. ગોમતીપુરમાંથી ઝડપાયેલ 8 આરોપીઓ પણ દારુનું સેવન કરેલ હોવાના આક્ષેપ સાથે 8 યુવકોની ધરપકડ કરી હતી અને 8 આરોપીઓના મેડીકલ ચેકઅપ માટે હોસ્પિટલ લઈ જવામાં આવી રહ્યા હતા જે દરમિયાન દર્શન ચૌહાણ નામના યુવકનું મોત નીપજ્યું હોવાનો આક્ષેપ પરિવારજનોએ લગાવ્યો હતો.

# પાડોશી બન્યો પિશાચ : સાત વર્ષની બાળકી પર પાડોશીએ આચર્યું દુષ્કર્મ

(એજન્સી) અમદાવાદ | તા.26

મહિલાઓ અને દીકરીઓ માટે કથિત રીતે સુરક્ષિત કહેવાતા ગુજરાતમાં ફરી એકવાર માણસાઈને શરમાવતી ઘટના સામે આવી છે. અમદાવાદના નિકોલ વિસ્તારમાં 7 વર્ષની બાળકી પર પાડોશી દ્વારા ધાબા પર બોલાવી દુષ્કર્મ આચર્યુ હોવાની ઘટના સામે આવી છે. આ સિવાય બાળકીનું ગળુ દબાવી હત્યાનો પણ પ્રયાસ કરવામાં આવ્યો હતો. જોકે, બાળકીની બૂમો આસપાસના લોકોને સંભળાઈ જતાં લોકો ભેગા થઈ ગયાં હતાં. લોકોને આવતા જોઈ આરોપી છાનામાના ઘમાં જઈને સૂઈ જતાં બાળકીનો જીવ બચી ગયો. આ નરાધમે તેની દીકરી સમાન નાની બાળકીને રમાડવાના બહાને ધાબા પર લઈ જઈને દુષ્કર્મ આચર્યું હતું, બાદમાં બાળકી કોઈને કહે તે પહેલાં જ ગળું દબાવી બાળકીને મોતને ઘાટ ઉતારવાનો કારસો રચ્યો, પરંતુ તેવું થઈ શક્યું નહીં કારણ કે બાળકીએ બુમો પાડતા પાડોશીઓ ભેગા થઈ ગયા હતા, જેથી નરાધમ પોતાના ઘરમાં જઈને જાણે કંઈ બનાવ જ ન બન્યો હોય તેમ સુઈ ગયો હતો. જો કે પાડોશીઓને જાણ થતાં આરોપી પિશાચને પાડોશીઓએ મેથીપાક આપી પોલસીના હવાલે કર્યો હતો.



**પોલીસે આરોપીની કરી ધરપકડ :** પોલીસે હાલ આરોપીની ધરપકડ કરી લીધી છે અને જેલના હવાલે ધકેલી દીધો છે સાથે જ પોલીસ તપાસમાં બહાર આવ્યું છે કે આરોપી અશોક રાજપૂત છૂટક મજુરી કરતો હતો અને પરિવાર વિના એકલો જ રહેતો હતો. આમ જો તમારું બાળક પણ આવા પાડોશીઓ સાથે એકલું રમતું હોય તો વાલીની ફરજ બને છે કે ધ્યાન રાખે, જેથી આવા નરાધમ પાડોશી પિશાચથી બાળકીઓને બચાવી શકાય.

# રાષ્ટ્રીય પ્રાકૃતિક કૃષિ મિશનને મળી મંજૂરી, રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે PMનો માન્યો આભાર

(એજન્સી) ગાંધીનગર | તા.26

ભારતના ખેડૂતો, ભારતની ભૂમિ, ભારતના પર્યાવરણ અને ભારતના નાગરિકોના આરોગ્યના કલ્યાણ માટે ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રાષ્ટ્રીય પ્રાકૃતિક કૃષિ મિશનની ઐતિહાસિક પહેલ કરીને ભારતના સ્વર્ણિમ યુગની શરૂઆત કરી છે.

ભારતના ખેડૂતો કૃષિ ક્ષેત્રને નવી દિશા આપશે

ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે આજે નવી દિલ્હીમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીને મળીને પ્રાકૃતિક કૃષિને મિશન મોડમાં દેશવ્યાપી બનાવવા બદલ તેમનો અંતઃકરણ પૂર્વક આભાર માન્યો હતો. રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે જણાવ્યું હતું કે, આ ઐતિહાસિક પહેલ ભારતના ખેડૂતો અને કૃષિ ક્ષેત્રને નવી દિશા આપશે. આ મહત્ત્વના નિર્ણય માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો હૃદયપૂર્વક આભાર માનતાં તેમણે કહ્યું કે, આ યોજના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના દુરંદેશીભર્યા નેતૃત્વને કારણે જ શક્ય બની છે.



### ■ પ્રાકૃતિક ખેતીને મળશે પ્રોત્સાહન

PM મોદીના નેતૃત્વમાં કેન્દ્રીય મંત્રીમંડળની બેઠકમાં કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રાલય હસ્તક રાષ્ટ્રીય પ્રાકૃતિક કૃષિ મિશનને સ્વતંત્ર કેન્દ્ર પ્રાયોજિત યોજના તરીકે મંજૂરી આપવામાં આવી છે. આ યોજનાથી પ્રાકૃતિક ખેતીને મિશન મોડમાં પ્રોત્સાહન આપવામાં આવશે.

**રૂપિયા 2,481 કરોડનું બજેટ ફાળવવામાં આવ્યું :** આ નિર્ણય અનુસાર પ્રાકૃતિક ખેતીને સમગ્ર દેશમાં અમલી કરવા માટે કુલ રૂપિયા 2,481 કરોડનું બજેટ નિર્ધારિત કરવામાં આવ્યું છે, જેમાંથી રૂપિયા 1,584 કરોડ કેન્દ્ર સરકાર અને રૂપિયા 897 કરોડ રાજ્ય સરકારો દ્વારા ખર્ચ કરવામાં આવશે. આ મિશન અંતર્ગત 10,000 જૈવિક-ઈનપુટ રિસોર્સ સેન્ટર્સની સ્થાપના કરવામાં આવશે, જેથી ખેડૂતોને પ્રાકૃતિક ખેતી માટે જરૂરી સંસાધનો ઉપલબ્ધ થઈ શકે.

## તરલ ભટ્ટનો જેલમાંથી છુટકારો, ATSએ તોડકાંડમાં કરી હતી ધરપકડ

જૂનાગઢ | જૂનાગઢ જેલમાંથી 9 માસ બાદ તરલ ભટ્ટનો છુટકારો થયો છે. સુપ્રીમ કોર્ટમાંથી જામીન મળતા જેલમાંથી તરલ ભટ્ટનો છુટકારો થયો છે. ATSએ તોડકાંડમાં તરલ ભટ્ટની ધરપકડ કરી હતી. બેન્ક એકાઉન્ટને અન ફ્રીઝ કરવા માટે તોડ કર્યો હતો. તમને જણાવી દઈએ કે તોડકાંડમાં માણાવદરના સીપીઆઈ તરલ ભટ્ટ જૂનાગઢ જેલમાં હતા. બેન્ક એકાઉન્ટને અન ફ્રીઝ કરવાના નામે કરોડોનો રૂપિયાનો તોડ કરવાનો આક્ષેપ તરલ ભટ્ટ પર લાગ્યો હતો. ત્યારે આ કેસની તપાસ એટીએસ દ્વારા કરવામાં આવી રહી હતી અને ગત 26મી જાન્યુઆરીએ તરલ ભટ્ટ સહિતનાઓ સામે ગુનો દાખલ થયો હતો. ત્યારે આજે તરલ ભટ્ટ જેલમાંથી બહાર નીકળીને તરત જ દોડીને ગાડીમાં બેસી ગયા. ફેબ્રુઆરીમાં તરલ ભટ્ટની એટીએસ દ્વારા ધરપકડ કરવામાં આવી હતી.



### અકસ્માતના ડેમો સાથે જાગૃતિ

## VNSGUમાં વિદ્યાર્થીઓ - સ્ટાફને હેલ્મેટ પહેરાવવા બે હાથ જોડ્યા

(એજન્સી) સુરત | તા.26


રાજ્યના DGPએ ગુજરાતની તમામ યુનિવર્સિટીના કુલપતિઓને પરિપત્ર કરી બાઈકચાલકો માટે હેલ્મેટ પહેરવાનું ફરજિયાત કર્યું છે. આમ છતાં અનેક યુનિવર્સિટીઓમાં હેલ્મેટના નિયમનો સરેઆમ ભંગ થઈ રહ્યો છે. આજરોજ(26 નવેમ્બર) સુરતની વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી (VNSGU)માં ખાસ અકસ્માતનો ડેમો તૈયાર કરી વિદ્યાર્થીઓ અને સ્ટાફને ફરજિયાત હેલ્મેટ પહેરવા અપીલ કરવામાં આવી હતી. આ સાથે જ તમામને બે હાથ જોડી ફરજિયાત હેલ્મેટ પહેરવા અપીલ કરાઈ હતી. તો નિયમનું પાલન કરનારને ગીતા આપી તાળી વગાડી સ્વાગત કરવામાં આવ્યું હતું. આવી જ રીતે રાજકોટની સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં પણ વિદ્યાર્થીઓ અને સ્ટાફ હેલ્મેટ વગર આવતા નજરે પડ્યાં હતાં. આ મામલે કાર્યકારી કુલપતિ ડૉ. કમલસિંહ ડોડીયાએ જણાવ્યું હતું કે, શરૂઆતમાં પ્રેમથી અને બાદમાં કડકાઈથી અમલ કરાવાશે.

### બે હાથ જોડી સ્ટાફ-વિદ્યાર્થીને હેલ્મેટ પહેરવા અપીલ

યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર કિશોરસિંહ ચાવડાએ પોતાના વિદ્યાર્થીઓ અને સ્ટાફને આ નિયમનું પાલન કરાવવા માટે હાથ જોડીને તો ક્યારેક ભાગવત ગીતા આપી હેલ્મેટ પહેરવા અનુરોધ કર્યો હતો. તો હેલ્મેટ પહેરીને આવતા વિદ્યાર્થીઓને રજિસ્ટ્રાર રમેશ ગઢવીએ તાળી વગાડી પ્રોત્સાહન આપ્યું હતું.

## ગુજરાતમાં વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના લીધે અચાનક ઠંડીના ચમકારામાં થઈ શકે

અમદાવાદ | હવામાન વિભાગ દ્વારા આગામી સમયમાં હવામાનની કેવી સ્થિતિ રહી શકે છે તે અંગે આગાહી કરવામાં આવી છે. જેમાં હવામાન વિભાગે વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસરની પણ વાત કરી છે. અમદાવાદમાં પાછલા 24 કલાકમાં લઘુત્તમ તાપમાન 15.9 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું છે, જ્યારે ગાંધીનગરનું લઘુત્તમ તાપમાન 15.3 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું છે. રાજ્યમાં સૌથી નીચું લઘુત્તમ તપમાન નલિયા અને વડોદરામાં 13.8 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું છે. તેમણે આગળ જણાવ્યું કે, રાજ્યમાં આગામી ત્રણ દિવસો દરમિયાન તાપમાનમાં કોઈ મોટા ફેરફારોની શક્યતાઓ નથી. આ પછી કેટલાક સેન્ટરો પર 1થી 2 ડિગ્રીનો ઘટાડો જોવા મળી શકે છે. જોકે, ફરી પાછું તાપમાન સામાન્ય થઈ જશે. હાલ રાજ્યમાં પૂર્વથી પશ્ચિમ તરફના પવનો આવી રહ્યા છે.



### શાળા સંચાલકોએ લખ્યો શિક્ષણમંત્રીને પત્ર

## અમદાવાદના શાળા સંચાલકો સરકાર સામે નારાજગી વ્યક્ત કરી



### ■ ફી વધારાને લઈ FRC દ્વારા માંગવામાં આવતા ડોક્યુમેન્ટ્સને લઈને શાળા સંચાલકો નારાજ

(એજન્સી) અમદાવાદ | તા.26

અમદાવાદમાં શાળાઓમાં ફી વધારાને લઈ FRC દ્વારા માંગવામાં આવતા ડોક્યુમેન્ટ્સને લઈને શાળા સંચાલકોએ નારાજગી વ્યક્ત કરી છે. જેને લઈને ગુજરાત શાળા સંચાલક મંડળે શિક્ષણમંત્રીને પત્ર લખ્યો છે. તેમનો આક્ષેપ છે કે જુદી જુદી જાતના બિનજરૂરી ડોક્યુમેન્ટ્સ માંગી પ્રક્રિયામાં વિલંબ કરવામાં આવે છે.

રાજ્યમાં ચાર ઝોનમાં જુદા જુદા ડોક્યુમેન્ટ્સ માંગવામાં આવે છે જેને કારણે સંચાલકો મુંઝવણમાં મુકાય છે અને પ્રક્રિયામાં વિલંબ આવે છે. અત્યાર સુધી 11 ચેકલીસ્ટમાં 200 પેજના ડોક્યુમેન્ટ્સ માંગવામાં આવતા હોવાની રજૂઆત કરવામાં આવી.આ ડોક્યુમેન્ટ્સમાં હાલ ગયા વર્ષનો ફીનો હુકમ, ગયા વર્ષનો ઓડિટ CA મેમો, ચાલુ વર્ષનું શાળાનું બજેટ અને ફાયર NOC ડોક્યુમેન્ટ ફરજીયાત કરવા રજૂઆત કરવામાં આવી.

દેશ અને દુનિયાના રોજ બરોજના સચોટ સમાચારો માટે અમારી વેબસાઇટ www.ahmedabadexpress.com ની મુલાકાત લો...